આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૦૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

### વાસદાના ધારાસભ્યની આગેવાની હેઠળ

## ફલધરા ગામે ફ્રેન્ડ કોરિડોરના વિરોધમાં ખેડૂતોની વિશાળ બેઠક મળી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૮ :** વાંસદાના ધારાસભ્યની ઉપસ્થિતિમાં આજરોજ વલસાડના ફલધરા ગામે ફ્રેન્ડ કોરિડોર પ્રોજેક્ટનાં મામલે વલસાડના ખેડૂતો ભેગા થઈ ભારે વિરોધ કર્યો હતો. આ મીટીંગનું આયોજન ખેડૂત ભાઈઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

વાંસદાના ધારાસભ્ય અનંત પટેલની ખાસ ઉપસ્થિતિમાં વલસાડના ફલધરા ગામે ફ્રેન્ડ કોરિડોર પ્રોજેકટના વિરોધમાં મિટિંગનું આયોજન ખેડૂત ભાઈઓ દ્વારા કરવામાં આવ્યુ હતું. જે ખેડૂતોની મિટિંગમાં 'જાન આપીશું જમીન નહીં'ના નારા સાથે ફ્રેન્ડ કોરિડોર પ્રોજેક્ટનો વિરોધ કરવામાં આવ્યો હતો. આ ફ્રેન્ડ કોરિડોર પ્રોજેક્ટ પણ આદિવાસી વિસ્તારના અનેક ગામોમાંથી પસાર થઈ રહ્યો હોય પરંતુ તમામ એ એક જૂથ થઈને આ પ્રોજેક્ટ કોઈ પણ ભોગે જોઈતો નથી. ફ્રેન્ડ કોરિડોર પ્રોજેક્ટ આદિવાસી સમાજને જળ, જંગલ, જમીનને નુકસાન કરતા છે. જેથી આ પ્રોજેક્ટને એક જૂથ થઈ આ પ્રોજેક્ટ કોઈપણ ભોગે જોઈતો નથી. જ્યાં ફ્રેન્ડ કોરિડોર પ્રોજેક્ટ વિરોધી સંઘર્ષ સમિતિ, માજી જિલ્લા પંચાયતના સભ્યઓ, તાલુકા પંચાયત સભ્યો, સરપંચ અને મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ અને શુભચિંતકો હાજર રહ્યા હતાં.

## પારડીમાં દોઢ દિવસની ૨૫૦થી વધુ શ્રીજીનું વિસર્જન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા.૦૮ :** પારડીના જુદા જુદા વિસ્તારોમાં ભક્તોએ પોતાના નિવાસ્થાનોમાં અને સોસાયટીઓમાં સ્થાપિત કરેલ શ્રી ગણેશ ભગવાનની અઢીસોથી વધુ પ્રતિમાઓનું પાર નદીમાં વિસર્જન કરાયું હતું. પારડીના ચંદ્રપુર પાસે આવેલ પાર નદીમાં ચંદ્રપુરના માંગેલા લાઈફ સેવર ટ્રસ્ટના યુવાનો બપોરે બે વાગ્યાથી પારડી પંથકમાં આવેલ સોસાયટીઓમાં અને ઘરોમાં ભક્તોએ સ્થાપિત કરેલ શ્રી ગણેશ ભગવાનની પ્રતિમાઓ ભક્તો પોતાના વાહનોમાં વાજતે ગાજતે લઈ આવ્યા હતાં અને પાર નદીમાં પહોંચી બાપાની આરતી, ભજન ગાયા હતાં અને બાદમાં પ્રતિમાને વિસર્જન કરવા માટે સુપ્રત કરવામાં આવી હતી. જો કે પાર નદીના કિનારે વરસાદના કારણે રસ્તાનો ધોવાણ થયા બાદ રસ્તો ખરાબ રહેતા વિસર્જન કરવા આવનારા ભક્તોને મુશ્કેલી સર્જાઇ હતી. પાલિકાના કર્મચારીઓ જીસીબી લઈને આવ્યા હતાં અને રસ્તા બનાવવાની કામગીરી હાથ ધરી હતી. પારડી પોલીસ મથકના પીઆઈ જી.આર. ગઢવીની ટીમ અને નગરપાલિકાના ફાયર વિભાગ આરોગ્ય વિભાગ સહિતની ટીમ ઉપસ્થિત રહી વિસર્જનને સફળ બનાવ્યો હતો.

## વાપી જીઆઈડીસી મુક્તિધામ પાસે વિસર્જનકાર્ય પર પ્રતિબંધ મુકાયો

### અહી વિકાસના થતા કામોને કારણે ગણેશ વિસર્જન કરવા આવતા ભક્તોને મુશ્કેલી ન થાય જેને ધ્યાને લઈ વહીવટી તંત્રએ નામધા, હરિયા પાર્ક અને રાતાની નદીમાં વ્યવસ્થા કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૦૮ :** વાપીના દમણગંગા નદી કિનારે આવેલ વિયર ડેમ નજીક દર વર્ષે શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરવા માટેનું સ્થળ હતું પરંતુ આ વર્ષે અહીં વરસાદી પાણીના નિકાલ માટેની કેનાલનું ચાલી રહેલું કામકાજને લઈ જાહેરનામું બહાર પાડી વિસર્જન પર પ્રતિબંધ રાખવામાં આવ્યું છે. જ્યારે અહીં વિસર્જન કરવા માટે આવતા ગણેશ મંડળના આયોજકોને વહીવટી તંત્ર દ્વારા ચંડોર ગામે આવેલ દમણગંગા નદી પરના રેલવે બ્રિજ પાસે તેમજ નામધા ગામે આવેલ શ્રી ગુપ્તેશ્વર મહાદેવ મંદિરની પાછળથી પસાર થતી દમણગંગા નદીમાં શ્રીજીનું વિસર્જન કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. તો સાથે સાથે વાપી જીઆઈડીસી અને અન્ય વિસ્તારો માટે રાતા ખાડી, લવાછાના રામેશ્વર મહાદેવ મંદિર પાછળના ભાગેથી પસાર થતી દમણગંગા નદીમાં તેમજ ગણેશ મંડળના આયોજકો પોતપોતાની સોસાયટીમાં કૃત્રિમ તળાવ બનાવી તેમાં શ્રીજીનું વિસર્જન કરવાની સૂચના આપવામાં આવી છે. તો મોટા મંડળો દ્વારા દમણના જમ્પર બ્રિજ, જેટી, તથા અન્ય બે સ્થળ મળી કુલ ચાર સ્થળે ગણેશ વિસર્જન કરી શકશે જ્યાં વિસર્જન કરવાની સૂચના અપાય છે.

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com







# પ્રથમ માસિક પુણ્યતિથિ







## Meghji Mavji Joisher
### (Shankarbhai Bhanushali)

DOB:02/10/1952 Remembrance Day: 08/08/2024

MADHUR PLASTIC PVT. LTD. DAMAN
Mo. No. 982 44444 93

MANGALAM PLASTIC INDUSTRIES - VAPI
Mo.No. 882 82900 92

: પિતા :

થાક ઘણો હતો ચહેરા પર પણ, અમારી ખુશી માટે અનહદ પરીશ્રમ કરતા જોયા છે.
આંખમાં ઉંઘ હતી ઘણી છતાં પણ, ચિંતામાં જાગતા જોયા છે.
તકલીફો ચારે બાજુથી હતી પણ, હિંમત હાર્યા વગર એકલા હાથે લડતા જોયા છે.
કોઈને તકલીફ વર્ણવતા ન હતા, પણ અડધી રાતે ખુલી આંખે, અમારા ભવિષ્યનાં સપના સજાવતા જોયા છે.
પાઈ પાઈ ભેગી કરી અમારી ખુશી ખરીદતા જોયા છે, એ ખુશી માટે પોતાના શમણાંઓને રોળતા જોયા છે.
પોતાની પસંદગીને નાપસંદ કરી, અમારી પસંદગીને અપનાવતા જોયા છે.
વ્યક્તિ એક હતા પણ વિશેષતાઓ અનેક હતી, પિતા સ્વરૂપે સર્જનહારને જોયા છે.

🙏 સમસ્ત માવજીભાઈ ખટાઉ જોઈસર પરિવારના હરિઓમ 🙏

# અન્ય સમાચારો

Monday 09, September 2024

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


દેવસરના ગણરાજ


દેવસરના રાજા (બીલીમોરા)


મન્નત કા રાજા, દેવસર (બીલીમોરા)


બીલીમોરા ચિંતામણી, વખાર ફળિયા, અગીયારી સ્ટ્રીટ



વાત્સવ પાર્ક ગણેશ મહોત્સવ, રોફેલ કોલેજ રોડ, વાપી

## ચીખલી સહિત આજુબાજુના ગામો મળી કુલ ૪૦૦ થી વધુ ગણેશજીની સ્થાપના થઇ

**(દમણગંગા ટાઇમ્સ પ્રતિનિધિ)**

**ચીખલીતા.૮:** ચીખલી પંથક સહિત આજુબાજુના ગામોમાં ગણેશ ભક્તો દ્વારા વાજતે ગાજતે શ્રીજીની સ્થાપના કરી છે દર વર્ષે ચીખલી તાલુકામાં ગણેશ ભક્તો દ્વારા મોટા કદની પ્રતિમાઓનું સ્થાપન કરતા હોય ત્યારે આ વર્ષે નાના મોટા મળી કુલ ૪૦૦થી વધુ જેટલી શ્રીજીની મૂર્તિઓનું સ્થાપન કરવામાં આવ્યું છે.

ચીખલી તાલુકામાં ધાર્મિક તહેવારોની ઉજવણી ભારે ધામધૂમ પૂર્વક કરવામાં આવતી હોય છે ત્યારે આ વર્ષે ગણેશ ભક્તો દ્વારા ગણપતિ બાપાની સ્થાપના વાજતે ગાજતે કરવામાં આવી છે દસ દિવસ સુધી ગણપતિ બાપા ની પૂજા અર્ચના કર્યા બાદ કાવેરી નદીના કિનારે તથા ખરેરા નદીના કિનારે તેમજ કેટલીક જગ્યાએ તળાવમાં શ્રીજીની મૂર્તિઓનો વિસર્જન કરવામાં આવતું હોય છે ત્યારે આ વર્ષે ચીખલી તાલુકામાં ૪૦૦થી વધુ જેટલી શ્રીજીની પ્રતિમાઓનું સ્થાપન કરવામાં આવ્યું છે જેની નોંધ ચીખલી પોલીસ મથકમાં ગણેશ ભક્તો દ્વારા કરવામાં આવી છે.

## સુબીરની એક મહિલાને પતિ દ્વારા મારઝૂડ કરતા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમે પાઠ ભણાવ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા,તા.૦૮:** ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં નજીકનાં એક ગામની મહિલાને પતિ દ્વારા અવારનવાર મારઝુડ કરવામાં આવતી હતી.તેમજ પતિ દ્વારા ઘરની વસ્તુઓ વેચી દેતા વ્યસન કરેલ પતિનાં ત્રાસથી કંટાળેલી પત્નીએ ૧૮૧ મહિલા અભયમ ટીમનો સંપર્ક કર્યો હતો. જેથી ૧૮૧ મહિલા અભયમની ટીમ દ્વારા કાઉન્સિલિંગ કરી સલાહ - સૂચન આપી ને પતિ પત્ની વચ્ચે સુખદ્ સમાધાન કરાવ્યુ હતુ.મળતી માહિતી મુજબ સુબીર તાલુકાનાં નજીકનાં ગામમાં રહેતી એક પીડિત પરણીતાને પતિ દ્વારા વારે ઘડીએ વ્યસન નશાની હાલતમાં મારઝુડ કરી ઘરમાં તોડફોડ કરતા આખરે પત્ની કંટાળી ગઈ હતી.ત્યારે મહિલાએ આખરે ૧૮૧ મહિલા અભયમ હેલ્પ લાઈનમાં ફોન કરી પતિ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી હતી.જેથી ફોન મળતાની સાથે તુરંત જ ૧૮૧ ટીમનાં નેહા મકવાણા , મંગળાબહેન તેમજ પાઈલોટ ચંદ્રકાંત ભાઈની ટીમ ઘટના સ્થળ પર પોહચી હતી. અહી પીડત મહિલાનું કાઉન્સિલિંગ કર્યા બાદ જાણવા મળ્યુ હતુ કે તેઓના પતિ કોઈ જ કામ ધંધો કરતા નથી તેમજ ઘરની કોઈ જ જવાબદારી લેતા નથી અને પાંચ વર્ષનાં લગ્ન જીવનમાં બે બાળકો છે.જેઓ પતિનાં આવા વ્યવહારથી બાળકો પતિ પાસે જતા નથી. ઘરે આવે ત્યારે રોજ દારૂનાં વ્યસનનો નશો કરીને ઘરે આવે છે. તેમજ પત્ની સાથે ખરાબ વર્તન વ્યવહાર કરીને તેની સાથે મારઝૂડ કરતા હતા.તેમજ પીડિત મહિલા જણાવે છે કે તે ક્યારેક વહેમ રાખીને ઝઘડો કરી મારઝુડ કરતા હોવાથી પતિનું કાઉન્સેલિંગ કરીને બાદ ઘરેલુ હિંસા ૨૦૦૫ અધિનિયમ સમજાવતા, દારૂનાં વ્યસનથી થતા નુકશાન તેમજ કાયદાકીય માહિતી આપી ને પતિ પત્નીને સમજાવીને સુખદ સમાધાન કરાવેલ હોવાથી પીડિત મહિલાએ પણ ૧૮૧ ટીમનો ખૂબ જ આભાર વ્યક્ત કર્યો હતો.

### ગણપતિ બાપ્પા મોરયાનાં નાદ સાથે ઠેર ઠેર

## ડાંગ જિલ્લામાં ગણેશજીની પ્રતિમાઓની વિધિપૂર્વક સ્થાપના કરવામાં આવી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા,તા.૦૮:** સમગ્ર ડાંગ જિલ્લામાં વિઘ્નહર્તા ગણપતિ બાપ્પાના પર્વ ગણેશોત્સવ નિમિત્તે ઠેર ઠેર ગણેશ પંડાલોમાં ભગવાનની મૂર્તિ બિરાજમાન કરવામાં આવી હતી. ત્યારે સમગ્ર પંથકમાં બાપ્પા મોરયાનાં નાદ સાથે વાતાવરણ ભક્તિમય બની જવા પામ્યુ હતુ. ગણપતિ બાપાની પૂજા અર્ચના કરવાનો તહેવાર અને આપણી અંદર છુપાયેલા ગણેશ તત્વને જાગૃત કરવાનો તહેવાર એટલે ગણેશોત્સવ ભાદરવા સુદ ચોથથી અનંત ચૌદસ સુધી ઉજવાય છે. ત્યારે ભાદરવા સુદ ચોથના દિવસે ગણેશોત્સવના પ્રારંભથી ડાંગ જિલ્લાનાં આહવા, વઘઈ, સુબીર, ગીરીમથક સાપુતારા સહિત જિલ્લા ના ૩૧૧ ગામડાઓમાં સવારથી જ ગણેશોત્સવને લઈ ભકતોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ગામડા તેમજ નગર વિસ્તારમાં ડી.જે.અને ઢોલ નગારાનાં તાલે ગુલાલની છોળો ઉડાડવાની સાથે ફટાકડા ફોડી શ્રીજીની પ્રતિમાઓને સ્થાપના સ્થળ સુધી લઈ જવાતા સમગ્ર વનપ્રદેશનું વાતાવરણ ગણપતી બાપ્પા મોરિયાના નાદ સાથે ગુંજી ઉઠયુ હતું. આદિવાસી યુવક મંડળો દ્વારા ભકિતભાવ પુર્વક પુજા અર્ચના કરી શાસ્ત્રોક્ત વિધી મુજબ શ્રીજીની અવનવી પ્રતિમાઓનુ સ્થાપન કરવામાં આવ્યુ હતુ. ડાંગ જિલ્લામાં ગણેશોત્સવ પર્વનો ધામધુમથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઉલેખનીય છે કે, અંતરિયાળ વિસ્તારના ગામડાઓમાં પણ ભકતજનો દ્વારા સાદગી પુર્વક પુજા અર્ચના કરી શ્રીજીની પ્રતિમાઓનુ સ્થાપન કરી ગણેશોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.તેમજ અનેક ભાવિક ભક્તોએ પોતપોતાના ઘરે પણ શુભ મુહૂર્તમાં ગણેશજીની મૂર્તિની સ્થાપના કરી હતી. અને ભગવાન ગણેશજીની મૂર્તિની વિધિપૂર્વક સ્થાપના કરવામાં આવી હતી.આમ સમગ્ર ડાંગ જિલ્લામાં ગણેશોત્સવનો ભક્તિ ભાવપૂર્વક પ્રારંભ કરવામાં આવ્યો હતો..




### વટારની વાપી પબ્લિક સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી

**વાપી,તા.૦૮:** વટારની વાપી પબ્લિક સ્કૂલ, વટારમાં શિક્ષક દિનની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓએ શિક્ષકો બનીને ઉત્સાહભેર શિક્ષણકાર્ય કર્યું હતું અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓએ શિક્ષકો માટે મનોરંજક કાર્યક્રમો રજુ કર્યા હતા. જેમા પ્રાર્થના, નૃત્ય, મધુર ગીતો સાથે અલગ અલગ રમતો નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમના અંતે ડાયરેક્ટર ડૉ. અલ્પા એસ. કોટડિયાએ શિક્ષક દિનનું મહત્વ સ્પષ્ટ કરી વિદ્યાર્થીઓના આ સુંદર કાર્યક્રમને વખાણ્યો હતો. શાળાના શિક્ષકોના માર્ગદર્શનથી કાર્યક્રમ યાદગાર બની ગયો હતો.

## ઉમરગામ કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૦૮:** નવનિર્માણ કેળવણી મંડળ સંચાલિત સુરેશ મેહતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ ઉમરગામમાં ૫ સપ્ટેમ્બર નિમિત્તે શિક્ષક દિનની ખુબ જ ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. તેમજ રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય અને અધ્યાપકોએ ડૉ. સર્વપલ્લી




રાધાકૃષ્ણના જીવન ચરિત્ર અને શિક્ષકનું આપણા જીવનમાં કેટલું મહત્વ છે તે અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. આ સફળ કાર્યક્રમ બદલ કોલેજના ઈ. આચાર્ય વૈષ્ણવી ગાવીત અને કેમ્પસના સેક્રેટરી સુકેતુભાઈ મેહતાએ આભાર વ્યક્ત કર્યો હતો.

## ધરમપુર માટે વધુ એક બસ દોડાવવા ધારાસભ્યની રજૂઆત

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર,તા.૦૮:** બે દિવસ પહેલા વલસાડ ડેપો થી ધરમપુર તરફ જવા માટેની બસ ત્રણ કલાક સુધી ન મુકાતા રોજિંદા અપ ડાઉન કરનારા નોકરીયાત વર્ગ શાળા કોલેજ જનારા વિદ્યાર્થીઓ શાકભાજી વેચાણ માટે જનારી મહિલાઓ દ્વારા વલસાડ ડેપો ખાતે ભારે હંગામો મચાવ્યો હતો. ત્યારબાદ ડેપો મેનેજર આવી પહોંચી વલસાડ થી ધરમપુર બસ નિયમિત મુકવા અંગેની ખાતરી આપી હતી ઉપરોક્ત વલસાડ ધરમપુરની બસ અનિયમિતતાને લઇ ધારાસભ્ય અરવિંદભાઈ પટેલને આ બાબતની જાણ થતા તેમના લેટરપેડથી વલસાડ વિભાગ નિયામકને ઉપરોક્ત સમસ્યાનુ નિરાકારણ લાવવા વલસાડ થી ધરમપુર આવવા માટે બે બસ એક્સ્ટ્રા તેમજ ધરમપુર વલસાડ જવા માટે એક બસ એક્સ્ટ્રા તાત્કાલિક ફાળવવા લેખિત રજૂઆતમા સુચન કરાયુ છે.




## દમણ રેડિયો 102.3 FM

### સોમવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૬.૫૫ સંસ્કૃતમાં સમાચાર અને ૭.૦૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરાથી), ૭.૧૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ શ્રી રામ ચરીત માણસ ગાન, ૭.૧૫ સુગમ સંગીત અને વાર્તાલાપ (દમણથી), ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૮.૩૦ - શ્રવણ માધુરી (દમણથી), ૯.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- (અમદાવાદ-વડોદરા પરથી કાર્યક્રમો), ૦૧.૦૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** (દમણથી)૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૬.૫૫ પ્રાદેશિક સમાચાર, ૭.૧૦ - હિન્દી સમાચાર (દિલ્હીથી), ૭.૨૦ - દમણથી કિસાનવાણી, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - સમાચાર સંધ્યા દિલ્હીથી, ૮.૩૦ વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો, ૧૧.૦૦ હિન્દી સમાચાર ૧૧.૧૦ અંગ્રેજી સમાચાર (દિલ્હીથી) ૧૧.૨૦ સભા સમાપન

## શિવમહાપુરાણ અનુસાર ભગવાન ગણેશની ઉત્પત્તિ કથા

શિવમહાપુરાણની રૂદ્રસંહિતામાં કલ્પભેદથી ગણેશજીનો જન્મ બ્રહ્માજી પહેલાં બતાવ્યો છે.એક સમયે શનિની દ્રષ્ટિ પડવાથી તેમનું મસ્તક કપાઇ ગયું હતું અને તેના ઉપર હાથીનું મસ્તક જોડવામાં આવ્યું હતું. હવે શ્વેતકલ્પમાં જેવી રીતે ગણેશજીનો જન્મ થયો હતો અને કૃપાળુ ભગવાન શિવજી દ્વારા તેમનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો તેની કથા જોઇએ..

ભગવાન શંકર સૃષ્ટિકર્તા અને તમામના સ્વામી છે. શિવ સગુણ હોવા છતાં નિર્ગુણ છે. તેમની લીલાથી જ આ વિશ્વનું સર્જન-પાલન અને સંહાર થાય છે. શિવજીના વિવાહ પછી કૈલાશ ગયાના કેટલાક સમય પછી ગણેશજીનો જન્મ થયો હતો. એક સમયે માતા પાર્વતી પોતાની સખીઓ જયા અને વિજ્યા સાથે ચર્ચા વિચારણા કરતાં હતાં કે શિવની આજ્ઞામાં રહેનાર નંદી-ભૃંગી વગેરે અનેક પ્રમથગણ છે પરંતુ સ્વતંત્રરૂપમાં અમારા કોઇ ગણ નથી તેથી આપ અમારા સ્વતંત્ર ગણની રચના કરો.

એકવાર પાર્વતીજી સ્નાન કરી રહ્યાં હતાં તે સમયે પોતાના શરીરના મેલથી સર્વલક્ષણ સંપન્ન,સુંદર અંગવાળા, વિશાળ, સર્વશોભાસંપન્ન, મહાબળવાન અને પરાક્રમી પુરૂષનું નિર્માણ કર્યું. પાર્વતીજીએ તેમને ઉત્તમ વસ્ત્ર,અનેક પ્રકારના અલંકાર તથા અનેક ઉત્તમ આર્શિવાદ આપીને કહ્યું કે તમે મારા પૂત્ર છો ત્યારે ગણેશજીએ નમસ્કાર કરીને કહ્યું કે મારે આપનું શું કાર્ય કરવાનું છે? માતા પાર્વતીજીએ કહ્યું કે આજથી તમે મારા દ્વારપાળ છો અને તમારા સિવાય મારૂં બીજું કોઇ નથી.મારી આજ્ઞા વિના અંદર કોઇ આવી ના શકે તે જોવાનું છે તેમ કહીને તેમના હાથમાં એક લાઠી આપે છે.

એક સમયે પાર્વતીજી તેમની સખીઓ સાથે સ્નાન કરી રહ્યાં હતાં તે સમયે પરમ કૌતુકી અને અનેક પ્રકારની લીલાઓ કરવામાં પ્રવિણ શિવજી દ્વાર ઉપર આવે છે.ગણેશજી શિવજીને ઓળખતા ના હોવાથી કહે છે કે હે દેવ ! તમે મારી માતાની આજ્ઞા વિના અંદર પ્રવેશ કરી શકતા નથી.તેમને જોઇને શિવજી કહે છે કે હે મૂર્ખ ! તૂં કોને રોકી રહ્યો છે? તૂં મને જાણતો નથી હું પાર્વતીનો પતિ શિવ છું અને હું મારા ઘેર આવ્યો છું આમ કહી જેવા ઘરમાં પ્રવેશ કરવા જાય છે ત્યારે ગણેશજીએ લાઠીથી શિવજી ઉપર પ્રહાર કર્યો ત્યારે અત્યંત કોપાયમાન થઇને શિવજીએ પોતાના ગણોને કહ્યું કે તપાસ કરો કે આ કોન છે? આમ કહી શિવજી એક કોસ દૂર જઇ એક શિલા ઉપર બેસી ગયા.શિવગણોએ ક્રોધિત થઇને ગણેશજીને કહ્યું કે તમે કોન છો? ક્યાંથી આવ્યા છો? જો જીવવાની ઇચ્છા હોય તો અહીથી ચાલ્યા જાઓ. ત્યારે ગણેશ્વરે કહ્યું કે હું પાર્વતીપૂત્ર છું અને માતાની આજ્ઞાનું પાલન કરી રહ્યો છું.

શિવગણોએ કોપાયમાન થઇને કહ્યું કે અમે બધા શિવજીના શ્રેષ્ઠ ગણો અહીના દ્વારપાળો છીએ અને ભગવાન શિવની આજ્ઞાથી તમોને અહીથી હટાવવા આવ્યા છીએ.ઘણા જ વાદ-વિવાદના અંતે ગણેશજીએ ગણો ઉપર હુમલો કરીને ભગાડી મુકે છે. પાર્વતીજી કોલાહલ સાંભળીને સખીઓને કહે છે કે દ્વાર ઉપર તપાસ કરો કે આ શેનો કોલાહલ થઇ રહ્યો છે. સખીઓએ તપાસ કરીને વિગતવાર વૃતાંત પાર્વતીજીને આપ્યો કે અમારા ગણને શિવજીના વીર ગણ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે.

શિવગણોએ તમામ વૃતાંત શિવજીએ કહ્યું ત્યારે શિવજીએ કહ્યું કે યુદ્ધ કરવું ઉચિત નથી કારણકે તમે મારા ગણ છો અને તે બાળક પાર્વતીનો ગણ છે. જે આપણી સાથે જેવો વ્યવહાર કરે તેવો જ વર્તાવ તેની સાથે કરવો જોઇએ-આ નીતિ સર્વશ્રેષ્ઠ છે. આ એકલું બાળક શું પરાક્રમ કરશે? તેની સાથે યુદ્ધ કરો.

શિવજીની આજ્ઞાની તમામ શિવગણ ગણેશજી સાથે યુદ્ધ કરવા આવે છે.સૌથી પહેલાં નંદી આવીને ગણેશનો એક પગ ખેંચે છે. ભૃંગી આવીને બીજો પગ ખેંચે છે. ગણેશજી પ્રહાર કરીને પગ છોડાવે છે. ગણેશજી તમામ શિવગણો ઉપર તૂટી પડે છે અને બધાને ઘાયલ કરે છે.ગભરાયેલા ગણો શિવજી પાસે જાય છે.આ સમયે નારદજીથી પ્રેરીત થઇને ભગવાન વિષ્ણુ અને ઇન્દ્ર સહિત તમામ દેવતાઓ ત્યાં આવે છે અને શિવજીને કહે છે કે આપ પરબ્રહ્મ સર્વેશ છો અને અમે તમામ તમારા સેવકો



છીએ.આપ સૃષ્ટિના કર્તા-ભર્તા અને સંહર્તા પરમેશ્વર છો. હે પ્રભુ ! અત્યારે આપે કંઇ લીલાનો પ્રારંભ કર્યો છે તે અમોને કહો.

બ્રહ્માજી કહે છે કે શિવજીએ મને કહ્યું કે મારા દ્વાર ઉપર એક મહાબલી બાળક લાઠી લઇને ઉભો છે અને અમોને અંદર જતાં રોકે છે.તેને મારા પાર્ષદોને મારીને પરાજીત કર્યા છે.આપ ત્યાં જાઓ અને તેમને પ્રસન્ન કરો.શિવજીના આ વચન સાંભળીને અજ્ઞાનથી મોહિત થયેલો હું તમામ ઋષિઓને લઇને તે બાળક પાસે ગયો. મહાબલી ગણેશજી મને આવતો જોઇને ક્રોધમાં આવી મારી દાઢી ઉપાડવા લાગ્યા. મેં ક્ષમા માંગીને કહ્યું કે હું યુદ્ધ કરવા નહી પરંતુ શાંતિ માટે આવ્યો છું. આ ઘટના પછી લીલા વિશારદ શિવજી ક્રોધ કરીને ઇન્દ્ર વગેરે દેવગણો, કાર્તિકેય વગેરે મુખ્ય ગણો, ભૂત-પ્રેત પિશાચોને ગણેશજીને મારવા માટે મોકલે છે ત્યારે તમામે ગણેશજી ઉપર પ્રહાર કરવા લાગ્યા જેનાથી ચરાચર સહિત ત્રિલોકમાં હાહાકાર મચી જાય છે.

**પ્રાસંગિક**

આ સમયે જ્ઞાનદાયિની દેવી જગદંબાએ ક્રોધમાં આવીને પોતાના ગણની સહાયતા માટે બે શક્તિઓ નિર્માણ કરી. જેમાં એક પ્રચંડરૂપ ધારણ કરીને કાળા પહાળની ગુફા સમાન મુખ ફેલાવીને ઉભી રહી ગઇ અને બીજી વિજળી સમાન રૂપ ધારણ કરનારી,ઘણા હાથોવાળી ભયંકર મહાદેવી હતી.આ બંન્ને શક્તિઓએ દેવતાઓ દ્વારા છોડવામાં આવેલ અસ્ત્રો પોતાના મુખમાં સમાવી લીધા.તે સમયે અપ્સરાઓ,નારદ અને ઋષિઓ મહાન યુદ્ધ જોવા આવે છે. તમામ દેવતાઓ અને શિવગણોની હાર થતાં શિવઆજ્ઞાથી ભગવાન વિષ્ણુ દેવગણોને લઇને યુદ્ધ કરવા જાય છે. તે સમયે મહાશક્તિના પૂત્ર ગણેશે લાઠીથી ભગવાન વિષ્ણુ ઉપર પ્રહાર કર્યો. ભગવાન વિષ્ણુએ શિવજીને કહ્યું કે આ બાળકને છળ કર્યા વિના મારી શકાશે નહી એટલે હું તેને મોહિત કરૂં છું અને તમે તેનો વધ કરો.વિષ્ણુએ આવું કર્યું એટલે બંન્ને શક્તિઓ પોતાની શક્તિ ગણેશને અર્પણ કરીને અદ્રશ્ય થઇ ગઇ.તે સમયે શિવે પોતાનું પિનાક ધનુષ્ય ઉઠાવીને બાળકનું મસ્તક કાપી નાખ્યું.

શિવજીએ ગણેશનો શિરચ્છેદ કરી નાખ્યો તે જાણીને દુ:ખી ગિરિજાદેવી અત્યંત ક્રોધિત થઇને કરોડો શક્તિઓને ઉત્પન્ન કરીને કહે છે કે હે દેવીઓ ! તમે મારી આજ્ઞાથી પ્રલય લાવી દો.દેવતા ઋષિ યક્ષ રાક્ષસ અને જગતની તમામ પ્રજાને ખાઇ જાઓ.ચારે તરફ જેમ અગ્નિ ઘાસના તણખલાનો સંહાર કરે તેમ શક્તિઓ સંહાર કરવા લાગી.આ સંહાર જોઇને હરિ-હર બ્રહ્મા અને તમામ દેવતાઓ સંદેહ કરે છે કે શું પ્રલય થઇ જશે? હવે તો ગિરિજાદેવી પ્રસન્ન થાય તો જ શાંતિ સંભવ છે.અત્યારે પાર્વતીજી ક્રોધની મૂર્તિ છે એટલે તેમની સામે જવાની કોઇ હિંમત કરતું નથી. તે સમયે દેવગણોને સુખી કરવા નારદજી આવે છે. નારદજી તમામ ઋષિઓને લઇને પાર્વતીજીનો ક્રોધ શાંત કરવા સ્તુતિ કરે છે કે હે અંબે ! આપ આદિ શક્તિ છો,આપ સૃષ્ટિની રચના-પાલન તથા પ્રલય કરનાર શક્તિ છો. આપ શાંત થાઓ, આપના ક્રોધથી સમગ્ર ત્રૈલોક્ય સળગી રહ્યું છે.

નારદજી અને તમામ ઋષિઓની સ્તુતિથી ચંડીકા પ્રસન્ન થઇને કહે છે કે જો મારો પૂત્ર જીવિત થાય અને તમામ દેવતાઓમાં -થમ પૂજ્ય બને, તમામના અધ્યક્ષ બને તો આ સંહાર નહી થાય અને શાંતિ સ્થાપિત થઇ શકશે. નારદ, ઋષિઓ અને દેવતાઓ આ વાત ભગવાન શિવને કહે છે. આ સાંભળીને શિવજી કહે છે કે સંસારના કલ્યાણના માટે અમારે આ કામ કરવાનું છે માટે આપ ઉત્તર દિશામાં જાઓ અને જે સામે મળે તેનું મસ્તક કાપીને ગણેશજીના ઘડ ઉપર જોડી દો.શિવ આજ્ઞા પ્રમાણે દેવતાઓ ઉત્તર દિશામાં જાય છે તો એક દંતવાળો હાથી મળે છે તેનું મસ્તક કાપીને ગણેશના ઘડ ઉપર જોડી દેવામાં આવે છે.બ્રહ્મા વિષ્ણુ વગેરે દેવગણો તથા નિર્ગુણ બ્રહ્મ ઇશ્વર શિવે આર્શિવાદ આપ્યા તથા પોતાનું તેજ તેમાં પ્રવિષ્ટ કર્યું જેનાથી બાળક ચેતનાયુક્ત થઇને જીવિત થાય છે અને તેમને દેવતાઓના ગણાધ્યક્ષ બનાવવામાં આવે છે અને કહે છે કે તમે ભાદરવા સુદ ચોથના દિવસે ચંદ્રોદયકાળમાં ઉત્પન્ન થયા છો અને રાત્રીના પ્રથમ પ્રહરમાં માતા ગિરિજાના ચિત્તથી તમારા રૂપનું આવિર્ભૂત થયું છે એટલે આ દિવસે તમારૂં ઉત્તમ વ્રત કરવામાં આવશે. આ દશ દિવસ મનુષ્ય પ્રસન્નતાપૂર્વક વ્રતનું અનુષ્ઠાન કરશે તમારૂં પૂજન કરશે તેમની તમામ મનોકામના પુરી થશે, સુખ-શાંતિની પ્રાપ્તિ થશે. તમામ વર્ણો અને ખાસ સ્ત્રીઓએ ગણેશપૂજન ખાસ કરવું જોઇએ.

શિવ અને શિવા પોતાના બંન્ને પૂત્રોની બાળલીલા જોઇને પ્રસન્ન થાય છે. સમય જતાં બંન્ને યુવાન થાય છે. એકવાર શિવા અને શિવ એકાંતમાં બેસીને વિચાર કરે છે કે અમારા પૂત્રો વિવાહ યોગ્ય થયા છે તો તેમનો વિવાહ કેવી રીતે કરવો? માતાપિતાના વિચાર જાણીને કાર્તિકેય અને ગણેશ વિવાહ માટે ઉતાવળા થાય છે અને મારૂં લગ્ન પ્રથમ થાય તેવો બંન્ને વચ્ચે વિવાદ થાય છે ત્યારે શિવા અને શિવ કહે છે કે તમારા બંન્નેમાંથી જે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને વહેલો આવશે તેનો વિવાહ પહેલો કરવામાં આવશે. કુમાર કાર્તિકેય પૃથ્વી પ્રદક્ષિણા કરવા નીકળી પડે છે પરંતુ બુદ્ધિમાન ગણેશ પોતાની સદબુદ્ધિથી ચિત્તમાં વારંવાર વિચાર કરીને માતાપિતા પાસે જ રોકાઇ જાય છે અને વિચાર કરે છે કે હું તો એક કોશ પણ ચાલી શકું તેમ નથી તો પૃથ્વીની પરિક્રમા કેવી રીતે કરી શકીશ..?

ગણેશજી સ્નાન કરીને પોતાના માતાપિતાને આસન ઉપર બેસાડી તેમની પૂજા કરીને કહે છે આપ મારો મનોરથ પુરો કરો. આમ કહી ગણેશજીએ તેમની સાતવાર પ્રદિક્ષણા કરીને કહે છે કે માતાપિતાનું પૂજન કરવાથી સમુદ્રપર્યન્ત પૃથ્વીની પરિક્રમા થઇ ગઇ છે આ વાત વેદ-શાસ્ત્ર અને ધર્મગ્રંથોમાં વિદ્યમાન છે.જે માતાપિતાની પૂજા કરીને તેમની પરિક્રમા કરે છે તેને પૃથ્વીની પરિક્રમા કરવાનું ફળ મળે છે. માતાપિતાના ચરણકમળ જ પૂત્ર માટે તીર્થ છે એટલે મારો વિવાહ જલ્દીથી કરાવી દો. ત્યારબાદ ગિરિજા અને મહેશ્વરે આનંદપૂર્વક પ્રજાપતિ વિશ્વરૂપની સર્વાંગ સુંદરી અને દિવ્યરૂપવાળી બે કન્યા સિદ્ધિ અને બુદ્ધિ સાથે ગણેશજીના વિવાહ કરવામાં આવે છે. ગણેશજીની સિદ્ધિ નામની પત્નીથી ક્ષેમ અને બુદ્ધિથી લાભ નામના પૂત્રની ઉત્પત્તિ થાય છે.કુમાર કાર્તિકેય પૃથ્વી પ્રદક્ષિણા કરીને આવે છે અને ગણેશજીના લગ્ન થઇ ગયા છે તે જાણીને નારાજ થઇને ક્રૌંચપર્વત ઉપર ચાલ્યા જાય છે.

**(શિવમહાપુરાણમાંથી..)**

**આલેખન:- વિનોદભાઈ માછી નિરંકારી**




### આજનું પંચાગ

**તા.** ૦૯-૦૯-૨૦૨૪, **વાર:** સોમવાર, **તિથિ:** છઠ્ઠ **વિક્રમ સંવત:** ૨૦૮૦
**સૂર્ય ઉદય:** ૦૬:૦૨ **સૂર્ય અસ્ત :** ૧૮:૩૫ **ચંદ્રરાશિ:** તુલા

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજના દિવસે આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે.

**વૃષભ(બ.વ.ઉ) :** આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો -તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે- શક્ય હો એટલા નિરાંતવા રહેવાનો પ્રયાસ કરો.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો.

**કર્ક(ડ.હ) :** આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે.

**સિંહ(મ.ટ.) :** આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો.. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ .

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો.

**તુલા (ર.ત.) :** આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજના દિવસે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે.

**મકર(જ.ખ) :** આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજના દિવસે તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજના દિવસે આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે.

# બીલીમોરા કિંગ ઓફ પારસીવાડના ગણેશોત્સવનો ૫૦મા વર્ષમાં મંગલ પ્રવેશ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા.૮:** બીલીમોરા શ્રી સાર્વજનિક બાળ ગણેશ ઉત્સવ મંડળ દ્વારા કિંગ ઓફ પારસીવાડ નામે પાંચ દાયકા અગાઉ ૧૯૭૫ માં ગણેશ ઉત્સવનો પ્રારંભ થયો હતો. લોકોની મનની મુરાદ પૂરી કરતા ગણપતિ બાપ્પાના ૫૦મા વર્ષમાં મંગલ પ્રવેશે સેવાકીય યજ્ઞો અને ધાર્મિક કાર્યક્રમો સાથે ગોલ્ડન જ્યુબીલી યાદગાર બનશે. ગણદેવી તાલુકામાં ૪૦૦ થી વધુ મંડળોએ ગણેશોત્સવ પર્વે શનિવારે ગણપતિ બાપાની સ્થાપના કરી હતી. અને સાથે સેંકડો ઘરોમાં ગૌરી ગણેશની પધરામણી થતા સમગ્ર તાલુકો ગણેશમય બન્યો હતો.

બીલીમોરા પારસીવાડ ખાતે ૧૯૭૫ ના રોજ પ્રથમવાર સાર્વજનિક ગણેશ ઉત્સવનો પ્રારંભ કરાયો હતો. જેનું શ્રેય શ્રી સાર્વજનિક બાળ ગણેશ ઉત્સવ મંડળને જાય છે. આ વર્ષે હિંડોળે ઝૂલતા બાપાની મૂર્તિ ભક્તોનુ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ૨૫૧ કિલો લોખંડમાંથી બનાવાયેલો હિંડોળો અને તેના પર ઝૂલતા ગણેશજી આખા ગણદેવી તાલુકામાં આકર્ષણનું કેન્દ્રનું બન્યા છે.ગણદેવી તાલુકામાં ગણપતિ બાપા મોરયાના નાદ સાથે અવનવા સજાવટ વાળા મંડપોમાં વિધિવિધાન અનુસાર બાપાની પધરામણી સ્થાપના કરાઇ હતી. ભક્તો બાપ્પાની ભક્તિમાં લીન બન્યા છે.

# સેલવાસના કેટલાક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ બંધ હોવાના કારણે લોકો પરેશાન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,તા.૦૮:** સેલવાસ નગર પાલિકાના કેટલાક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ ન હોવાના કારણે સ્થાનિક રહીશોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને રાત્રિના સમયે રસ્તાઓ અંધકાર છવાઈ જતો હોય છે અને અકસ્માતો તેમજ અસુરક્ષાની શક્યતાઓ વધી જાય છે.

આમલી અને આમલી ચાર રસ્તા જેવા અનેક વિસ્તારોમાં ઘણા દિવસોથી લોકો આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે. સ્થાનિક રહીશોનું કહેવું છે કે તેઓએ સંબંધિત અધિકારીઓને વારંવાર ફરિયાદ કરી છે, પરંતુ હજુ સુધી કોઈ પગલાં લેવામાં આવ્યા નથી.

આ વિસ્તારના રહેવાસી રમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રોજ રાત્રે રસ્તાઓ પર અંધારપટ છવાઈ જાય છે, જેના કારણે લોકો સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચવામાં ડરતા હોય છે. ઉપરાંત રસ્તાઓની ખરાબ હાલતને કારણે ચાલવું પણ મુશ્કેલ બને છે.

આમલી વિસ્તારની રહેવાસી સુનીતા દેવીએ કહ્યું, ઘણી વખત ફરિયાદ કરવા છતાં કોઈ સાંભળતું નથી. અંધારાના કારણે ચોરી અને અસામાજિક પ્રવૃત્તિઓનો ભય રહે છે. નાના બાળકો અને મહિલાઓ માટે અહીં બહાર જવું અત્યંત અસુરક્ષિત બની ગયું છે.

સ્થાનિક અધિકારીઓનું કહેવું છે કે આ સમસ્યાના નિરાકરણ માટે કામ શરૂ કરી દેવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં તમામ વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટનું સમારકામ કરવામાં આવશે. અધિકારીઓએ એમ પણ કહ્યું કે વરસાદને કારણે કેટલીક ટેકનિકલ સમસ્યાઓ આવી છે, પરંતુ ટૂંક સમયમાં તેને ઠીક કરવામાં આવશે.

સ્થાનિક રહીશોએ વહીવટીતંત્ર પાસે માંગણી કરી છે કે માત્ર સ્ટ્રીટ લાઈટ જ નહી લગાવવામાં આવે પરંતુ રસ્તાઓનું પણ સમારકામ કરવામાં આવે જેથી આ સમસ્યાથી લોકોને રાહત મળે.

# દાનહમાં ભક્તિભાવથી ગણેશજીની પ્રતિમાની ઠેર ઠરે સ્થાપના કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,તા.૦૮:** દાનહના સેલવાસ અને આજુબાજુના વિસ્તારોમાં ગણેશોત્સવની ઉજવણી શરૂ થઈ ચૂકી છે. ગણેશભક્તો દ્વારા ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. સેલવાસના વિવિધ મંડળો દ્વારા સવારે પૂજા કરીને ભક્તિભાવ સાથે ગણપતિની સ્થાપના કરવામાં આવી છે. સેલવાસમાં ગણપતિની સ્થાપના આમલી ગાયત્રી મંદિર, કાપડી સમાજના મન્નતના રાજા, મંદિર ફળિયા યુવા મિત્ર મંડળ સહિતની સોસાયટીઓ અને ઘરોમાં કરવામાં આવી છે. અંદાજે ૧૦૦૦ જેટલા ગણપતિઓની સ્થાપના કરવામા આવી છે, જેમા કેટલાક દોઢ દિવસ, કેટલાક ત્રણ દિવસ અને કેટલાક ગણપતિ વિસર્જનના દિવસે વિસર્જિત કરવામાં આવશે. બાકી રહેલા ગણપતિઓ અનંત ચૌદસના દિવસે ભક્તિભાવ સાથે વિસર્જિત કરવામાં આવશે.

# વટારની વાપી પબ્લિક સ્કૂલમાં ગણેશ ઉત્સવની ઉજવણી કરાઇ







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૦૮:** વાપી પબ્લિક સ્કૂલમાં ગણેશઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમા શાળાના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત વિઘ્નહર્તા ગણપતિ બાપ્પાના ભજન થી કરાઈ હતી અને વિદ્યાર્થીઓ દ્વારા ગણેશના જીવનપ્રસંગનું લઘુનાટક પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. શાળામાં કરાવવામાં આવતી પોટરી એક્ટીવિટી માં ધોરણ ૫ થી ૭ સુધીના વિદ્યાર્થીઓએ માટી થી ગણેશજીની મૂર્તિ બનાવી હતી. શાળાના ડાયરેક્ટર ડૉ. અલ્પા એસ. કોટડિયા એ પોતાના વ્યક્તવ્ય દ્વારા એમની કલાકૃતિને બિરદાવી હતી અને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. શાળાના શિક્ષકોની મહેનત અને સુંદર આયોજનથી વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.



લઘુ ઉદ્યોગ ભારતી વલસાડ જિલ્લા અને ગુજરાત રાજ્યની ટીમ વતી મેહુલભાઈ પટેલે નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ મંત્રી કનુભાઈ દેસાઈસરને એલટીની ક્ષમતા જે ૧૦૦ kv હતી, તે વધારીને ૧૫૦kv કરવા માટે પ્રયત્નો કરવા બદલ આભાર પત્ર સોંપ્યો હતો. આનાથી સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ફાયદો થશે.

# સરીગામ ફણસા સ્ટેટ હાઈવે પર કચરાના ઢગલા ગંદકીની ભરમાર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૦૮:** સરીગામ જીઆઈડીસી ફણસા સ્ટેટ હાઈવે ચાર રસ્તા પર ચિકન અને શાકભાજીનો કચરાનાં ઢગલાંથી દુર્ગંધ ફેલાતા રાહદારી, મુસાફરો અને વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. સરીગામ જીઆઈડીસી ચાર રસ્તાનાં ફણસા સ્ટેટ હાઈવે પર રોડ કિનારે ઝૂંપડા,લારી ગલ્લા ઉભા કરવામાં આવ્યા છે.જ્યાં ચિકન,મચ્છી અને શાકભાજીનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. વિક્રેતા દ્વારા નીકળતો કચરો સ્ટેટ હાઈવેનાં રોડ કિનારે અને પાણીનાં વહેણનાં નાળામાં ફેંકવામાં આવી રહ્યો છે. જ્યારે અન્યો વિસ્તારનાં ચિકન વિક્રેતા પણ કચરો અહી ઠાલવી રહ્યા છે. જેમાં ચિકનના વેસ્ટથી રોગચાળો ફાટી નીકળવાની દહેશત છે. ચોમાસામાં રોજ ઠલવાતા કચરાથી માથુ ફાટીજાય તેવી દુર્ગંધથી માર્ગ પરથી પસાર થતાં કામદારો, વિદ્યાર્થીઓ અને રાહદારીઓમાં રોષ પ્રવર્તી રહ્યો છે. કચરાનાં ઢગલાંથી માત્ર ૧૦૦ મીટરનાં અંતરે જીપીસીબીની કચેરી આવેલી છે, પરંતુ કર્મચારીઓ આ કચરાનો નીકાલ કરવા રસ દાખવતા નથી. માર્ગ મકાન વિભાગ કચેરી વર્ષોનાં દબાણો દૂર કરવામાં ઉત્સાહ દાખવતી ન હોય આમ જનતાને પરેશાની ઉઠાવી પડી રહી છે.

# ખેરગામમાં બારબીજના ધણીના નોરતાની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૮:** દીનદુ:ખીયાના બેલી બાબા રામદેવપીર એટલે તો બાર બીજના ધણી. ખેરગામ તાલુકામાં સ્થાયી થયેલા રાજસ્થાની પરિવારના મિત્ર મંડળ દ્વારા ભવાની મંદિર પાસે રામદેવપીરની મૂર્તિ સ્થાપી પૂજન અર્ચન થાય છે જ્યાં બાપા સીતારામ અને સાઈબાબા પણ બીરાજે છે. આ રામાપીરની વંદનાનો શ્રેષ્ઠ અવસર એટલે તેમના નોરતા. ભાદરવા સુદ એકમથી ભાદરવા સુદ નોમ સુધી રામદેવપીરના નોરતાની ઉજવણીમા સમગ્ર ભારતમાં જ્યાં રામાપીરના ભક્તો છે તેઓ હર્ષ ભક્તિ ભાવથી આ ઉત્સવને ઉજવે છે.

ખેરગામના સદગુરુ દેવમંદિરે - રામદેવ મીઠાઈના મુકુનભાઈ, પ્રેમભાઈ પૂજારી પુરુષોત્તમભાઈ જીતુભાઈ તથા અન્યના સહયોગથી દોઢસો ગોલ્ડ થેલીમાંથી ભાદરવી બીજના દિવસે બાબા રામા પીર ને સ્વાદિષ્ટ ખીરનો પ્રસાદ ધરાવાયો હતો અને તે ખીર પ્રસાદની ગ્રામજનો દર્શનાર્થીઓને પણ વહેંચણી કરવામાં આવી હતી. બાબા સૌની ભલી કરે એવી પ્રાર્થના થઈ હતી.

# ભિલાડ વિજ્ઞાન કોલેજમાં વ્યાખ્યાન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૦૮:** સરકારી વિજ્ઞાન કોલેજ ભીલાડ ખાતે સ્ટેટ ક્વોલિટી એસ્યોરન્સ સેલ (SQAC) અંતર્ગત "Elevating Career and Education Journey" વિષય પર સ્પેશિયલ લેક્ચર નું આયોજન ૬ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. આ વિષય પર સ્નેહાલી ચૌહાણ (Branch Head, EDUGUIDE OVERSEAS STUDIES PVT. LTD.) દ્વારા વ્યક્તવ્ય આપવામાં આવ્યું હતું. આ વક્તવ્યમાં એમણે Chat GPT ane AI Tools ના ઉપયોગ તેમજ વિદેશ કારકિર્દી માર્ગદર્શન અંગેની મૂળભૂત ચર્ચા કરી હતી. આ કાર્યક્ર્મનું સફળ સંચાલન ડો. હિરેનકુમાર પટેલ (કો-ઓર્ડીનેટર, SQAC) દ્વારા અને કોલેજના પ્રિન્સિપાલ ડો.દિપક ડી. ધોબીના માર્ગદર્શન હેઠળ આ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૬૦ થી ૬૫ જેટલા વિદ્યાર્થીએ હાજરી આપી હતી.

# ઉમરગામ તાલુકા પંથકમાં વિઘ્નહર્તા શ્રી ગણેશજીનું ઠેર ઠેર ભક્તિભાવ પૂર્વક સ્થાપન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ,તા.૦૮:** ઉમરગામ તાલુકા વિસ્તારમાં ગણેશ ઉત્સવની ભક્તો દ્વારા ભક્તિ ભાવપૂર્વક ઉજવણી થતી જોવા મળે છે. ઉમરગામ જીઆઈડીસી કોલોની ખાતે સાર્વજનિક મંડળ દ્વારા છેલ્લા ૫૨ વર્ષથી ગણેશ ઉત્સવની ઉજવણી થતી જોવા મળે છે ગણેશ ચતુર્થીના દિવસે વાજતે ગાજતે દુંદાળા દેવનું આગમન થયું હતું. ગણેશ મંડપમાં વિધિવત સ્થાપના બાદ ભક્તોએ આરતી અને દર્શનનો લાભ લીધો હતો. સોળસુંબા વિસ્તારમાં કરસનભાઈ ભરવાડ દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. ૨૫માં વર્ષે વિજ્ઞાન હર્તાની વિશાળ પ્રતિમાનું સ્થાપન કરી ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે ઉમરગામ શહેર વિસ્તારમાં ગાંધીવાડી ખાતે તેમજ તાલુકાના સરીગામ વિસ્તારમાં ઠેર ઠેર પ્રથમ પૂજ્ય દેવનું સ્થાપન કરી ભક્તો દ્વારા સહ પરિવાર ભક્તિ ભાવપૂર્વક ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે ફક્ત દ્વારા નિજ નિવાસસ્થાને દોઢ દિવસના ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યું હતું અને રવિવારના રોજ ભક્તો દ્વારા ભારે હૈયે વિઘ્નહર્તાને વિસર્જન કરી વિદાય આપવામાં આવી હતી.

જીઆઈડીસી વિસ્તારમાં ડોમ્સ કંપની ખાતે સંતોષભાઈ સંતોષભાઈ રવેસિયા તથા પરિવારજનો દ્વારા ગણેશ ઉત્સવની ઉજવણી અંતર્ગત ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યો હતો મિત્રો તથા સ્નેહીજનોએ પ્રથમ પૂજ્યના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ઉમરગામ સ્ટેશન ખાતે વેપારી મંડળ દ્વારા વિઘ્નહર્તાનું સ્થાપન કરવામાં આવ્યું હતું. ઉમરગામ ટાઉન કાળભૈરવ મિત્ર મંડળ દ્વારા ગણપતિ બાપાનું સ્થાપન કરવામાં આવ્યો હતો. સમજણ ભીલાડ સરીગામ સહિત સમગ્ર તાલુકા વિસ્તારમાં ગણેશ ઉત્સવની ભક્તિ ભાવપૂર્વક ઉજવણી થતી જોવા મળી રહી છે.

# વાપીની અથર્વ પબ્લિક સ્કૂલમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૦૮:** ચણોદ સ્થિત જય પેડકાઈ માતા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અથર્વ પબ્લિક સ્કૂલમાં તારીખ- ૦૫/૦૯/૨૦૨૪ને ગુરુવારના દિને શિક્ષક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વેપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં ઉજવવામાં આવે છે, એ બાબતે શાળાના આચાર્યા તથા ચેરપર્સન શ્રીમતી લીના બોરસે દ્વારા વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી. તેમણે વિદ્યાર્થીઓને શિક્ષકનું મહત્વ સમજાવતા કહ્યું હતું કે, મહાન રાજનીતિ શાસ્ત્રના લેખક ચાણક્યે કહ્યું છે. શાળાના કેટલાંક વિદ્યાર્થીઓ શિક્ષકના વેશમાં આવ્યા હતાં. તેમણે અલગ અલગ વર્ગખંડમાં જઈને વિદ્યાર્થીઓને અધ્યાપન કાર્ય કરાવ્યું હતું. શાળામાં શિક્ષકો માટે પણ વિવિધ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે શિક્ષકો માટે ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શિક્ષકોએ પોતાના વિષયની પ્રદર્શની કરી પોતાની પ્રતિભાઓ બતાવી હતી. જેમાં વિજેતા ઘોષિત થનાર શિક્ષકોને ઈનામો આપવામાં આવ્યા હતાં. પ્રથમ ક્રમે શાળાની વિજ્ઞાન વિષયની શિક્ષિકા કુમારી શિવાની સિંગ, દ્વિતીય ક્રમે શાળાના ગુજરાતી/ હિન્દી વિષયના શિક્ષક રાકેશકુમાર ભંડારી, તૃતીયક્રમે શાળાની વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયની શિક્ષિકા કુમારી પૂજા યાદવ રહ્યા હતાં, આ કાર્યક્રમમાં આશ્વાસન ઈનામ શાળાના ગણિત /વિજ્ઞાન વિષયના શિક્ષક રોશન બંજારાને એનાયત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખાસ અતિથિ તરીકે લાયન હેમલ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. તેમજ આદરણીય મહેમાન લાયન રામસિંહ દેસાઈ કે જેઓ નિવૃત્ત આચાર્ય છે, તથા સન્માનિય મહેમાન શિલ્પા અગ્રવાલ પ્રેસિડેન્ટ વાપી વુમન ક્લબ અને લાયન ક્રિષ્ના સિંઘલ કે જેમણે કાર્યક્રમના નિર્ણાયક તરીકેની ભૂમિકા પણ ભજવી હતી, શાળાના મેનેજિંગ ટ્રસ્ટી સંજીવ બોરસે, લાયન્સ ક્લબના પ્રેસિડેન્ટ આંચલ સુદ તેમજ લાયન્સ ક્લબના વિવિધ સદસ્યો જેમ કે જ્યોતિબાલા જાડેજા, મહેશ જૈન વગેરે મહેમાનોએ હાજરી આપી હતી. શાળાના એકેડેમિક ડાયરેક્ટર પિયુષ બોરસેએ પણ આ પ્રસંગને અનુરૂપ શિક્ષકોની મહાનતા બતાવતા કહ્યું હતું કે, જે કાર્ય શિક્ષકો કરી શકે છે તે કાર્ય સમાજની કોઈપણ વ્યક્તિ કરી શકતી નથી, શિક્ષકોએ સમાજરુપી ઈમારતનો પાયો છે. આ કાર્યક્રમના અનુસંધાનમાં શાળા તરફથી શિક્ષકોને સ્મૃતિભેટ પણ આપવામાં આવી હતી. તથા રાષ્ટ્રગાન કરી કાર્યક્રમનું સમાપન કાર્ય કરવામાં આવ્યું હતું.

**શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ ચીખલી શાખા દ્વારા**

# ચીખલીમાં શૈક્ષણિક સન્માન સમારોહ-આર્થિક સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો

**રૂા.૨૨૫૦૦૦ની આર્થિક સહાય કરવામાં આવી અને તેજસ્વી વિદ્યાર્થીઓને ૪૫૦૦૦ રૂપિયાનું રોકડ ઈનામ આપવામાં આવ્યું**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલીતા.૮:** શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ ચીખલી શાખાનો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ, વિશિષ્ટ પ્રતિભાશાળી વિદ્યાર્થી સન્માન, આર્થિક સહાય, મેરીટ સ્કોલરશીપ તેમજ સેવા નિવૃત્ત કર્મચારીઓનો સન્માન સમારોહ એમ.એસ. પટેલ (કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, નવસારી)ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ચંદ્રકાંતભાઈ ડી. રાઠોડ (નિવૃત્ત એક્ઝિક્યુટિવ સિગ્નલ અને ટેલિકોમ ઈજનેર, મુંબઈ), તેમજ અતિથિ વિશેષ તરીકે ડોક્ટર મોહિત રાઠોડ (એમડી એનેસ્થેસિયા), રમેશભાઈ ઝેડ રાઠોડ (નિવૃત શિક્ષક, હિરાચંદ ધૂળચંદ હાઈસ્કુલ, અમલસાડ), ડોક્ટર ધ્વનિ ગોવિંદભાઈ રાનવેરીયા (એમડીએસ ઓરલ એન્ડ મેક્સવેલો ફેશિયલ સર્જન) ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં બે મિનિટ મોન રાખી મૃત આત્માઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. કુમારી તૃપ્તિ પ્રકાશભાઈ રાઠોડ (સિણધઈ) દ્વારા નૃત્ય થકી સરસ્વતી માતાજીની પ્રાર્થના કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ઈન્ટર્નલ ઓડિટર અજયકુમાર એફ રાઠોડ દ્વારા શાખાનો ટૂંકમાં પરિચય આપતા કહ્યું હતું કે શાખા આજે ૨૩મો સન્માન સમારોહ ઉજવી રહી છે. ત્યારબાદ શાખાના પ્રમુખ મહેન્દ્રભાઈ મજીગામકરે મહેમાનોનો પરિચય આપી શાબ્દિક સ્વાગત કરી જણાવ્યુ હતું કે શાખાનો આગામી ૨૫ વર્ષ પૂરા થતાં રજત જયંતિ મહોત્સવ ખૂબ ધામ ધૂમથી ઉજવવામાં આવશે અને એમણે શાખાની મહત્વાકાંક્ષી યોજના ''કન્યા કેળવણી'' વિશે માહિતી આપતા જણાવ્યુ કે આ યોજના થકી અગિયાર લાખ જેટલું ફંડ એકત્રીત થશે જે ફકતને ફકત સમાજની જરૂરિયાતમંદ દીકરીઓને શિક્ષણ ક્ષેત્રે સહાય કરવામાં માટે ઉપયોગમાં લેવાશે. અને મહેમાનોને પુષ્પગુચ્છ અને સ્મૃતિ ભેટ અર્પણ કરી અભિવાંદન કર્યા બાદ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

એમ.એસ.પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતાં કહ્યું હતું કે સાર્થી દિશામાં કરેલી મેહનતે સફળતા મળે જ છે અને આજના સમય પ્રમાણે ચિખલી શાખા જે કામગીરી કરી રહી છે તે ખૂબ જ જરૂરી છે તેમજ જે સમાજ વ્યસનથી દૂર રહશે તે સમાજની પ્રગતિ ચોક્કસ થશે જ. કાર્યક્રમમાં શ્રીમતી દર્શનાબેન મજીગામકર દ્વારા રંગોળી સ્વરૂપે બનાવવામાં આવેલો સંઘના લોગોએ સૌનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું કાર્યક્રમને સફળ બનાવવા માટે હોદ્દેદારોએ ભારે જ હેમંત ઉઠાવી હતી.


દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com

વિશેષ વાંચન

Monday 09, September 2024

દમણગંગા ટાઇમ્સ

# સત્તાના રાજકારણમાં રાષ્ટ્ર હિત વિસરાઈ રહ્યું છે

**ચૂંટણીના રાજકારણમાં હવે નીત નવા મુદ્દા આવી રહ્યા છે. વિકાસ, ભવિષ્યના ભારતને બદલે ભૂતકાળના વિવાદસ્પદ મુદ્દાઓ લાવવામાં આવી રહ્યા છે. પ્રદેશવાદ, જાતીવાદ અને કોમવાદને કારણે રાષ્ટ્રને તુચ્છ રાજકારણનું ગ્રહણ લાગ્યું છે**

ચૂંટણીનાં રાજકારણમાં હવે નિતનવા મુદ્દા આવી રહ્યા છે ! વિકાસ, ભવિષ્યના ભારતને બદલે ભૂતકાળના વિવાદાસ્પદ મુદ્દા - વિષય લાવવામાં આવી રહ્યા છે. કોલકાતાના બળાત્કાર અને કરપીણ હત્યાના કેસમાં અત્યારે ન્યાય અપાવવાને બદલે ભવિષ્યમાં અપરાધ થાય તો ફાંસીની સજા થશે - એવો બચાવ - મુદ્દો રજૂ થયો છે. બીજી તરફ, જાતિવાદી વસતિ ગણતરી, છત્રપતિ શિવાજી અને વીર સાવરકર ચૂંટણીના જંગમાં હોય એવું ચિત્ર ઉપસે છે ! ચૂંટણી કાશ્મીરમાં પણ છે, ત્યારે ત્યાંની સ્થિતિ - અલગતાવાદીઓની વકીલાત અને ઉમેદવારી થઈ રહી છે, તેની ચિંતા નેતાઓને નથી ! મણિપુરમાં ચીનનો ડોળો અને અમેરિકાનો હાથ હોવાના અહેવાલ આવી રહ્યા છે. પાકિસ્તાન ઈશાન ભારતને તોડવાના ખ્વાબ જુએ છે, બાંગલાદેશમાં હિન્દુઓની હાલતની લેશમાત્ર ચિંતા આંતરરાષ્ટ્રીય માનવઅધિકારની બૂમરાણ મચાવનારાને નથી ! આ સ્થિતિ અને સંજોગો ભારતનાં ભવિષ્ય ઉપર અસર પાડી રહ્યા છે, ત્યારે નેતાઓને સત્તા-ખુરશીની જ ચિંતા છે, પણ લોકો સત્તા માટેનો તમાશો જોયા પછી ચુકાદો આપશે - ભૂતકાળ કે ભવિષ્ય માટે ? પશ્ચિમ બંગાળમાં ભારેલો અગ્નિ છે. બાંગલાદેશના હિન્દુઓ ક્યાં જાય ? ક્યાં જશે ? તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ પૂર્વ પાકિસ્તાનના ભાગલામાં યોગ્ય ભાગ ભજવ્યો. સહાય કરી અને દસ લાખથી વધુ પૂર્વ બંગાળીઓને ભારતમાં આશ્રય આપ્યો - તે બધા હિન્દુ ન હતા. બાંગલાદેશી મુસ્લિમોની બહુમતી આજે પણ ભારતમાં સલામત છે. વડાપ્રધાન મોદીએ વિશ્વભરમાં અટવાઈ પડેલા ભારતીય લોકો - માત્ર હિન્દુ નહીં - ને ઉગાર્યા છે, પણ બાંગલાદેશના હિન્દુઓને કેવી રીતે ઉગારવા ? મમતાદીદીએ લઘુમતીનાં નામે વોટ બેન્ક જમાવી છે. કોલકાતાની હોસ્પિટલમાં થયેલા પાશવી બળાત્કાર અને અપરાધીઓને બચાવવાના પ્રયાસ થઈ રહ્યા છે, પણ યુવાવર્ગ અને મહિલાવર્ગ આક્રમક છે. આ ઘટનાને રાજકીય સ્વરૂપ આપવામાં આવ્યું છે - એવી ફરિયાદ મમતાના સમર્થકો કરી રહ્યા છે, પણ વિદ્યાર્થી અને લોકઆંદોલનને રાજકીય સાથ મળે નહીં તો શું થાય ? રાજ્ય સરકાર સખત હાથે આંદોલન કચડી નાખવા તૈયાર છે ! અને સરકાર કરે તે રાજકારણ નથી ? રાજ્યમાં ડાબેરીઓ વિકલ્પ નથી, ત્યારે ભાજપ સિવાય કયો પક્ષ મેદાનમાં છે ? મમતાની આપખુદી અને લઘુમતીવાદની વોટ બેન્ક છે - પણ હવે જનતા જાગી છે અને મમતાનો બુરખો ઊતરી ગયો છે, ત્યારે એમણે ભવિષ્યમાં બળાત્કારી - મહિલા ઉપરના અપરાધીઓને ફાંસીની સજાની હિમાયત - ભલામણ કરતો ઠરાવ વિધાનસભામાં પસાર કર્યો છે - ભાજપનો ટેકો પણ છે. આવો ઠરાવ લાવીને




મમતા બેનરજી એમ બતાવવાનો પ્રયાસ કરે છે કે મોદી અને ભાજપથી તેઓ આગળ અને સચિંત છે ! સક્રિય પણ છે ! આવો ઠરાવ કરવાથી આંદોલન શાંત - સમેટાઈ જશે એમ તેઓ માને છે ! ભાજપના સભ્યોને કહે છે - હવે તમે ગવર્નરને કહો કે ઠરાવ રાષ્ટ્રપતિને મોકલી આપે ! જેથી મમતાજી

**વિશ્લેષણ**

**કુન્દન વ્યાસ**

કહી શકે - મોદી સરકાર મંજૂરી આપતી નથી ! વાસ્તવમાં મમતાજી ટાંગ ઊંચી બતાવીને નાક ઉપર પાટા - પીંડી બતાવી રહ્યાં છે. મહિલાઓને બચાવવા માટે નહીં, પોતાની ખુરશી બચાવવા માગે છે - લોકોનું ધ્યાન બીજી દિશામાં ખેંચવાનો નિષ્ફળ પ્રયત્ન છે. બીજી બાજુ, મમતા - સરકાર સીબીઆઈની તપાસ રોકવા માટે અવરોધ ઊભા કરે છે. કેન્દ્ર સરકારે હાઈકોર્ટ સમક્ષ ફરિયાદ કરી છે કે રાજ્ય સરકાર સહકાર આપતી નથી. હોસ્પિટલની નજીકમાં તપાસ અધિકારીઓને ઉતારો - રહેવાની સગવડ આપી નથી તેથી એક કલાકની બસયાત્રા કરવી પડે છે. અન્ય કોઈ સુવિધા મળતી નથી ! ૫૪ મહિલા સહિત ૧૮૪ની ફોજ તપાસ માટે મોકલવામાં આવી છે. એમની સ્થાનિક સલામતી માટે સાધનો અપાયાં નથી. રાજકારણની ફરિયાદ થાય છે - ત્યારે દેશભરમાં સૌપ્રથમ બંગાળ વિધાનસભાએ ફાંસીની માગણી કરી હોવાનો દાવો થાય છે - પણ મહારાષ્ટ્ર અને આંધ્ર વિધાનસભાએ દસ વર્ષ પહેલાં આવા ઠરાવ પસાર કર્યા છે ! વર્ષ ૨૦૧૨માં દિલ્હીમાં આવી જ ઘટના પછી જસ્ટિસ જે. એસ. વર્મા કમિટી નીમવામાં આવી હતી - અને તેના અહેવાલમાં જણાવાયું હતું કે ફાંસીની સજાના ડરને કારણે આવા ગુના નહીં થાય એવી ખાતરી નથી - તેથી ફાંસીના બદલે સખત સજાની જોગવાઈ હોવી જોઈએ.

આ ભલામણનો સ્વીકાર થયો નહીં. વાસ્તવમાં ભારત ન્યાય સંહિતામાં પણ ફાંસીની જોગવાઈ છે. દેશભરમાં રોજેરોજ બળાત્કાર થાય છે એવી દલીલ થાય છે - પણ દિલ્હી અને કોલકાતાની ઘટના ભયાનકમાં ભયાનક છે - તેનો ઈનકાર થઈ શકે ? દિલ્હીના ગુનેગારને ફાંસી આઠ વર્ષે મળી - આ વિલંબ વધુ અસહ્ય છે. હવે જનતાની અદાલત નેતાનાં રાજકારણનો કેવો ચુકાદો આપશે, તે જોવાનું છે ! મહારાષ્ટ્રનાં રાજકારણમાં છત્રપતિ શિવાજી મહારાજનાં નામે વિવાદ - વિધાનસભાની ચૂંટણી નવેમ્બરમાં થાય ત્યાં સુધી ચાલુ રહેશે. ૩૫ ફૂટની પ્રતિમા તૂટી પડી એ મહારાષ્ટ્રનું અપમાન છે, પણ શિવાજી માત્ર મહારાષ્ટ્રના હતા ? ગુજરાતમાં ઝવેરચંદ મેઘાણી - અને શિવાજીનું હાલરડું કોઈને યાદ છે ? વડાપ્રધાને મહારાષ્ટ્રની ધરતી ઉપર આવીને નતમસ્તકે માફી માગી - ક્ષમાયાચના કરી. માત્ર શિવાજીની નહીં - તમામ જેમની લાગણી પણ દુભાઈ છે તે સૌની. છતાં, શિવસેના અને રાષ્ટ્રવાદી તથા કોંગ્રેસે જોડા માર આંદોલન કર્યું. મહારાષ્ટ્રમાં વિપક્ષી આંદોલનો ઘણાં થયાં છે - પણ જોડા મારનાં દશ્ય પ્રથમ છે! મહારાષ્ટ્રની સંસ્કૃતિ અને રાજકારણ માટે આ શોભાસ્પદ નથી - છતાં શરદ પવાર જેવા વરિષ્ઠ નેતા વિરોધને શિષ્ટ સ્વરૂપ આપી શક્યા નહીં ! આ પછી નવો વિવાદ શરૂ થયો. શિવાજી મહારાજની પ્રતિમામાં ડાબા કપાળ ઉપર - એમની પાઘડી - (સાફા) - નીચે તલવારના ઘાનું નિશાન છે. શિલ્પકારના કહેવા મુજબ શિવાજીએ વર્ષ ૧૬૫૯માં પ્રતાપગઢમાં અફઝલ ખાનને માર્યો ત્યારની ઝપાઝપીમાં આ ઘાવ થયો હતો, જ્યારે કેટલાક મરાઠા ઈતિહાસકારો કહે છે કે અફઝલ ખાનના બ્રાહ્મણ સૈનિક કૃષ્ણાજી ભાસ્કર કુલકર્ણીનો આ ઘા હતો! ગમે તેમ પણ શિવાજીની હજ્જારો - લાખ્ખો પ્રતિમા અને ફોટા છે, પણ આવો ઘાવ દશ્યમાન નથી - હવે વિવાદ શા માટે? પંડિત નેહરુએ છત્રપતિ શિવાજી મહારાજનું અપમાન ડિસ્કવરી ઓફ ઈન્ડિયામાં કર્યું છે એ મુદ્દો દેવેન્દ્ર ફડણવીસે ઉઠાવ્યો, ત્યારે શરદ પવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરી કે શિવાજી સાથે વી. ડી. સાવરકરની સરખામણી કેવી રીતે કરાય ? ઉદ્ધવ ઠાકરે કહે છે કે મોદીની માફીમાં અહંકાર છે ! ઉત્તરપ્રદેશ અને અન્ય રાજ્યોમાં ગેરકાયદે બાંધકામ અને માફિયાઓ સામે બુલડોઝર વપરાય છે ત્યારે હવે સુપ્રીમ કોર્ટે કાયદેસર કાર્યવાહી માટે માર્ગદર્શક નોંધ નીતિનું સૂચન કર્યું છે, પણ સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ બુલડોઝર બાબા સામે જંગે ચડયા છે ! માફિયા સામે નાક રગડતા નેતાઓ હવે યોગીને પડકારી રહ્યા છે ! જમ્મુ - કાશ્મીરમાં ભારતની એકતા અને સલામતીનો સવાલ છે. ચૂંટણીના ભ્રષ્ટાચાર અને નકલી ચૂંટણી પછી હવે મુક્ત ચૂંટણી થઈ રહી છે ત્યારે અલગતાવાદી અને આતંકવાદીઓ છડેચોક મેદાનમાં છે. કોંગ્રેસે નેશનલ કોન્ફરન્સ સાથે સમજૂતી કરી છે અને રાહુલ ગાંધી રાજ્યનો દરજ્જો પાછો આપવાનું વચન આપે છે.

૩૭૦મી કલમ ફરીથી લાવવાનું વચન અબદુલ્લા અને મુફ્તી આપે છે ! રાહુલ ગાંધી તો કહે છે કે મોદીએ તમારાં રાજ્ય પદને ખૂંચવી, ઝૂંટવી લીધું છે, તે હું પાછું અપાવીશ... સત્તાનાં રાજકારણમાં ક્યાંય રાષ્ટ્રવાદ અથવા રાષ્ટ્રહિતની ચિંતા છે ? પ્રદેશવાદ, જાતિવાદ અને કોમવાદનાં કારણે રાષ્ટ્રને તુચ્છ રાજકારણનું ગ્રહણ લાગ્યું છે.

# ગણેશજી : વિઘ્નહર્તા વિઘ્નકર્તા પણ બને ને ?

**ગણેશજીએ માત્ર કોઈ એકાદ ભક્તના જીવનમાં આવેલા વિઘ્નને જ દૂર નથી કર્યા પણ આજે -ત્યેક ભારતીય સ્વતંત્રતાથી ભમી શકે, મનમરજી મુજબ ટ્રાફિક કરી શકે, ડીજેના તાલે બીમારના ધબકારા વધારી શકે, ગણેશ મંડપમાં અશ્લીલ અને અયોગ્ય ગીતો વગાડી શકે, ખાણીપીણી અને ડેકોરેશનમાં જ ગણપતિને સીમિત રાખીને શ્રદ્ધાને બદલે માત્ર શણગારથી જ ગણપતિ ઉત્સવનો આનંદ માણી શકે તે માટે અંગ્રેજોની ગુલામીના વિઘ્નોને પણ સ્વયમ ગણેશજીએ જ દૂર કર્યા છે.**

एकदंताय विद्महे। वक्रतुण्डाय धीमहि। तन्नो दंती प्रचोदयात।। અર્થાત્ અમે એકદંતને જાણીએ છીએ, અમે વક્રતુંડનું ધ્યાન કરીએ છીએ. તે દંતી (ગજાનન) અમને પ્રેરણા આપે. એકદંત, વક્રતુંડ, વિઘ્નેશ્વર એવા ગણેશના અસંખ્ય નામો પ્રચલિત છે. પ્રત્યેક નામની પાછળ ચોક્કસ ગુણ રહેલો છે. આમ તો સાર્વજનિક ગણેશ ઉત્સવની શરૂઆત મુખ્યત્વે મહારાષ્ટ્રમાં થઈ પણ હવે આ ગણેશ ઉત્સવ કોઈક એક -ાંતને બદલે સમગ્ર ભારતનો ઉત્સવ થઈ ગયો છે. શ્રદ્ધા, ભક્તિ અને વિશ્વાસની દ્રષ્ટિથી તો આ ઉત્સવનું અનોખું મહત્વ છે જ પણ આર્થિક દ્રષ્ટિએ પણ આ ઉત્સવ મહત્ત્વનો બની રહ્યો છે.

ગણેશ ચતુર્થી દરમિયાન થતી આર્થિક પ્રવૃત્તિ સંદર્ભે મની કંટ્રોલ અનુસાર માત્ર મુંબઈમાં જ એક લાખ કરોડ રૂપિયાનો આર્થિક વ્યવહાર થાય છે. જો કે સત્તાવાર સરકારી આંકડા ગણેશ ઉત્સવ દરમિયાન રૂ. ૪૫,૦૦૦ થી રૂ. ૫૦,૦૦૦ કરોડની વચ્ચેનો વેપાર દર્શાવે છે. સ્વતંત્ર વિશ્લેષકો માને છે કે આ તહેવારની આર્થિક અસર ટૂંક સમયમાં દિવાળી કરતાં પણ વધી જશે. આ તો ફક્ત મુંબઈ કે મહારાષ્ટ્રની વાત થઈ પણ સમગ્ર ભારતમાં આ ઉત્સવ ધાર્મિક અને આર્થિક દ્રષ્ટિએ અગત્યનો બની રહ્યો છે. ગણપતિનાં આ ઉત્સવમાં દિવસે દિવસે ઉત્સાહ વધતો જાય છે એ ઉત્સાહ ખરેખર શ્રદ્ધા છે કે દેખાડો ? એ પ્રશ્ન સૌથી અગત્યનો છે.



ગણેશજી આર્થિક સમૃદ્ધિ વધારીને આર્થિક વિઘ્નોને દૂર કરી રહ્યા છે એટલે ગણેશજીનું વિઘ્નહર્તા રૂપ આપણે માટે યોગ્ય જ બને છે. પણ ક્યારેક ગણેશાગમન કે ગણેશ વિસર્જન દરમિયાન આપણા દ્વારા ઊભા કરાતા વિઘ્નો, મુશ્કેલીઓ, સમસ્યાઓ અને માથાકૂટને કારણે વિઘ્નહર્તા ગણેશજી વિઘ્નકર્તા બને છે !! તો બનેલા ગણેશજીના વિઘ્નકર્તા સ્વરૂપ માટે ખરેખર વાંક ગણેશજીનો કે આપણો ? શું

**મનનમ્**



**યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

આપણે ગણેશજીના વિઘ્નહર્તા સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ ખરા ? આ ઉત્સવનું સાચું મહત્વ આપણને સમજાય છે ખરું ? કારણ કે ઘરે ગણપતિ લાવીને તેનું પૂજન કરવાની પ્રથા તો આદિકાળથી સમગ્ર ભારતનાં પ્રત્યેક પ્રાંતમાં અસ્તિત્વ ધરાવે છે. પણ એકતા અને સંગઠનની ભાવનાથી સાર્વજનિક ગણેશ ઉત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો.

ઋષિઓએ ગણપતિ પૂજન દ્વારા જીવનનું અલૌકિક દર્શન આપ્યું છે. ગણપતિનું સ્વરૂપ સૌથી ભિન્ન છે પણ એ ભિન્નતા જ એની અલૌકિકતા છે. આપણે માત્ર ગણપતિની મૂર્તિને પૂજીએ છીએ. એની સ્તુતિને નામે માત્ર પ્રસ્તુતિ કરીએ છીએ પણ જરૂર છે ગણેશજીનાં ગુણો સમજીને પ્રયત્ન પૂર્વક પ્રેક્ટિસ કરવાની. આમ તો ગણેશજીનું બાહ્ય સ્વરૂપ કોઈનો આદર્શ ન હોઈ શકે પણ જો ગણેશજીના ગુણો સમજીને તે મુજબના વ્યક્તિગત અને સામાજિક પ્રયત્ન થાય તો પ્રત્યેક વિઘ્ન દૂર કરવાનું સામર્થ્ય વ્યક્તિને આપોઆપ પ્રાપ્ત થાય.

ગણેશજીનું મહત્ત્વ ભારત દેશ અને પ્રત્યેક ભારતીય માટે તો વિશેષ છે. ભારતની આઝાદીના ઈતિહાસમાં ગણેશ ઉત્સવ સીમાચિહ્ન રૂપ છે. કારણ કે ગણેશજીએ માત્ર કોઈ એકાદ ભક્તના જીવનમાં આવેલા વિઘ્નને જ દૂર નથી કર્યા પણ આજે પ્રત્યેક ભારતીય સ્વતંત્રતાથી ભમી શકે, મનમરજી મુજબ ટ્રાફિક કરી શકે, ડીજેના તાલે બીમારના ધબકારા વધારી શકે, ગણેશ મંડપમાં અશ્લીલ અને અયોગ્ય ગીતો વગાડી શકે, ખાણીપીણી અને ડેકોરેશનમાં જ ગણપતિને સીમિત રાખીને શ્રદ્ધાને બદલે માત્ર શણગારથી જ ગણપતિ ઉત્સવનો આનંદ માણી શકે તે માટે અંગ્રેજોની ગુલામીના વિઘ્નોને પણ સ્વયમ ગણેશજીએ જ દૂર કર્યા છે.

જે ગણેશજી આઝાદીની ચળવળ માટે લોકમાન્ય તિલકને સાક્ષાત્ થયા અને આઝાદીના આંદોલનમાં પ્રવેગ આવ્યો એ જ ગણેશજી આજે પણ આપણા સૌની ગતિમાં પ્રગતિ લાવી શકે પણ જો ગણપતિજીને માત્ર દેખાડાને નામે દસ દિવસ પૂજવાને બદલે સમગ્ર વર્ષ દરમિયાન તેમનાં બાહ્ય સ્વરૂપની સાથે આંતરિક ગુણોમાંથી પ્રેરણા મેળવાય તો. કારણકે ધ્યેયપ્રાપ્તિ, જ્ઞાનપૂર્તિ, મંગલમૂર્તિ ગણેશજી આપણે માટે સર્વાંગ સંપૂર્ણ આદર્શ છે. ઋષિઓએ ગણપતિ પૂજન દ્વારા જીવનનું અવલોકિક દર્શન આપ્યું છે. તે દર્શન જીવનમાં સાકારિત કરવાથી પ્રત્યેક કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય જ એટલે જ ગણેશજી વિઘ્નેશ્વર કહેવાય છે.

# પત્ની કે મા? પુરુષના જીવનનો સદાબહાર પ્રશ્ન !

**જેમ બંગાળની ખાડીમાં વર્ષમાં એકાદ વાર મોટું સાયક્લોન સર્જાય એમ તેના સંસારમાં વર્ષે બે વર્ષે એકાદ વાર એવી સ્થિતિ સર્જાઈ જ જતી હોય છે કે તેણે આવા કોઈક 'હું સાચી કે તારી મા'નો કપરો નિર્ણય લેવો પડતો હોય છે**

યુક્રેન કે રશિયા વચ્ચે અથવા ભાજપ કે કોંગ્રેસ વચ્ચે કે પછી એસઆઈપી કે સ્ટોક માર્કેટ ઈન્વેસ્ટમેન્ટ વચ્ચે કોઈ પણ એકની પસંદગી આસાનીથી કરી શકતો પરિણિત પુરુષ મા અને પત્ની વચ્ચે તણાવ સર્જાય ત્યારે કોઈ પણ એકની પસંદગી કરી શકતો નથી. અલબત્ત, બાપડા પુરુષે આવી 'કોઈ પણ એક'વાળી કોઈ પસંદગી કરવી જ નથી હોતી. તેણે તો બંનેને પસંદ કરવા હોય છે. પણ નહીં, ક્યારેક તેના સંજોગો જ એવા સર્જાઈ જતાં હોય છે કે તેને બેમાંથી એકની પસંદગી કરવાની ફરજ પડાતી હોય છે. અલબત્ત, જૂજ વિચિત્ર કિસ્સાને બાદ કરતા અહીં પણ પુરુષને એવી ફરજ તો નહીં જ પડાતી હોય કે તારે પત્ની સાથે રહેવું છે કે મા સાથે? જોકે પરંતુ મોટાભાગના કિસ્સામાં તેને એવી જ ફરજ પડાય છે કે અમારા બેમાંથી સાચું કોણ છે એ કહો !


ને બાપડો પુરુષ એમાં પણ બરાબરનો ભરાઈ પડે. કારણ કે કોઈ પણ એકનો પક્ષ લેવો તેને માટે મોટું યુદ્ધ સર્જી લેવા બરાબર છે. અને ગમે એટલી સમજું પત્ની હોય, ગમે એટલી સમજું મા હોય કે પુરુષ પોતે પણ ગમે એવો સમજું હોય, પરંતુ જેમ બંગાળની ખાડીમાં વર્ષમાં એકાદ વાર મોટું સાયક્લોન સર્જાય એમ તેના સંસારમાં વર્ષે બે વર્ષે એકાદ વાર એવી સ્થિતિ સર્જાઈ જ જતી હોય છે કે તેણે આવા કોઈક 'હું સાચી કે તારી મા'નો કપરો નિર્ણય લેવો પડતો હોય છે.

આવા સંજોગોનો હેમખેમ સામનો કરવા માટે પુરુષ માટે



ક્રાયસિસ મેનેજમેન્ટ શીખવું અત્યંત જરૂરી છે. અને ક્રાયસિસ મેનેજમેન્ટ કેવું? તો કે આવી સ્થિતિ વખતે તેના કોઈ બયાનથી કે તેની કોઈ એક્શનથી પરિસ્થિતિ વધુ ન વણસે એનું તેણે પુરું ધ્યાન રાખવું જરૂરી છે. કારણ કે આવી લડાઈઓ મોટેભાગે મોટું સ્વરૂપ જ એટલા માટે લઈ લેતી હોય છે કે કાચી ક્ષણો સાચવી શકાતી નથી. એટલે પુરુષે એ શીખી જવાનું છે કે એ કાચી ક્ષણોને સાચવી લે. જેમાં તેણે તણાવના સમયે પોતાના તરફથી કોઈના પક્ષે કોઈ જ વિધાન કરવાનું થતું નથી. આવા તણાવને સમયે તેના પર વ્યક્તિગત હુમલા પણ થઈ શકે છે ! ખાસ તો પત્ની તરફથી ! જેમાં ભૂતકાળમાં કોઈક પ્રસંગે એકાદ નાની બાબત સર્જાઈ હશે તો એની જ પીપૂડી રહી રહીને વાગતી હશે.

**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

એવા સમયે પુરુષે એક જ બાબત કરવાની થાય છે કે તે શાંતિથી એ આક્ષેપો કે ફરિયદો સાંભળતો રહે. એ જો એવા સમયે સામો જવાબ આપવા જશે અથવા કોણ સાચું કે ખોટું છે એ કહેવા જશે કે સામેના ફરિયાદીની કોઈ ભૂતકાળની ભૂલો બતાવવા જશે તો આખું વાવાજોડું જૂદી દિશામાં ફંટાશે. અને જો વાવાજોડું હાથમાં ન રહ્યું તો વાત વકીલો સુધી પહોંચી જશે. આ સીવાય પુરુષે સમજી જવાનું છે કે આ ખેલ થોડા કલાકોનો અથવા તો એકાદ-બે દિવસોનો છે. એટલે આવી કોઈ પણ ઘટના વખતે તેણે કોઈને પણ જજ કરવાના નથી થતાં. એ જો કોઈને જજ કરશે તો તેના મગજનું તો દહીં થશે જ, પરંતુ એ લડાઈમાં તેનું ઈન્વોલ્વમેન્ટ થવાના ચાન્સ અત્યંત વધી જાય છે. એટલે આ લડાઈઓમાં આનું તો દર વખતનું આવું એમ કરીને કોઈને જજ કરવાન બેસવું.

અને ત્રીજી બાબત છે સંવાદ. એ પણ ક્યારે? તો કે વાવાજોડામાં તણાવની સ્થિતો સહેજ ઠંડી પડે પછી. એ સમયે તેણે કોઈનો ય પક્ષ લીધા વિના સંવાદ સાધવાનો છે. કારણ કે આવા કિસ્સામાં કોઈ એક પક્ષને બીજા પક્ષની વર્કિંગ સ્ટાઈલ, બોલવાની આદત અથવા તો ટીવી કે લાઈટ-પંખા ચાલુ-બંધ કરવાની આદત સામે જ પ્રશ્નો હોય છે. એવે કોઈ નાંખી દેવા જેવી બાબતે જ તણખો ઝરી ગયેલો હોય છે અને ભડકો થઈ ગયેલો હોય છે. એટલે આવા પ્રશ્નોમાં કોઈ પણ એક પક્ષને કે બંને પક્ષે નાનું મોટું જતું કરતા કે પોતાની સ્ટાઈલમાં સહેજ ફેરફાર કરાવવાનું જરૂરી બની જાય છે. કારણ કે અમુક બાબતોમાં જો સંવાદ નહીં થશે તો એ બાબતો એમની એમ લટકતી રહેશે અને એમાં કોઈ નિવેડો નહીં આવે. એના કરતા તણાવ પછી સહેજ શાંતિ સ્થપાય પછી પુરુષે સ્માર્ટલી સાપ પણ મરે અને લાકડી પણ ન તૂટે એનું ધ્યાન રાખતા સંવાદ સાધી લેવાનો.

એટલે આવા તણાવની ફ્રિક્વન્સી પણ ઘટશે અને ખાસ તો આવા તણાવ વખતે એ પોતે કોઈ કપરી સ્થિતિમાં નહીં મૂકાય. વળી, નાંખી દેવા જેવી વાતે થયેલો ભડકો નગરજોણા સુધી ન પહોંચે એનો પુરુષને સૌથી મોટો લાભ થાય.

**દમણગંગા ટાઇમ્સ**

ઈ-પેપર મેળવવા નીચેની વેબસાઈટ ની મુલાકાત લો
damangangatimes.com

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ: ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી. વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫ ઈમેલ- editor.dgt@gmail.com

# ધરમપુર વિવિધ મંડળોના સ્થાપિત શ્રીજીની પ્રતિમાઓ


શ્રીકૃષ્ણ યુવક મંડળ


માછીવાડ ગણેશ મંડળ


વાલોડ ફળિયા ગણેશ મંડળ


રોયલ ગૃપ વાલોડ ફળિયું


સિદ્ધિવિનાયક યુવક મંડળ


ગોલ્ડન ટીમ ગણેશ મહોત્સવ


આસુરા તળાવ ફળિયું


યુવા પ્રગતિ મંડળ હાથીખાના


સમડીચોક યુવક મંડળ


વિમળેશ્વર મહાદેવ મંડળ


મોટા બજાર ટાવર


યુવા શિક્ત મંડળ દશોંદી ફ.


ગોરા રામજી યુવક મંડળ


જય ઠાકર ગૃપ ત્રણ દરવાજા


નવયુગ મંડળ ગાર્ડન રોડ

# કપરાડા-ધરમપુરમાં દિવસોની ગણતરી કરતા વહેલું ડાંગર તૈયાર થતા ખેડૂતો ચિંતિત



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નાનાપોંઢા, તા.૦૮ :** કપરાડા-ધરમપુર તાલુકામાં દિવસોની ગણતરી કરતા ડાંગર પાક વહેલો તૈયાર થવાના કારણે ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

ખેડૂત મિત્રો જણાવે છે કે ડાંગર પાક બિયારણ ૧૧૦ દિવસનું જે માત્ર ૭૦ દિવસોની અંદર જ તૈયાર થઈ ગયું છે અને એક તરફ હજી વરસાદ પણ ચાલુ હોવાના કારણે ડાંગર પાકની કંઠીઓ તૈયાર થઈ જતા વરસાદ ચાલુ રહેતો આવનારા દિવસોમાં ભારે નુકસાન થઈ શકે તેમ છે. જ્યારે એગ્રો સેન્ટર પરથી ડાંગરનું બિયારણ લાવતી વખતે એગ્રો સેન્ટરવાળાએ જણાવ્યું હતું કે આ બિયારણ ૧૧૦ દિવસનું છે. અથવા ૧૨૦ દિવસનું બિયારણ જમીનની અનુકૂળતાએ ખેડૂતોએ રોપાણ કર્યું હતું. પરંતુ હાલે ૧૧૦ દિવસનું બિયારણ માત્ર ૭૦ દિવસોની અંદર જ તૈયાર થઈ ગયું છે. જેના કારણે ખેડૂતો ભારે ચિંતામાં પડી ગયા છે. વધુમાં જણાવે છે કે આ વખતે ડાંગર પાક બિયારણ જે દિવસોની ગણતરી અનુકૂળતાએ ક્યારીઓમાં રોપાણ કર્યું હતું. પરંતુ જે માત્ર ઓછા દિવસોની અંદર જ કંઠી તૈયાર થઈ જતા જે વહેલું પાકી જવા પામશે તો આગામી દિવસોમાં વરસાદ ચાલુ રહે તો ડાંગર ઉગી નીકળવાની પણ શક્યતા રહેલી છે. જેથી ખેડૂતો વિમાસણમાં મુકાઈ રહ્યા છે.

આજે સમગ્ર વિસ્તારમાં ડાંગર પાક દિવસોની ગણતરી કરતા વહેલું તૈયાર થઈ ગયું છે. જે એગ્રો સેન્ટરોના વિક્રેતાઓની ગણતરી ખોટી સાબિત થઈ છે.

# કપરાડામાં ઠેર ઠેર શ્રીજીની પ્રતિમાનું સ્થાપન કરાયું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નાનાપોંઢા. તા.૦૮ :** કપરાડા તાલુકામાં ગણપતિ બાપ્પા મોર્યાના નાદ સાથે ઠેર ઠેર ગણેશજીની પ્રતિમાની વિધિપૂર્વક સ્થાપના કરવામાં આવી હતી.

સમગ્ર કપરાડા તાલુકામાં વિઘ્નહર્તા ગણપતિ બાપ્પાના પર્વ ગણેશોત્સવ નિમિત્તે ઠેર ઠેર ગણેશ પંડાલોમાં ભગવાનની મૂર્તિ બિરાજમાન કરાઈ હતી. સમગ્ર પંથકમાં બાપ્પા મોર્યાના નાદ સાથે વાતાવરણ ભક્તિમય બન્યું હતું. ગણેશોત્સવ ભાદરવા સુદ ચોથથી અનંત ચૌદશ સુધી ઉજવાય છે ત્યારે ભાદરવા સુદ ચોથના દિવસે ગણેશોત્સવના પ્રારંભથી કપરાડા તાલુકાનાં કપરાડા મુખ્ય મથક, નાનાપોંઢા, મોટાપોંઢા, જોગવેલ, માંડવા સહિત દરેક ગામોમાં સવારથી જ ગણેશોત્સવને લઈ ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

ગામડા વિસ્તારમાં ડી.જે. અને ઢોલ નગારાનાં તાલે ગુલાલની છોળો ઉડાડવાની સાથે ફટાકડા શ્રીજીની પ્રતિમાને ફોડી સ્થાપના સ્થળ સુધી લઈ જવાતા સમગ્ર વાતાવરણ ગણપતિ બાપ્પા મોર્યાના નાદ સાથે ગુંજી ઉઠ્યું હતું. આદિવાસી યુવક મંડળો દ્વારા ભક્તિભાવપૂર્વક પુજા અર્ચના કરી શાસ્ત્રોક્ત વિધિ મુજબ શ્રીજીની અવનવી પ્રતિમાનુ સ્થાપન કરાયું હતું. કપરાડા તાલુકામાં ગણેશોત્સવ પર્વનો ધામધુમથી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની રજુઆતના પગલે

# કપરાડા વિધાનસભા મતવિસ્તારમાં રાજ્ય સરકારે ૧૦.૩૩ કરોડના રસ્તા મંજુર કર્યા

ગુજરાત રાજ્ય સરકારના મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વર્ષ ૨૦૨૪-૨૫ હેઠળ કપરાડા વિધાનસભા મતવિસ્તારના વિવિધ ગામોના નાગરિકોની સુખાકારી અને સુગમ મુસાફરી માટે ૨૧.૨૫ કી.મી.ના ૧૦.૩૩ કરોડની મસમોટી રકમના રસ્તાઓને મંજૂરી આપવામાં આવતા ધારાસભ્ય જીતુભાઇ ચૌધરીએ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રાપ્ય વિગત મુજબ કપરાડા વિધાનસભા મતવિસ્તારમાં છેલ્લા બે ત્રણ વર્ષથી લોકોની સુખાકારી અને સુગમ મુસાફરી માટે ૩૦૦ કરોડથી વધુ રકમના રસ્તાઓ બન્યા હોવાનું જાણવા મળે છે. હાલના વર્ષ ૨૦૨૪-૨૫માં ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ કરેલી સરકારને રજુઆતના પગલે વિવિધ ૧૬ જેટલા ૨૧.૨૫ કી.મી.ના મસમોટા રસ્તાઓ માટે ૧૦.૩૩ કરોડની રકમ રાજ્ય સરકારે ફળવતા લોકોમાં ખુશીની લાગણી ફેલાઇ જાવા પામી છે. જેમાં (૧) દેગામ ભીનાર મુખ્ય રસ્તા થી ઝરપાણીયા ને જોડતો રસ્તો (૨) પંચલાઈ પટેલ ફળીયા મુખ્ય રસ્તાથી મહ્યાવંશી ફળીયા પ્રિયાંકભાઇના મહોલ્લાને જોડતો રસ્તો (૩) તરમાલિયા રાઇણી ફળીયા મુખ્ય રસ્તાથી ભવાની માતાના મંદિર થઈ દૂધી માતાના મંદિર તરફ જતો રસ્તો (૪) ગોઈમાં દાંડી ફળિયા મુખ્ય રસ્તાથી દિલીપભાઈની વાડી થઈ ગુલાબભાઈને ફાર્મને જોડતો રસ્તો (૫) અંબાચ પાથરપૂજા મુખ્ય રસ્તાથી નેવીયા ફળિયા થઈ ઝડું ફાર્મને જોડતો રસ્તો (૬) કાકડકોપર નિશાળ ફળીયા મુખ્ય રસ્તાથી દંડવટ ખોરી ફળીયા થઈ નિશાળ ફળીયાને જોડતો રસ્તો (૭) નિલોશી મુખ્ય રસ્તાથી ગાજરમાળ થઈ ખડકી ફળીયાને જોડતો રસ્તો (૮) વરવઠ મુખ્ય રસ્તાથી મહાદેવ મંદિર થઈ મંદિર ફળીયાને જોડતો રસ્તો (૯) સુકલબારી મુખ્ય રસ્તાથી પ્રાથમિક શાળા, આંગણવાડી થઈ ખાતુનીયા ખડી ફળીયાને જોડતો રસ્તો (૧૦) અંભેટી બાંગિયા ફળીયા મુખ્ય રસ્તાથી મુકેશભાઈ પટેલના મહોલ્લાને જોડતો રસ્તો (૧૧) મોટાપોઢા મુખ્ય રસ્તાથી બરમબેડા રામુભાઈ ઘર થઈ ડેરી તરફ જતો રસ્તો (૧૨) તિસ્કરીજંગલ મૂળગામ મુખ્ય મહોલ્લાથી ઈન્ટેકવેલ તરફ જતો રસ્તો (૧૩) વારોલી મંડવા મુખ્ય રસ્તાથી ખાંડરા ખોરી ફળીયા માદુભાઈ પોસ્ટમાસ્તરના મહોલ્લાને જોડતો રસ્તો (૧૪) વારોલી જંગલ મુખ્ય રસ્તાથી પંચાયત થઈ પ્રાથમિક શાળા આંગણવાડી નિશાળ ફળીયાને જોડતો રસ્તો (૧૫) મંડવા વારોલી મુખ્ય રસ્તાથી મોડેલ સ્કૂલથી નિશાળ ફળીયા થઈ મુખ્ય રસ્તાને જોડતો રસ્તોનો સમાવેશ થાય છે.


**કપરાડાનો પત્ર**
જગદીશ ભોયા, કપરાડા

ઉલેખયનિય છે કે, કપરાડા તાલુકા છેલ્લા બે - ત્રણ વર્ષ માં લોકોની સુખાકારી અને સુગમ મુસાફરીના હેતુથી કરોડો રૂપિયાના ખર્ચ કરી રસ્યાઓની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી હતી. પરંતુ કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મિલીભગતના પાપે રસ્તાઓ બીસ્માર બની લોકોની સુખાકારી હાલે દુઃખાકારી બની ગઈ છે. જે ને લઈ હાલે રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ રસ્યાઓના નિર્માણ કાર્યમાં ભષ્ટાચાર ન થાય તે અંગે સંબંધીત અધિકારીઓ સાથે સ્થાનિક લોકો પણ જાગૃત રહે તે જરૂરી છે.

આમ કપરાડા વિધાનસભા મત વિસ્તારમાં ધારાસભ્ય જીતુભાઇ ચૌધરીના પ્રયાસ થકી રાજ્ય સરકારે મંજુર કરેલા ૧૦.૩૩ કરોડના રસ્તાઓથી લોકોએ ખુશી વ્યકત કરી હતી. સાથે રસ્તાઓના કામમાં કોન્ટ્રાક્ટરો ભ્રષ્ટાચાર ન આચરે તેનું પણ ધ્યાન રાખવા લોકો નક્કી કરી દીધું હોવાનું જાણવા મળે છે.

# ગણેશજીની સ્થાપનાને ૭૫ વર્ષ પૂર્ણ થતાં

# ધરમપુરના દશોંદી ફળિયામાં અમૃત મહોત્સવ યોજાયો

## ગાર્ડન રોડ ખાતે ૫૦ વર્ષ પૂર્ણ થતા સુવર્ણ મહોત્સવની ભવ્ય ઉજવણી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૦૮ :** ધરમપુરના ઐતિહાસિક દસોંદી ફળિયાના મહાદેવના મંદિરમાં ૭૫માં વર્ષમા ગણેશજીની સ્થાપના કરવામાં આવતા યુવા શક્તિ મંડળના સદસ્યો તેમજ આ વિસ્તારના ભાવિક ભક્તો ઉત્સાહભેર અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યા છે. વર્તમાન સમયમા ગણપતિ મહોત્સવ નવા કલેવરમાં ઢળતો જાય છે. યુવાનો નવા નવા ડેકોરેશન-થીમ અને કન્સેપ્ટના સથવારે ગણેશ ઉત્સવ ઉજવી રહ્યા છે. પરંતુ ધરમપુરના દસોંદી ફળિયામાં ઉજવાતો ગણેશ ઉત્સવે હજુ પોતાની આગવી પરંપરા જાળવી રાખી છે, ગણપતિદાદાની મૂર્તિ આગલે દિવસેજ કોઈ ભક્તના ઘરે પધરામણી કરી ચતુર્થીના દિવસે સવારમાં ભજનોની રમઝટ સાથે મૂર્તિને લારીમાં મૂકી ફળિયામાં ફેરવ્યા બાદ મંદિરમાં લઇ જઈ સ્થાપના કરાય છે. છેલ્લા ૭૫ વર્ષથી ચાલી આવેલી આ પ્રથા હજુ પણ અકબંધ છે સાંજે ગણપતિ દાદાની ૯ જેટલી કરાતી આરતીઓ અહીંની વિશેષતા છે.

આ ગણપતિની વિશેષતા એ છે કે વર્ષોથી એક જ કુટુંબ એક સરખી માટીની મૂર્તિ બનાવે છે. અને હજુ પણ એ પરંપરા સચવાય રહી છે. તે ઉપરાંત ગાર્ડનગાર્ડનરોડ નવયુવક મંડળ ગણેશજીની સ્થાપનાનું ૫૦ વર્ષ પૂર્ણ કરવામાં આવતા સુવર્ણ મહોત્સવ નિમિત્તે મંડળના સભ્યો દ્વારા આનંદ ઉલ્લાસ ભેર ઉજવણી કરવામાં આવી રહી છે જ્યારે ધરમપુરમાં આસુરા ચોકડી, વાલોડ ફળિયા,માછીવાડ, આસુરા ઝાંપા, અગાસી ફળિયું, કાનજી ફળિયા રાજમહલ રોડ, પ્રભુ ફળિયું, હાથીખાના, મોટા બજાર, દસોંદી ફળિયા ગાર્ડન રોડ, મ્યુઝિયમની સામે, ત્રણ દરવાજા વલ્લરી હોસ્પિટલ પાસે, જકાતનાકા ખેરગામ રોડ વિસ્તારમાં ઉપરોક્ત ગણેશ મંડળોએ વિધિવત ગણેશજીની સ્થાપના કરી હતી.

# ધરમપુરના સખી મંડળની બહેનોએ આર્થિક સહાયથી પ્રાકૃતિક ખેતીના શ્રીગણેશ કર્યા



**આલેખન: જિજ્ઞેશ સોલંકી**

**વલસાડ, તા. ૮ :** મહિલાઓ આત્મનિર્ભર બને તે માટે રાજ્ય સરકાર દ્વારા સખી મંડળની બહેનોને આર્થિક રીતે ધિરાણ પુરી પાડી સ્વનિર્ભર બનાવવામાં આવી રહી છે. સખી મંડળની બહેનો પણ નાણાકીય સહાય મળતા ગૃહ ઉદ્યોગમાં પાપડ, અથાણા, ભરતગૂથણ, રેક્ઝિનની બેગ બનાવવી કે પછી અન્ય કોઈ ધંધો શરૂ કરતી હોય છે પરંતુ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ભાંભા ગામના નવયુગ સખી મંડળની બહેનોએ બીજી બધી બહેનો કરતા જરા હટકે વિચાર કરી સરકાર દ્વારા મળતા ધિરાણમાંથી કોઈ ગૃહ ઉદ્યોગ શરૂ કરવાને બદલે દેશી ગાય ખરીદી પ્રાકૃતિક ખેતીના મંડાણ કર્યા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગામે ગામ રહેતી મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે સખી મંડળની પહેલ કરી બહેનોને વિકાસની રાહમાં સહભાગી બનાવી હતી. જેના ફળ સ્વરૂપે આજે એક ગામ એવુ બાકી નથી રહ્યું કે, જ્યાં સખી મંડળ અસ્તિત્વમાં ન હોય. સખી મંડળની બહેનોના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા ખોબે ખોબે આર્થિક સહાય વખતો વખત આપવામાં આવી રહી છે. જે સહાયનો ઉપયોગ કરી બહેનો પોતાના સપના સાકાર કરી આકાશને આંબી રહી છે. આવુ જ એક સખી મંડળ ધરમપુર તાલુકાના ભાંભા ગામનું નવયુગ સખી મંડળ છે. જેની બહેનોએ અન્ય સખી મંડળની બહેનોને પણ નવી રાહ ચીંધી છે. આ મંડળના સભ્ય અને પ્રાકૃતિક ખેતી કરનાર સરસ્વતીબેન દિલીપભાઈ પટેલ જણાવે છે કે, પહેલા અમે વધુ નફાની લાલચમાં રાસાયણિક ખાતરથી ખેતી કરતા હતા પરંતુ તેના કારણે જમીનને પણ નુકશાન થતુ હતુ અને સ્વાસ્થ્યપ્રદ પાક પણ મળતો ન હતો. તે સમયે પ્રાકૃતિક ખેતી વિશે પૂરતી માહિતી ન હતી. ચાર વર્ષ પહેલા બરૂમાળ ગામમાં સુભાષ પાલેકર ખેતીની તાલીમમાં ભાગ લેતા પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાયુ હતુ. ત્યારબાદ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરવાની ઈચ્છા થઈ પરંતુ ઘરે દેશી ગાય ન હતી. સખી મંડળ દ્વારા આર્થિક મદદ મળતા દેશી ગાય ખરીદી હતી. આ સિવાય આત્મા પ્રોજેક્ટ દ્વારા તાલીમ આપવામાં આવી અને ખેતીવાડીમાં ઉપયોગ માટે એક પીપ, બે તગારું, એક ડોલ અને ઘાસ કાપવાનું મશીન વિના મૂલ્યે આપવામાં આવ્યું હતું. સરકાર દ્વારા અમારા સખી મંડળને શરૂઆતમાં પાંચ હજાર મળ્યા હતા ત્યારબાદ રૂ. ૫૦ હજાર મળ્યા હતા જે બહેનોએ વહેંચી લઈ દેશી ગાય ખરીદી હતી. હવે છાણીયુ ખાતર અને ગૌમૂત્ર ભેગુ કરી સાથે જીવામૃત અને ઘન જીવામૃત બનાવી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. વર્ષો સુધી રાસાયણિક ખાતરથી કરેલી ખેતીની તુલનાએ પ્રાકૃતિક ખેતી આરોગ્યપ્રદ અને પરોપકારી હોવાનો અનુભવ થયો છે. શરૂઆતમાં ઉત્પાદન ઠીક હતુ પરંતુ હવે ઉત્પાદન પણ સારૂ થાય છે. આવકની વાત કરીએ તો, હાલમાં ભીંડા અને ડાંગરની ખેતી એક એકર જમીનમાં કરી છે. જેમાંથી દર બીજા ત્રીજા દિવસે છ મણ ભીંડાનો મબલખ પાક થકી મહિને રૂા. ૪૫ હજારની આવક મળે છે. જેનાથી જીવન ધોરણ પણ બદલાયું છે. જે બદલ હું રાજ્ય સરકારનો આભાર માનુ છું.

## ભીંડાની ખેતી દ્વારા દર મહિને રૂ. ૪૫ હજારની આવક થઈ રહી છે : ખેડૂત સરસ્વતીબેન પટેલ

આ જ સખી મંડળના અન્ય એક બહેન બબલીબેન બાબુભાઈ પટેલે જણાવ્યું કે, અમે સિઝન પ્રમાણે ખેતી કરીએ છીએ, શિયાળામાં વેગણ - ટામેટાની ખેતી કરીએ છે. ત્યારબાદ દૂધીની ખેતી કરી હતી. હાલમાં ડાંગરની પ્રાકૃતિ ખેતી કરીએ છે. પ્રાકૃતિક ખેતીથી ઉગલો પાક કે શાકભાજી એટલી પૌષ્ટિક અને શુધ્ધ હોય છે કે, તેના પાકની ડિમાન્ડ પણ વધુ રહે છે. પાક ઉતરે એટલે બજારમાં વેચાણ માટે જવાની પણ જરૂર પડતી નથી. ઘર બેઠા લોકો આવીને પ્રાકૃતિક ખેતીની ખેતપેદાશ ખરીદી જાય છે. આત્મા પ્રોજેક્ટ દ્વારા અમને બહેનોને જીવામૃત અને ઘન જીવામૃત બનાવવાની તાલીમ તેમજ પ્રાકૃતિક ખેતીના છ આધારસ્તંભ વિશે પણ માહિતી આપવામાં આવી હતી. જેનાથી સમૃધ્ધ પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. સખી મંડળના અન્ય એક બહેન ભારતીબેન અશોકભાઈ પટેલે જણાવ્યું કે, ખેડૂતના મિત્ર તરીકે જાણીતા અળસિયા પહેલા ઝેરયુક્ત રાસાયણિક ખેતીમાં જોવા મળતા ન હતા કારણ કે, કેમિકલ યુક્ત ખાતર અને જંતુનાશક દવાથી અળસિયા મરી જતા હતા પરંતુ પ્રાકૃતિક ખેતી કરવાથી જમીનમાં હવે અસંખ્ય અળસિયા જોવા મળે છે. જેનાથી જમીન પણ ફળદ્રુપ બની છે. અમારા મંડળની મોટા ભાગની બહેનોએ પ્રાકૃતિક ખેતીમાં ઝંપલાવ્યુ છે તો કેટલીક બહેનો સખી મંડળ દ્વારા પશુપાલનનો પણ વ્યવસાય કરી આત્મનિર્ભર બની રહી છે. જે બદલ રાજ્ય સરકારનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરીએ છે.

# કપરાડા શિક્ષક પરસ્પર સહકારી મંડળીના પ્રમુખ, ઉપ પ્રમુખની બિનહરીફ વરણી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**નાનાપોંઢા, તા.૦૮ :** કપરાડા તાલુકા શિક્ષક પરસ્પર સહકારી શાખવાળી મંડળીના હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા હતાં.

જેમાં કારોબારી સભ્યોએ બહુમતી દર્શાવતા પ્રમુખ ગણેશભાઈ જે. ભોયા, ઉપ પ્રમુખ ગણેશભાઈ એલ. ગાંવિત, કમ્પ્યુટર ઓપરેટર ધવળુભાઈ એલ. કામડી, આંતરિક ઓડિટર- ૧ કિરણભાઈ ડી.ભરસટ, આંતરિક ઓડિટર -૨, સુનિતાબેન જી. રાઉત તરીકે નિમાયા હતાં.

આ દરમ્યાન મંડળીના તમામ સભાસદોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ધરમપુરમાં જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમિનાર યોજાયો



**ધરમપુર, તા.૦૮ :** જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ધરમપુર દ્વારા દર વર્ષની જેમ જિલ્લા કક્ષાનો નેશનલ સાઇન્સ સેમિનાર- ૨૦૨૪નું આયોજન ૦૪/૦૯/૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું.

નેશનલ સાઈન્સ સેમિનારનો ઉદ્દેશ્ય-વિદ્યાર્થીઓ નવી વૈજ્ઞાનિક પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા તેમજ વૈજ્ઞાનિક જાગૃતિ સાથે વિવિધ શાખાઓથી માહિતગાર કરવાનો છે. કૃત્રિમ બુદ્ધિમત્તા સંભવિતતાઓ અને ચિંતાઓ “Artificial Intelligence: Potentials & Concerns” વિષય પર જિલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર (રા.વિ.સં.પ.) ધરમપુર ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રજ્ઞેશ રાઠોડ એજ્યુકેશન ઓફિસર, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર એ તેમના સંબોધનમાં જિલ્લા અને રાજ્ય સ્તરે થતી વિજ્ઞાન શિક્ષણ વિષયક પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓના જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર દ્વારા થતાં આયોજનની માહિતી આપી હતી તથા વિદ્યાર્થીઓમાં રહેલી Artificial Intelligence અંગેની રુચિ અને વૈજ્ઞાનિક પ્રતિભાને પ્રોત્સાહન આપવા આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે નિર્ણાયક તરીકે ડૉ. ભદ્રેશ સુદાની, ગવર્મેન્ટ ઍન્જિનિયરિંગ કોલેજ, વલસાડ તથા રાહુલ શાહ, જુનિયર મેન્ટર, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર એ સેવા આપી હતી. વલસાડ જિલ્લાની વિવિધ શાળાના ધોરણ ૮ થી ૧૦ ના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લઈ Artificial Intelligence પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. Artificial Intelligenceનો વધતો જતો ઉપયોગ, રોજબરોજમાં થતી અસરો, તેના ઉપયોગથી થતાં ફાયદાઓ, વધુ પડતાં ઉપયોગથી થતાં ગેરફાયદાઓ વગેરે પાવર પોઈન્ટ પ્રેસેંટેશનના માધ્યમથી પોતાના વિચારો રજૂ કર્યા હતા.

જિલ્લા કક્ષાના નેશનલ સાઇન્સ સેમિનાર ૨૦૨૪ માં વલસાડ જિલ્લાની ૮ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ પુરસ્કાર પ્રિન્સ દદાણી, સેંટ ફ્રાન્સિસ હાઇસ્કૂલ, વાપીને અને ધરા પટેલ, કુસુમ વિદ્યાલય, વલસાડને દ્વિતીય પુરસ્કાર જ્યારે તૃતીય પુરસ્કાર ધ્વનિ કે પટેલ કલ્યાણી શાળા અતુલ પ્રાપ્ત થયો હતો. પ્રથમ અને દ્વિતીય વિજેતાઓ રાજ્ય કક્ષાના સેમિનારમાં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. રાજ્ય કક્ષાની સ્પર્ધા સાઈન્સ સિટી, અમદાવાદ ખાતે યોજાશે, જેની વધુ માહિતી પાછળથી આપવામાં આવશે. કાર્યક્રમના મુખ્ય અતિથિ ડૉ. ભદ્રેશ સુદાની, આસિસ્ટન્ટ પ્રોફેસર, ગવર્મેન્ટ ઍન્જિનિયરિંગ કોલેજ, વલસાડ, ડો. પંકજ દેસાઇ, વિજ્ઞાન સલાહકાર, અને સી. લેક્ચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલસાડ અને જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુરના જુનિયર મેન્ટર રાહુલ શાહ તથા એજ્યુકેશન ઓફિસર પ્રજ્ઞેશ રાઠોડે ભાગ લેનાર તમામ પ્રતિભાગીઓને પ્રમાણપત્ર અને વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. નિર્ણાયકોએ વિદ્યાર્થીઓને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે ઉપયોગી સૂચનો આપ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના તમામ કર્મચારીઓનો અમૂલ્ય સહયોગ રહ્યો હતો.

# પેંણધા પ્રા. શાળાની શિક્ષિકાને શ્રેષ્ઠ શિક્ષક તરીકે પારિતોષિકથી સન્માન કરાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૦૮ :** શિક્ષક દિન નિમિત્તો પ્રા. શાળા. આંઘોળી- પેણધા, ધરમપુર નાં શિક્ષિકા દર્શનાકુમારી રમણભાઈ પટેલને એમના અસરકારક શૈક્ષણિક કાર્ય, શાળાકક્ષાએ તેમણે કરેલી વિશેષ કામગીરી, તેમણે કરેલ નવતર પ્રયોગો, શિક્ષણકાર્ય માં તેમના દ્વારા કરાયેલ નવીન - યુક્તિઓ, પ્રવૃત્તિઓ, બાળકો માટે તેમણે કરેલી સહાય, તેમના સામાજિક યોગદાન, તેમના ઉત્કૃષ્ટ કાર્યો બદલ ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ દ્વારા વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક તરીકેનું પારિતોષિક એનાયત કરી સન્માન કરાયુ હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલ તથા વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ તેમજ ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની ઉપસ્થિતિમાં જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજ ટંડેલનાં હસ્તે દર્શના પટેલને શ્રેષ્ઠ શિક્ષક તરિકે પારિતોષિક એનાયત કરી સન્માન કરવામાં આવ્યુ હતું.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 09, September 2024


## વિવાદોમાં સપડાતી મેસેજિંગ એપ્સ

તાજેતરમાં જ મેસેજિંગ એપ ટેલીગ્રામના સીઈઓ પાવેલ દુરોવની ફ્રાન્સમાં ધરપકડ કરાઈ. તેમની ટેલીગ્રામ પર થઈ રહેલ અપરાધિક ગતિવિધિઓ રોકવામાં નિષ્ફળ રહેતાં ધરપકડ કરાઈ. ભારતમાં પણ શેરોની સટ્ટાબાજી, ખંડણી અને ત્યાં સુધી કે પ્રતિયોગી પરીક્ષાઓના પેપર લીક કરવામાં ટેલીગ્રામના ઉપયોગનો આરોપ છે. તેને કારણે ટેલીગ્રામ પર ભારતમાં -તિબંધ લગાવવાની માંગ ઊઠી રહી છે. તાજો ઘટનાક્રમ માદક પદાર્થોની તસ્કરી, બાળ યૌન સામગ્રીના પ્રસાર અને આર્થિક છેતરપિંડીમાં ટેલીગ્રામની સંડોવણી સાથે જોડાયેલ છે. ફ્રાન્સમાં ટેલીગ્રામ પર આરોપ લાગ્યો છે કે આ તમામ કેસમાં ટેલીગ્રામની ભૂમિકાની તપાસ પર તેના અધિકારીઓએ કોઈ સહયોગ ન આપ્યો. આ એપના સંચાલકોએ ગેરકાયદે ગતિવિધિઓ પર નજર રાખવા અને તેના પર નિયંત્રણ મેળવવાના કોઈ પ્રયાસ નથી કર્યા. તેનાથી કેટલાય પ્રકારન અપરાધોમાં ટેલીગ્રામના ઉપયોગનો દર વધ્યો. તેનો ફાયદો ટેલીગ્રામને થયો, પરંતુ સરકારો પર તેના દ્વારા થનારી અપરાધિક ગતિવિધિઓ પર અંકુશ ન લગાવી શકવાને કારણે ઘણું દબાણ વધ્યું. જોકે ટેલીગ્રામના સંચાલકોએ પોતાનો બચાવ એમ કહીને કર્યો છે કે તેમણે આ સંબંધે ઉદ્યોગ જગતના માપદંડોનું પાલન કર્યું છે. અપરાધિક ગતિવિધિઓના નિરીક્ષણ અને તેને અટકાવવા માટે સતત પ્રયાસ પણ કર્યા છે. ભારતમાં ટિકટોક પર પહેલાંથી જ પ્રતિબંધ છે, પરંતુ યુટ્યૂબ, ફેસબુક, ઈન્સ્ટાર્ગામ, સ્નેપચેટ, એક્સ, વોટ્સએપ અને ટેલીગ્રામ જેવા અગણિત ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મના લાખો લોકો ઉપયોગકર્તા છે. દેશમાં માહિતીના આદાન-પ્રદાનમાં તેનાથી ઘણી તેજી આવી છે, પરંતુ ટેકનિકનાં બેતરફી પાસાંની જેમ એના પર જાતજાતના આરોપ પણ લાગતા રહે છે. જેમ કે તેને અફવા ફેલાવવા, ફેક ન્યૂઝના પ્રસાર, લોકોને સતાવવા કે યૌન દુર્વ્યવહાર વગેરે અપરાધિક પ્રકારની ગતિવિધિઓ માટે પણ જવાબદાર માનવામાં આવ્યાં છે. તેના કેટલાય સામાજિક દોષ પણ ગણાવવામાં આવ્યા છે. જેમ કે એના પર લોકો પોતાની ખોટી અને તડક-ભડકવાળી જિંદગી બીજાઓને દેખાડે છે. ઈન્સ્ટાગ્રામ વગેરે પર ફોટો-વીડિયોના ખોટા ઉપયોગથી પણ કેટલીય સામાજિક અને માનસિક સમસ્યાઓ પેદા થવાની વાતો કહેવાય છે. જોકે સરકારો સમયે સમયે તેના પર નિયંત્રણ મૂકવાના પ્રયાસ કરતી રહે છે. તેના સંચાલન સાથે જોડાયેલ નિયમ-કાયદામાં સમયની જરૂરિયાત અનુસાર તબદિલી પણ કરવામાં આવતી રહી છે, પરંતુ ટેકનિકના વિસ્તાર અને મોબાઈલ ઈન્ટરનેટના તેજ ફેલાવા સાથે આપણા દેશમાં ઈન્ટરનેટ મીડિયાનાં આ પ્લેટફોર્મ કેટલીય સમસ્યાઓના વાહક પણ બની ગયા છે. ભારતમાં ટેલીગ્રામ કેટલાય મુદ્દાને લઈને વિવાદોમાં રહ્યું છે. થોડા સમય પહેલાં યુજીસી-નેટ પરીક્ષામાં થયેલ ગરબડમાં ટેલીગ્રામની ભૂમિકા ચર્ચામાં આવી હતી. પેપર લીકનો ઘટનાક્રમ ખૂલતાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે યુજીસી-નેટ પરીક્ષાનાં પેપરો ડાર્કનેટ પર ઉપલબ્ધ હતાં, જેને ટેલીગ્રામ દ્વારા વિભિન્ન લોકો સુધી પહોંચાડવામાં આવ્યાં. સરકાર દ્વારા એ નિવેદન આવ્યું હતું કે ટેલીગ્રામનું જે ચરિત્ર છે, તેની ઉચ્ચ સ્તરીય તપાસ કર્યા વગર એ શોધવુ પડકારજનક છે કે કોણે પેપરો એના પર મૂક્યાં અને તેનો પ્રસાર બીજા લોકો સુધી કેવી રીતે થયો? પેપરલીકનો મામલો આવતાં પહેલાં આ જ વર્ષે એપ્રિલમાં ટેલીગ્રામ દ્વારા શેરોમાં કરાતી સટ્ટાબાજીને લઈને શેરબજારની નિયામક સંસ્થા સેબીએ સવાલ ઉઠાવ્યા હતા. સેબીએ કહ્યું હતું કે ટેલીગ્રામ દ્વારા કેટલાક લોકો શેરોની કિંમતો કૃત્રિમ રૂપે વધારવા કે ઘટાડવાના ખેલમાં સામેલ છે. એનાથી સામાન્ય અને નાના રોકાણકારોને ભારે નુક્સાન થઈ રહ્યું છે. ટેલીગ્રામ પર એવી શંકા અચાનક નથી થઈ, પરંતુ તેની સાથે સંબંધિત એક ફરિયાદ સેબીને ૨૦૨૧માં મળી હતી. સેબીએ ફરિયાદ પર કાર્યવાહી કરતાં જ્યારે સેફબુલ્સ નામની એક ચેનલ વિરુદ્ધ તપાસ કરી તો ખબર પડી કે એ ચેનલ ચુનંદા શેરોની ખરીદીની સલાહ આપતી હતી. જ્યારે એવા શેરોમાં રોકાણકારો સામેલ થતાં તેજી આવી જતી હતી, તો એ ચેનલ કેટલાક ખાસ લોકોને તરત શેર વેચીને નીકળી જવાની સલાહ આપતી હતી. તેનાથી નાના રોકાણકારોને ભારે નુક્સાન થતું હતું. સેબીએ તપાસના આધાર પર કેસને 'પંપ એન્ડ ડમ્પ' કૌભાંડની સંજ્ઞા આપી હતી. એવામાં સંભવ છે કે દેશમાં ટેલીગ્રામ દ્વારા કેટલાક અન્ય ગેરકાયદે ધંધા ચાલી રહ્યા હોય. તેથી સરકારે તેની ગહનતાથી તપાસ કરાવવી જોઈએ.

### વિદેશથી આવેલી વ્યક્તિને આઈસોલેટ કરાઈ

## ભારતમાં મંકીપોક્સનો પ્રથમ શંકાસ્પદ કેસ

**મંકીપોક્સના વધતા જોખમને ધ્યાને લઈ ડબ્લ્યુએચઓએ આંતરરાષ્ટ્રીય આરોગ્ય કટોકટી જાહેર કરી હતી : હાલ વિશ્વના અનેક દેશોમાં આ વાયરસ ફેલાઈ રહ્યો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૮: ભારતમાં મંકીપોક્સનો એક કેસ સામે આવ્યો છે. વાસ્તવમાં, તાજેતરમાં એક યુવાન વ્યક્તિને એમપોક્સ (મંકીપોક્સ)ના ચેપના શંકાસ્પદ કેસ તરીકે ઓળખવામાં આવ્યો છે. દર્દીને આઈસોલેશન માટે નિર્દિષ્ટ હોસ્પિટલમાં અલગ રાખવામાં આવ્યો છે. હાલમાં, તેની સ્થિતિ સ્થિર છે. એમપોક્સની હાજરીની પુષ્ટિ કરવા માટે દર્દીના નમૂનાનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. PIBના અહેવાલ અનુસાર, આ કેસને સ્થાપિત પ્રોટોકોલ અનુસાર મેનેજ કરવામાં આવી રહ્યો છે અને સંભવિત સ્રોતની ઓળખ કરવા અને દેશની અંદર પ્રભાવનું મૂલ્યાંકન કરવા માટે તેની સંપર્ક શોધ ચાલુ છે. આ કેસ NCDCની તરફથી કરવામાં આવેલા જોખમ મૂલ્યાંકન અનુરૂપ છે અને કોઈપણ બિનજરૂરી ચિંતાનું કોઈ કારણ નથી.

દેશ આ પ્રકારના અલગ થલગ પ્રવાસ સંબંધિત કેસથી નિપટવા માટે પૂરી રીતે તૈયાર છે અને કોઈપણ સંભવિત જોખમને મેનેજ કરવા અને ઘટાડવા માટે કડક પગલાં લેવામાં આવ્યા છે. જેના માટે કેન્દ્ર સરકારે બધા રાજ્યોને જરૂરી માર્ગદર્શિકા જારી કરી છે. સાથે જ રાજ્યોને કોરોના વાયરસની પડકાર વચ્ચે સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે.

છેલ્લા દિવસોમાં થયેલી આરોગ્ય મંત્રાલયની બેઠકમાં એ વાત સામે આવી હતી કે મંકીપોક્સનો સામાન્ય રીતે ૨-૪ અઠવાડિયાનો ચેપ હોય છે અને દર્દીઓ સામાન્ય રીતે સહાયક સંબંધિત વ્યવસ્થાપનથી સાજા થઈ જાય છે.

ચેપગ્રસ્ત વ્યક્તિ સાથે લાંબા સમય સુધી નજીકના સંપર્કથી અને સામાન્ય રીતે જાતીય સંપર્ક, શરીર, ઘાના પ્રવાહી સાથે સીધા સંપર્ક અથવા ચેપગ્રસ્ત વ્યક્તિના દૂષિત કપડાં, ચાદરનો ઉપયોગ કરવાથી થાય છે.

જણાવી દઈએ કે, WHOએ આ પહેલાં જુલાઈ ૨૦૨૨માં મંકીપોક્સને PHEIC જાહેર કર્યું હતું. જેને પછી મે ૨૦૨૩માં રદ કરી દેવામાં આવ્યું હતું. ૨૦૨૨થી વૈશ્વિક સ્તરે WHOએ ૧૧૬ દેશોમાંથી મંકીપોક્સને કારણે ૯૯,૧૭૬ કેસ અને ૨૦૮ લોકોના મૃત્યુ થયા હોવાની વાત કહી હતી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે એક પોસ્ટમાં જણાવ્યું છે કે, MPox એક વાયરલ ચેપ છે જે ચેપગ્રસ્ત વસ્તુઓ, નજીકના સંપર્ક અને શરીરના પ્રવાહી દ્વારા ફેલાય છે. ચેપગ્રસ્ત વ્યક્તિ દ્વારા ઉપયોગમાં લેવાતી વસ્તુઓ જેમ કે કપડાં, ચાદર, ટુવાલ વગેરેનો ઉપયોગ કરવાનું ટાળો. ચેપગ્રસ્ત વ્યક્તિના શરીરના પ્રવાહી અથવા ઘાના સંપર્કમાં આવવાથી ચેપ ફેલાવવાનું જોખમ પણ હોઈ શકે છે. સમુદાયમાં સામાજિક અંતરનું પાલન કરો. મંકીપોક્સ સામાન્ય રીતે બેથી ચાર અઠવાડિયાનું સંક્રમણ હોય છે અને દર્દી યોગ્ય સારવારથી સ્વસ્થ થઇ જાય છે. આ વાઇરસ સંક્રમિત વ્યક્તિની સાથે લાંબા સમય સુધી નિકટ સંપર્ક, જાતીય સંપર્ક, થૂંક જેવા પ્રવાહી પદાર્થના માધ્યમથી, શરીર સાથે સંપર્ક અથવા સંક્રમિત વ્યક્તિના કપડાંનો ઉપયોગ કરવાથી ફેલાઇ શકે છે.

નોંધનીય છે કે, ડબ્લ્યુએચઓએ અગાઉ જુલાઇ ૨૦૨૨માં પણ મંકીપોક્સને કટોકટી જાહેર કરી હતી, જેને મે ૨૦૨૩માં રદ કરવામાં આવી હતી. જો કે, તાજેતરમાં ડબ્લ્યુએચઓએ જણાવ્યું કે વર્ષ ૨૦૨૨થી અત્યાર સુધી વૈશ્વિક સ્તરે મંકીપોક્સના ૧૧૬ દેશોમાં ૯૯,૧૭૬ કેસ સામે આવ્યા છે, જેમાં ૨૦૮ લોકોના મોત થયા છે.

### સુરક્ષાદળોના હથિયારો લૂંટવાના પ્રયાસ

## મણિપુરમાં ફરી હિંસા ભડકતાં સૈન્યએ હેલિકોપ્ટર ઊતાર્યું

**ઉગ્રવાદીઓના ડ્રોન તોડી પાડવા એન્ટી ડ્રોન પ્રણાલી સજ્જ કરવામાં આવી : મણિપુરમાં ફરી હિંસાની આગ સળગી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

મણિપુર, તા.૮: મણિપુરમાં ફરી એકવખત હિંસાની આગ સળગી ઉઠી છે. છેલ્લા કેટલાક દિવસમાં જિરીબામ જિલ્લામાં થયેલ હિંસામાં પાંચ લોકોના મોત નીપજ્યા છે. જેમાં એક વ્યક્તિની તો ઉંઘમાં જ હત્યા કરી દેવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, અમુક બદમાશોએ ઈમ્ફાલ પૂર્વીય જિલ્લામાં મણીપુર રાઈફલ્સની બે બટાલિયનોના શસ્ત્રાગારમાંથી હથિયારો લૂંટવાની કોશિશ કરી હતી, પરંતુ, સુરક્ષા બળોએ ટિયર ગેસના ગોળા છોડ્યા હતા. તેમજ રાઉન્ડ ફાયર કરી ભીડને ભગાડવાનો પ્રયાસ કર્યો હતો.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, શુક્રવાર સાંજે અમુક બદમાશોએ સાતમી અને બીજી મણિપુર રાઈફલ્સ બટાલિયન પાસેથી હથિયાર લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સંયુક્ત સુરક્ષા દળો આ ટોળાને વિખેરવા સફળ રહી હતી. જો કે, બીજી તરફ બદમાશોએ પોલીસ પર ગોળીબાર કર્યો હતો, જેમાં બે પોલીસ ઘાયલ થયા હતાં. વરિષ્ઠ અધિકારી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સ્થિતિને કાબુમાં લીધી હતી. પોલીસે ફરી એકવાર તમામને અપીલ કરી છે કે, તે કાયદાને પોતાના હાથમાં ન લે. આ પ્રકારના દુ:સાહસના કારણે બદમાશોની ટોળકીને આકરી સજા કરવામાં આવશે.

હિંસાના વધતી ઘટનાઓના કારણે હવાઈ દેખરેખ રાખવા માટે સૈન્ય હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા છે અને ઉગ્રવાદીઓના ડ્રોન તોડી પાડવા એન્ટી ડ્રોન પ્રણાલી પણ સજ્જ કરવામાં આવી છે.

મણિપુરમાં ગતવર્ષે મેમાં જાતિય હિંસા ભડકાવ્યા બાદ, હિંસક ભીડે મણિપુર પોલીસના શસ્ત્રાગાર અને જિલ્લામાં અન્ય સુરક્ષા ચોકીઓમાંથી ૪૦૦૦થી વધુ અત્યાધુનિક હથિયારો અને લાખો દારૂગોળાઓ લૂંટી દીધા હતા. જો કે, સુરક્ષા દળોએ મોટી સંખ્યામાં આ લૂંટાયેલા હથિયારો અને દારૂગોળાઓ જપ્ત કર્યા હતા.

### બંગાળની ખાડીમાં વાવાઝોડાની આશંકા

## અનેક રાજ્યોમાં વરસાદની આગાહી

**આંધ્રપ્રદેશમાં ભારે વરસાદનું એલર્ટ જારી કરાયું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૮: દેશમાં અનેક રાજ્યોમાં સામાન્યથી ભારે વરસાદ પડી રહ્યો છે, તો કેટલાક રાજ્યોમાં વરસાદ આફત બની ગયો છે. ત્યારે ભારતીય હવામાન વિભાગે (ૈસ્ઙ્ઘ) ફરી કેટલાક રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરી છે. આઈએમડીએ ગુજરાત, રાજસ્થાન, દિલ્હી સહિત અનેક રાજ્યોમાં વરસાદનું એલર્ટ જાહેર કર્યુ છે.

આગાહી મુજબ આંધ્રપ્રદેશમાં ભારે વરસાદનું એલર્ટ જારી કરાયું છે. આંધ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં મહત્તમ વરસાદની સંભાવના છે અને ૮થી ૯ સપ્ટેમ્બર દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. હાલ બંગાળની ખાડીમાં સાયક્લોનિક સરક્યુલેશન સર્જાયું છે અને તે ડિપ્રેશનમાં પરિવર્તિત થઈ રહ્યું છે. બંગાળના દક્ષિણી વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના છે. પૂર્વ-પશ્ચિમ મિદાનપુર, દક્ષિણ-ઉત્તર ૨૪ પરગણા, ઝારગ્રામ જિલ્લામાં ભારે વરસાદની સંભાવના છે. માછીમારોને ૮થી ૧૦ ઓગસ્ટ દરમિયાન દરિયામાં ન જવા માટે ચેતવણી અપાઈ છે.

હિમાચલમાં ભારે વરસાદને કારણે અનેક જિલ્લાઓમાં રસ્તાઓ જળબંબાકાર થઈ ગયા છે. આઈએમડીએ કુલ્લુ, મંડી, શિમલા, સોલન અને સિરમૌરના વિસ્તારો માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિડાગે પૂરની પણ આશંકા વ્યક્ત કરી છે.

દિલ્હી પર હવામાન મહેરબાન થયું છે. દિલ્હીના મોટાભાગના વિસ્તારોમાં સતત વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે દિલ્હીમાં વાદળો અને વરસાદની સ્થિતિ યથાવત્ રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. દિલ્હીમાં વાદળછાયું આકાશ રહેવાની તેમજ હળવા ઝરમર વરસાદની સંભાવના શક્યતા છે, જેના કારણે લોકેને ભેજ અને ગરમીથી રાહત મળશે.

ખાનગી હવામાન એજન્સીની આગાહી મુજબ, ગુજરાત, ઝારખંડ, હરિયાણા, તેલંગાણા, મરાઠવાડા, કેરળ, કોસ્ટલ કર્ણાટક, લક્ષદ્વીપ અને આંદામાન નિકોબાર ટાપુઓમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

ઓડિશા, ઉત્તર આંધ્ર પ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. જ્યારે પશ્ચિમ હિમાલય, દિલ્હી, સૌરાષ્ટ્ર, પશ્ચિમ રાજસ્થાન અને કચ્છ, કર્ણાટક અને તમિલનાડુમાં હળવો વરસાદ પડી શકે છે.

## પેલેસ્ટાઈનને પણ ભારતથી આશા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૮: ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધને ૧૧ મહિનાથી વધુ સમય થયો હોવા છતાં બંને વચ્ચે ખુંવારી ચાલી રહી છે. હમાસના હુમલા બાદ ઈઝરાયેલે કરેલી કાર્યવાહીથી પેલેસ્ટાઈનને ભારે જાન-માલનું નુકસાન થયું છે. હવે ભારત સ્થિત પેલેસ્ટાઈનના રાજદૂત અદનાન અબુ અલ-હૈજાએ ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં મધ્યસ્થતા અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે આશા રાખી છે કે, યુદ્ધમાં ભારત મધ્યસ્થી કરે.

પેલેસ્ટાઈનના રાજદૂતે દિલ્હી સ્થિત સમાચાર એજન્સીને કહ્યું કે, 'અમને ભારત જેવા મિત્ર દ્વારા મધ્યસ્થીની ભૂમિકા ભજવવાની આશા છે. હું જાણું છું કે, ભારત શાંતિપ્રિય દેશ છે, તેથી જ અમે તેમને ભૂમિકા નિભાવવા માટે કહી રહ્યા છીએ. ભારત બંને દેશોનો મિત્ર છે.'

અમેરિકા અને બ્રિટનની વિદેશી ગુપ્તચર એજન્સીઓના પ્રમુખે તાજેતરમાં કહ્યું હતું કે, અમે ગાઝામાં યુદ્ધવિરામ માટે સતત કામ કરી રહ્યા છે. અમેરિકાના સીઆઈએના ડિરેક્ટર વિલિયમ બર્ન્સ અને યુકે એમૈંદ્દના વડા રિચાર્ડ મૂરે કહ્યું હતું કે, અમારી એજન્સીઓએ સંયમ રાખવા માટે તેમજ તણાવ ઘટાડવા માટે અમારી ગુપ્તચર તંત્રનો ઉપયોગ કર્યો છે.

## પાકિસ્તાન આતંકવાદ બંધ કરે તો અમે વાતચીત માટે તૈયાર:રાજનાથ સિંહ

**રાજનાથ સિંહે રામબનના બનિહાલ વિધાનસભા ક્ષેત્રમાં ભાજપના ઉમેદવાર મોહમ્મદ સલીમ ભટના સમર્થનમાં રેલીને સંબોધી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૮: રક્ષા મંત્રી રાજનાથ સિંહે રવિવારે કહ્યું કે જો પાકિસ્તાન જમ્મુ કાશ્મીરમાં આતંકવાદ બંધ કરે તો ભારત તેની સાથે વાતચીત શરૂ કરવા માટે તૈયાર છે. રામબન જિલ્લાના બનિહાલ વિધાનસભા ક્ષેત્રમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના ઉમેદવાર મોહમ્મદ સલીમ ભટના સમર્થનમાં ચૂંટણી રેલીને સંબોધતા સિંહે કહ્યું કે જમ્મુ કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ને લોકોની મુશ્કેલીઓ દૂર કરવા અને વિસ્તારને સમૃદ્ધ બનાવવા માટે હટાવવામાં આવી હતી.

સિંહે રેલીમાં કહ્યું, "પાકિસ્તાન આતંકવાદને સમર્થન આપવાનું બંધ કરે. કોણ પાડોશી દેશો સાથે સંબંધો સુધારવા નહીં ઈચ્છે? કારણ કે હું આ વાસ્તવિકતા જાણું છું કે તમે તમારા મિત્રને બદલી શકો છો, પરંતુ તમારા પાડોશીને નહીં. અમે પાકિસ્તાન સાથે સારા સંબંધો ઈચ્છીએ છીએ, પરંતુ સૌ પ્રથમ તેમણે આતંકવાદને રોકવો પડશે." રક્ષા મંત્રીએ કહ્યું કે જયારે પાકિસ્તાન જમ્મુ કાશ્મીરમાં આતંકવાદને પ્રાયોજિત કરવાનું બંધ કરશે, ત્યારે ભારત તેની સાથે વાતચીત શરૂ કરશે.

સિંહે કહ્યું, "જમ્મુ કાશ્મીરમાં આતંકવાદનો ભોગ બનનારાઓમાં ૮૫ ટકા મુસ્લિમો હતા. કાશ્મીરમાં આતંકવાદી ઘટનાઓ સામાન્ય બાબત હતી. શું આતંકવાદી ઘટનાઓમાં હિંદુઓ મરાતા હતા? હું ગૃહ મંત્રી રહી ચૂક્યો છું અને મને ખબર છે કે આતંકવાદી ઘટનાઓમાં સૌથી વધુ મુસ્લિમોનો જીવ ગયો."

આ પહેલાં, રક્ષા મંત્રીએ ભાજપ ઉમેદવાર રાકેશ સિંહ ઠાકુરના સમર્થનમાં નજીકના રામબનમાં એક ચૂંટણી રેલીમાં કહ્યું હતું કે જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી ઘટનાઓમાં ૪૦,૦૦૦થી વધુ લોકોનો જીવ ગયો છે. ભાજપના ભટનો મુકાબલો કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને પૂર્વ મંત્રી વિકાર રસૂલ વાની સાથે છે, જેઓ બનિહાલ બેઠક પરથી જીતની હેટ્રિક બનાવવાની કોશિશમાં છે. ભટને નેશનલ કોન્ફરન્સના સજ્જાદ શાહીન અને પીપુલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)ના ઈમ્તિયાઝ શાન તરફથી પણ કડક પડકારનો સામનો કરવો પડશે. રાજનાથ સિંહે કહ્યું, 'હું PoKના રહેવાસીઓને કહેવા માંગુ છું કે પાકિસ્તાન તમને વિદેશી માને છે પરંતુ ભારતના લોકો તમને એવા નથી માનતા.

### વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યની વિવિધ સરકારી ઈમારતો પર

## ૪૮ મેગાવોટની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરાશે

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૮: રાજ્યની વિવિધ સરકારી ઈમારતો પર વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૮ મેગાવોટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે, જેના માટે ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા ? ૧૭૭.૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાતમાં અંદાજે ૩૬ ગીગાવોટથી વધુ સૌર ઊર્જાની ઉપલબ્ધતા સંભવિત છે. તેનો મહત્તમ ઉપયોગ થાય તે હેતુથી રાજ્ય સરકારના ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા રાજ્ય સરકારની વિવિધ સરકારી વિભાગોની ઈમારતો પર સોલાર રૂફટોપ સ્થાપિત કરવામાં આવી રહી છે. આ યોજના અંતર્ગત માર્ચ ૨૦૨૪ સુધીમાં, રાજ્યની વિવિધ સરકારી વિભાગોની ઈમારતો પર ૫૬.૮ મેગાવોટ ક્ષમતાની ૩૦૨૩ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે.આ યોજનાને આગળ લઈ જવા માટે આ વર્ષે રાજ્યની વિવિધ સરકારી ઈમારતો પર ૪૮ મેગાવોટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે. તેના માટે રાજ્ય સરકાર દ્વારા ? ૧૭૭.૪ કરોડની રકમની જોગવાઈ કરવામાં આવી છે.

મહત્વનું છે કે, પુનઃ-ાપ્ય ઉર્જા ક્ષેત્રે, ખાસ કરીને સૌર અને પવન ઉર્જા ક્ષેત્રે ગુજરાત એક અગ્રેસર રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે. સોલાર પાર્કનું નિર્માણ અને રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશનને ઘરો સુધી પહોંચાડીને, રાજ્યની મબલખ સૌર ક્ષમતાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ચારણકા સોલાર પાર્ક જેવા -ોજેક્ટની સફળતાએ ગુજરાતને ભારતમાં સૌર ઉર્જા ઉત્પાદનમાં મોખરે પહોંચાડ્યું છે. વધુમાં, દરિયાકાંઠે આવેલા વિન્ડ ફાર્મ્સે રાજ્યની પુનઃ-ાપ્ય ઉર્જા ક્ષમતામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪ના છેલ્લા આંકડા અનુસાર ગુજરાતમાં કુલ ૨૪૭૬૫.૩ મિલિયન યુનિટ ઉત્પાદન થયું છે. જેમાં ૯૬૩૭ પ્ સોલાર, ૧૪૨૦૧ પ્ પવન, ૮૮૫.૩૨૫ પ્ હાઈડ્રો, ૬૯ સ્મોલ હાઈડ્રો અને ૪૨ પ્ બાયોમાસ અને બગાસ છે.

### કોલકાતા રેપ કેસના વિરોધમાં

## TMC સાંસદે આપ્યું રાજીનામું

(સંપૂર્ણ સમાચાર સેવા)

કોલકાતા, તા.૮: રાજ્યસભાના સાંસદ જવાહર સરકારે આરજી કર હોસ્પિટલની ઘટનાના વિરોધમાં સાંસદ પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમણે મુખ્યમંત્રી મમતા બેનર્જીને પત્ર લખીને તેમના રાજીનામાની જાણકારી આપી છે.

તેમના પત્રમાં, તેમણે લખ્યું, 'તેમને આશા હતી કે સરકાર આરજી કર હોસ્પિટલમાં બનેલી નિર્દયતા અંગે તાત્કાલિક કેટલાક મોટા પગલાં લેશે. તે જૂના મમતા બેનર્જીની જેમ જ નિર્ણય લેશે. પરંતુ તેણે કોઈ નક્કર પગલું ભર્યું નહીં. હવે તેણે જે પણ પગલું ભર્યું છે તે ઘણું મોડું થઈ ગયું છે. તેમણે કહ્યું છે કે હવે રાજ્યમાં શાંતિ સ્થાપિત થવી જોઈએ અને ગુનેગારોને કડક સજા મળવી જોઈએ.

તેણે આગળ કહ્યું, 'આરજી કર હોસ્પિટલમાં બનેલી ભયાનક ઘટના પછી હું ખૂબ જ દુ:ખી છું. મને આશા હતી કે મમતા બેનર્જી આ મામલામાં તેમના જૂના અંદાજમાં હસ્તક્ષેપ કરશે, પરંતુ એવું થયું નહીં.

તૃણમૂલ કોંગ્રેસે ઓગસ્ટ ૨૦૨૧માં પૂર્વ અમલદાર જવાહર સરકારને રાજ્યસભામાં મોકલ્યા હતા. તેમનો કાર્યકાળ એપ્રિલ ૨૦૨૬ સુધીનો હતો. પશ્ચિમ બંગાળમાં રાજ્યસભાની ૬ બેઠકો છે. જેમાં ટીએમસી પાસે ૧૩, ભાજપ પાસે ૨, કોંગ્રેસ અને સીપીઆઈ (એમ) પાસે એક-એક સીટ છે.

જવાહર સરકારના રાજીનામા બાદ પાર્ટીમાં વધુ ખળભળાટ વધી શકે છે. તેમની પહેલા સુખેન્દુ શેખર રોયે પણ આ મામલે પોલીસના વલણ પર સવાલ ઉઠાવ્યા હતા. આ પછી તેને કોલકાતા પોલીસના સમન્સ પર કલકત્તા હાઈકોર્ટમાં જવું પડ્યું હતું. જવાહર સરકારના રાજીનામા પર તૃણમૂલ કોંગ્રેસ તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આવી નથી. આવનારા સમયમાં પાર્ટીમાં કોઈ મોટી ફૂટ પડે તો નવાઈ નહીં.

## ડોભાલ મોસ્કો જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૮: રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધમાં હવે એવી સ્થિતિ આવી ગઈ છે જેમાં બેમાંથી એક પણ પક્ષ આગેકૂચ કરી શકે તેવી સ્થિતિમાં નથી. આ યુદ્ધમાં લાખો લોકોના મોત નિપજ્યા છે અને કોઈ અંત દેખાતો નથી. આવી સ્થિતિમાં ભારત હવે આ યુદ્ધને સમાપ્ત કરાવવા માટે સક્રિય થયું છે. ભારતીય રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ હવે રશિયા જઈ રહ્યા છે જ્યાં તેઓ રશિયા અને યુક્રેન વોરને સમાપ્ત કરાવવા માટે પ્રયાસ કરશે.

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને શાંતિપૂર્ણ રીતે સમાપ્ત કરાવવામાં આવે તે માટે ભારત પ્રયત્ન કરે છે. વડાપ્રધાન મોદીએ કહ્યું છે કે ભારત તેનાથી બનતી તમામ જરૂરી પહેલ કરવા તૈયાર છે. રશિયા અને યુક્રેન પણ આ વાતને સમર્થન આપે છે કે આ યુદ્ધ રાજદ્વારી રીતે સમાપ્ત થઈ શકે છે. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ પણ થોડા સમય પહેલાં પીએમ મોદી સાથે વાત કરી હતી. તેનાથી અગાઉ મોદી રશિયાની મુલાકાતે પણ ગયા હતા અને રાષ્ટ્રપતિ પુટિનને મળ્યા હતા.

હવે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ રશિયા યુદ્ધના શાંતિપૂર્ણ સમાધાન માટે મોસ્કો જશે. ડોભાલે યાત્રા કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બંને દેશોની મુલાકાત કરીને શાંતિના પ્રયત્નોમાં આગળ વધી રહ્યાં છે. મોદીએ પોતાની રશિયા મુલાકાત દરમિયાન પુતિનને કહ્યું હતું કે, 'આ યુદ્ધનો યુગ નથી.' તેમણે તાજેતરમાં કીવની મુલાકાત દરમિયાન પણ શાંતિ માટે ભારતની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી.

પીએમ મોદીએ ૨૭ ઓગસ્ટે રાષ્ટ્રપતિ પુતિન સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી. હવે ભારત યુક્રેનમાં સ્થાયી શાંતિના વિચાર પર ચર્ચા કરવા પોતાના NSA ને મોસ્કો મોકલશે. પુતિને તાજેતરમાં કહ્યું હતું કે અમે શાંતિની વિરૂદ્ધ નથી. તેઓ માને છે કે બ્રાઝિલ, ચીન અને ભારત સંભવિત મધ્યસ્થી કરાવી શકે છે. ઈટાલીના વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોની પણ માને છે કે ભારત મંત્રાણા કરાવી શકે છે. રશિયા અને યુક્રેનની મુલાકાત લીધા પછી મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન સાથે પણ ટેલિફોન પર વાતચીત કરી હતી.

ઓગસ્ટમાં મોદી યુક્રેન ગયા અને ઝેલેન્સ્કીને મળ્યા ત્યારે તેમણે કહ્યું હતું કે વાતચીત અને ડિપ્લોમસી એ આ યુદ્ધનો એક માત્ર ઉકેલ છે. તેમણે રશિયા સાથે સંબંધ સુધારવા અને યુદ્ધ સમાપ્ત કરવા માટે મદદની ઓફર કરી હતી. તેમણે પોતાના નિવેદનમાં કહ્યું હતું કે ભારત આ યુદ્ધમાં ક્યારેય તટસ્થ નથી રહ્યું, અમે શાંતિની પડખે છીએ. જોકે, ભારત અને રશિયાના સંબંધો ઘણા મજબૂત છે તે વાત ઝેલેન્સ્કી જાણે છે અને જ્યારે મોદીએ રશિયાની વિઝિટ કરી ત્યારે તેમણે કહ્યું હતું કે તેઓ નિરાશ થયા છે.

## ચીનમાં ભયંકર તોફાને હાહાકાર મચાવ્યો: ૧૫ લાખ ઘરમાં અંધારપટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

બેઈજિંગ, તા.૮:સુપર ટાઈફૂન યાગીએ ચીનમાં મોટા પાયે તબાહી મચાવી છે. દક્ષિણ ચીનના હૈનાન પ્રાંતના તટવર્તી વિસ્તારમાં ભારે વરસાદ થયો અને ભારે પવનથી થયેલી દુર્ઘટનામાં ચાર લોકોના મોત થઈ ગયા અને ૯૫ અન્ય ઘાયલ થઈ ગયા હતા. હજારો લોકોને સુરક્ષિત જગ્યાએ પહોંચાડી દેવામાં આવ્યા છે. ૧૫ લાખથી વધારે ઘરોમાં વીજળી ઠપ થઈ ગઈ છે. યાગી આ વર્ષે ૧૧મું તોફાન છે, જે શુક્રવારે ચીનના સમુદ્રી તટ સાથે ટકરાયું. તેણે પહેલા હૈનાનમાં દસ્તક દીધી અને પછી ગુઆંગડોંગ પ્રાંતમાં તબાહી મચાવી. સરકારી સમાચાર એજન્સી શિન્હુઆએ અધિકારીઓના હવાલેથી જણાવ્યું છે કે, સુપર ટાઈફૂન યાગીએ ભારે વરસાદ અને ભારે પવન સાથે દક્ષિણ ચીનમાં તબાહી મચાવી છે. પ્રાકૃતિક આપદામાં ૪ લોકોના મોત થયા અને ૯૫ અન્ય ઘાયલ થયા છે. ચીનના રાષ્ટ્રપતિ ચિનફિંગે દેશના દક્ષિણી ક્ષેત્રમાં તોફાન આવ્યા બાદ આપદા રાહત પ્રયાસો વધારવા માટે કહેવાયું છે. પોપ્યુલર ટૂરિસ્ટ પ્લેસ હૈનાનમાં તોફાનના કારણે ઝાડ ઉખડી ગયા. વીજળી ગુલ થઈ ગઈ અને રસ્તા જળમગ્ન થઈ ગયા. રિપોર્ટ અનુસાર, ૧૫ લાખથી વધારે પ્રભાવિત ઘરોમાં વીજળી સપ્લાય ચાલુ કરવા માટે ૨૨૦૦થી વધારે કર્મચારીઓ કામે લાગી ગયા છે. હૈનાનમાં ૧૨,૫૦૦થી વધારે બેસ સ્ટેશનો ક્ષતિગ્રસ્ત હોવા છતાં બચાવ દળ કમ્યુનિકેશન નેટવર્કને ચાલુ કરવામાં લાગી ગયું છે. યાગી ચક્રવાતી તોફાનને જોતા ચીને શુક્રવારે રેડ એલર્ટ જાહેર કર્યું હતું. સાથે જ દક્ષિણ ક્ષેત્રમાં પૂરની ચેતવણી આપી હતી. યાગી તોફાન સૌથી પહેલા હૈનાનમાં પહોંચ્યું, ત્યારબાદ દક્ષિણી ગુઆંગડોંગ પ્રાંતમાં દસ્તક દીધી. હવે ચીનના ગુઆંગ્શી ઝુઆંગ ઓટોનોમસ એરિયા સાથે જ ઉત્તરી વિયેતનામમાં પણ ટાઈફુન યાગીએ દસ્તક દીધી. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, વિયેતનામમાં ૪ લોકોના મોત થયા છે.

### ક્યૂંકી સાસ ભી કભી બહુ થીના એક્ટર

## વિકાસ શેઠીનું હાર્ટ એટેકથી અવસાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૮:ટીવી ઈન્ડસ્ટ્રીમાંથી એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. નાના પડદાના ફેમસ એક્ટર અને 'ક્યૂંકી સાસ ભી કભી બહુ થી' ફેમ વિકાસ સેઠીનું નિધન થયું છે. ૪૮ વર્ષના વિકાસના મૃત્યુનું કારણ હાર્ટ એટેક હોવાનું કહેવાય છે. આ સમાચાર સામે આવ્યા બાદ દરેક લોકો સ્તબ્ધ છે. વિકાસ ઈન્ડસ્ટ્રીનો મોટો એક્ટર હતો, તેણે ઘણી મોટી સીરિયલ્સમાં કામ કર્યું છે. વિકાસ સેઠીના મૃત્યુના સમાચાર પર ફેન્સ વિશ્વાસ કરી શકતા નથી. ટીવી ઈન્ડસ્ટ્રીમાં પણ શોકની લહેર છે.

વિકાસ સેઠીને સ્મૃતિ ઈરાની અને એકતા કપૂરના ફેમસ શો 'ક્યૂંકી સાસ ભી કભી બહુ થી'થી દરેક ઘરમાં ઓળખ મળી હતી. આ શો વર્ષ ૨૦૦૦માં શરૂ થયો હતો. ૮ વર્ષ સુધી ચાલતા આ શોમાં વિકાસ સેઠીએ મહત્ત્વનો રોલ અદા કર્યો હતો. આ સિવાય તે 'કસૌટી ઝિંદગી કી' અને 'કહીં તો હોગા'માં દમદાર એક્ટિંગ કરતો જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૦૦ દરમિયાન વિકાસ સેઠી એક મોટું નામ હતું.

# સેલવાસમાં ધોડિયા સમાજ સંગઠન માટે બેઠક યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,તા.૦૮:** દાનહના આદિવાસી ધોડિયા સમાજના લોકોના ઉત્થાન માટે સંગઠનની જરૂરિયાત ઉભી થતા અને ધોડિયા સમાજનાં લોકો પણ બીજા સમાજ સાથે ખભા સાથે ખભો મિલાવી દરેક બાબતે પ્રગતિ કરે તે આવશ્યક છે. આગળ વધતા યુગમાં આદિવાસી સમાજનાં સાંસ્કૃતિક, શૈક્ષણિક, આર્થિક અને સ્વાસ્થ્ય ક્ષેત્રે અસ્તિત્વ અને સમાનતા ટકાવી રાખવા સમાજની એકતા મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકે એ માટે આદિવાસી ધોડિયા સમાજના આગેવાનોની બેઠક બાવીસા ફળીયા ખાતે આવેલા બરમદેવ મંદિર ખાતે યોજાઈ હતી. આજનાં વર્તમાન સમયની ગંભીરતા અને જરૂરિયાતને ધ્યાનમાં રાખી વિસ્તૃત ચર્ચા વિચારણા કરવા માટે તારીખ ૮ સપ્ટેમ્બરનાં રવિવારનાં દિવસે પ્રવીણભાઈ પટેલ, અગ્રણીઓનાં આયોજન હેઠળ સેલવાસ બાવિસા ફળિયાના બરમદેવ મંદિર મુકામે એક સામાજિક બેઠક રાખવામાં આવી હતી. જેમાં સુમનભાઈ પટેલ, શંકરભાઈ પટેલ, માધુભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, રંજિતભાઈ પટેલ તથા મોટી સંખ્યામાં સમસ્ત દાદરા નગર હવેલી ધોડિયા સમાજનાં સામાજિક અને રાજકીય અગ્રણીઓ આગેવાનો, વડીલો, સરકારી કર્મચારીઓ, બિઝનેસમેન, યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

# ગુજરાતના ૩૩માંથી ૧૮ જિલ્લામાં અતિવૃષ્ટિની સ્થિતિ

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ,તા.૮:ગુજરાત આ વખતે ચોમાસામાં રાજ્યની કુલ સરેરાશ ૮૮૩ મીલી મીટર વરસાદની સામે સરેરાશ ૧૦૭૬ મીલીમીટર અર્થાત રાજ્યના સરેરાશ વરસાદની સામે ૧૨૨ ટકા જેટલો વરસાદ પડ્યો છે. એમાં પણ રાજ્યના કુલ ૩૩ જિલ્લા પૈકી ૨૬ જિલ્લાઓમાં ૧૦૦ ટકા કરતાં વધારે અને બાકીના ૭ જિલ્લાઓમાં ૭૫થી ૧૦૦ ટકા જેટલો વરસાદ પડ્યો છે. જેમાંથી રાજ્યના કુલ ૨૫૧ તાલુકાઓમાંથી ૧૧૫ તાલુકાઓમાં તો ૧૦૦૦ મીમી કરતાં વધુ, ૧૧૬ તાલુકાઓમાં ૫૦૦થી ૧૦૦૦ મીમી અને માત્ર ૨૦ જ તાલુકાઓમાં ૨૫૦થી ૫૦૦ મીમી જેટલો વરસાદ પડ્યો છે. ઝોન પ્રમાણે જોઈએ તો, કચ્છ જિલ્લો, સૌરાષ્ટ્રના ૬ જિલ્લા, ઉત્તર ગુજરાતનો એક જિલ્લો, મધ્ય ગુજરાતના ૩ અને દક્ષિણ ગુજરાતના ૭ જિલ્લામાં અતિભારે વરસાદ પડ્યો છે. જેનો સીધો અર્થ એ થાય છે કે, રાજ્યના કુલ ૩૩માંથી ૧૮ જિલ્લામાં અતિવૃષ્ટિની સ્થિતિ સર્જાઈ છે. રાજ્યમાં હાલના ભારે વરસાદને કારણે ખેડૂતોને શિયાળુ અને ઉનાળુ પાકમાં બલ્લે-બલ્લે થઈ પડશે પણ આ ચોમાસામાં તેમને ઘણું વેઠવું પડે તેવી સ્થિતિને નકારી શકાતી નથી.

આ ચોમાસામાં માસવાર વરસાદની પેટર્ન જોઈએ તો, જૂનમાં ૧૧૫ મીમી, જુલાઈમાં ૪૨૫ મીમી. ઓગષ્ટમાં ૪૪૨ મીમી અને ૮મી, સપ્ટેમ્બર સુધીમાં ૯૪ મિમી વરસાદ પડ્યો છે એટલે કે ચોમાસાની શરુઆતની સાથે જ જૂન, જુલાઈ, ઓગષ્ટ તથા સપ્ટેમ્બરના ૮ દિવસમાં સતત વરસાદ વરસતો રહ્યો છે. જેની સીધી અસર ડાંગર, બાજીર, જુવાર, મકાઈ જેવા ધાન્ય પાકોના વાવેતર કે ઉભા પાકો ઉપર વિપરિત અસર થઈ છે. એવી જ રીતે, તુવેર, મગ, મઠ, અડદ સહિતના કઠોળના વાવેતર, મગફળી, તલ, દિવેલા, સોયાબિન સહિતના તેલિબિયાં અને કપાસ, તમાકુ, ગુવાર, શાકભાજી સહિતના અન્ય પાકો ઉપર પણ આ ભારે-અતિભારે (અતિવૃષ્ટિ) વરસાદની ખારબ અસર પહોંચી છે. ખેતરોમાં પાણીના ભારે ભરાવા અને નદીઓના પૂરના પાણી ફરી વળવાને કારણે કાંતો વાવેતર કે ખેતીની જમીન ધોવાઈ ગઈ છે કે પાકને નાના-મોટા પ્રમાણમાં નુકશાન થયું છે.

ગુજરાતમાં સામાન્ય રીતે ચોમાસાની સિઝન દરમ્યાન સરેરાશ ૮૮૩ મીમી મીટર વરસાદની સામે કુલ ૮૫,૫૮,૮૧૫ હેકટર જમીનમાં ધાન્ય, કઠોળ, તેલિબિયાં, કપાસ સહિતના વિવિધ પાકોનું વાવેતર થાય છે પરંતુ આ વખતે ૮૨,૩૪,૨૦૦ હેકટક જમીનમાં એટલે કે કુલ સરેરાશ વાવેતર વિસ્તારની સામે ૯૬ ટકા વિસ્તારમાં વાવેતર થયું છે. ઉલ્લેખનીય મુદ્દો એ છે કે, કચ્છ જિલ્લામાં તેના સરેરાશ વરસાદની સામે ૧૮૩ ટકા જેટલો વરસાદ પડ્યો છે અને અહીં ૫,૬૫,૫૫૦ હેકટર જમીનમાં વાવેતર થયું છે. એવી જ રીતે સૌરાષ્ટ્રમાં ૧૨૮ મીમી જેવા ભારે વરસાદની સામે ૩૭,૧૮,૪૦૦ હેકટરમાં વાવેતર થયું છે. ઉત્તર ગુજરાતમાં ૧૦૫ ટકા વરસાદની સામે ૧૭,૦૯,૮૦૦ હેકટરમાં વાવેતર થયું છે. મધ્ય ગુજરાતમાં ૧૧૭ ટકા વરસાદની સામે ૧૫,૩૮,૦૦૦ હેકટરમાં અને દક્ષિણ ગુજરાતમાં ૧૨૪ ટકા વરસાદની સામે ૭,૦૩,૫૦૦ હેકટર જમીનમાં વાવેતર થયું છે. આમ ગુજરાતમાં કુલ ૫ ઝોનના ૩૩ જિલ્લાઓમાં કુલ સરેરાશ ૧૨૨ ટકા વરસાદની સામે ૮૨,૩૪,૨૦૦ હેકટર જમીનમાં વિવિધ પાકોનુ વાવેતર થયું છે.

એમાં પણ મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ડાંગરનું વાવેતર સૌથી વધુ થયું છે. જ્યારે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં મગફળીનું વાવેતર સૌથી વધુ થયું છે. જ્યારે સૌરાષ્ટ્ર, ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં કપાસનું વાવેતર વધુ થયું છે. જે સાબિત કરે છે કે, કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં કૃષિક્ષેત્રે ભારે મોટા પ્રમાણમાં નુકશાનીની શક્યતા નકારી શકાતી નથી. રાજયના કચ્છના એક જિલ્લામાં, સૌરાષ્ટ્રના રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને જૂનાગઢ સહિતના ૬ જિલ્લામાં, દક્ષિણ ગુજરાતના ભરુચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડ અને ડાંગ સહિત ૭ જિલ્લામાં. મધ્ય ગુજરાતના ખેડા, આણંદ, મહીસાગર સહિતના ૩ જિલ્લા અને ઉત્તર ગુજરાતના મહેસાણા સહિતના એક જિલ્લા મળીને કુલ રાજ્યના કુલ ૩૩ જિલ્લા પૈકી ૧૮ જિલ્લાઓમાં અતિવૃષ્ટિની સ્થિતિ સર્જાઈ છે.

## વલસાડ રેલવે મજદૂર સંઘ દ્વારા

# પેન્શન યોજના સંદર્ભે રેલવે કર્મચારીઓનો નવી પેન્શન પોલીસીનો વિરોધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા૮:** વલસાડ રેલવે યાર્ડમાં વેસ્ટન રેલવે મજદૂર સંઘ દ્વારા ટેન્શન યોજના અંગેના નિષ્ણાંતોની ઉપસ્થિતિમાં રેલ્વે કર્મચારીઓએ જૂની પેન્શન યોજના યથાવત નહીં કરાતા નવી પોલીસી સામે રેલવે કર્મચારીઓ ભારે વિરોધ કર્યો હતો.

વલસાડ રેલવે યાર્ડમાં વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના કાર્યાલયમાં હોદ્દેદારો મકબુલ મલેક, મુન્ના મલેક, રાજીવ શર્મા અને અમિત મિશ્રાના સંયુક્ત પ્રયાસો હેઠળ હાલમાં પેન્શન પોલિસી અંગે અરે વિવાદ ચાલી રહ્યો છે જે સંદર્ભે એક્સપર્ટ મિન્ટોશ મોહનના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં જૂની અને નવી પેન્શન યોજના વચ્ચેના તફાવત લાભો ગેરલાભોનું વિશ્લેષણ રજૂ કરાયું હતું. જેને ધ્યાને લેતાં રેલવે કર્મચારીઓએ જૂની પેન્શન યોજના જ સમગ્ર દેશના રેલવે કર્મચારીઓના હિતમાં હોવાનો નિષ્કર્ષ નિકળતાં તેમણે ઓલ્ડ પેન્શન યોજના જારી રાખવા માંગ કરી હતી. આ સેમિનારમાં મોટી સંખ્યામાં કર્મચારીઓએ ભાગ લીધો હતો. જેમાં તમામ રેલવે કર્મીઓએ ફક્ત અને ફક્ત OPSમાં જ કામદારોનો હિત સમાયેલો હોવાનો સૂર વ્યક્ત કરાયો હતો. ઉપરાંત રેલવે કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં જ રેલવે કર્મચારીઓના પરિવારોને અને તેમની નિવૃત્તિ બાદના જીવન રેલવે કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં જ રેલવે કર્મચારીઓના પરિવારોને અને તેમની નિવૃત્તિ બાદના જીવન સુખમય રહી શકે તેમ જણાવ્યું હતું.

# ડાંગમાં કુવામાં ખાબકેલા દિપડાને ઉગારાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા,તા.૦૮:** ઉત્તર ડાંગ વન વિભાગમાં સમાવિષ્ટ કાલીબેલ રેંજમાં લાગુ ઘોડી ગામે ગતરોજ રાત્રીના અરસામાં શિકારની શોધમાં ભટકતો દીપડો કૂવામાં ખાબક્યો હતો. જેમાં સવારનાં અરસામાં ખેતરમાં ગયેલ ઈંદરભાઈને કુવા નજીકથી ગર્જનાનો અવાજ આવતા તેઓને કુવા નજીક કોઈક પ્રાણી હોવાની શંકા ગઈ હતી. જેથી તેઓએ ધીરેથી કુવા નજીક જઈ આસપાસ જોતા અને કૂવામાં ડોક્યુ કરતા દીપડો પડેલ જોવા મળ્યો હતો. આ દીપડો કુવામાં રહેલ ભેથડોનાં પગલે સુરક્ષિત જોવા મળ્યો હતો. બાદમાં આ દીપડા અંગેની જાણ કાલીબેલ રેંજનાં આર.એફ.ઓ. અંજનાબેન પાલવાને કરતા વનવિભાગની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી.



અહી ઉત્તર ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ. દિનેશભાઇ રબારીનાં માર્ગદર્શન હેઠળ કાલિબેલ રેંજનાં આર.એફ.ઓ. અંજનાબેન પાલવાની વનકર્મીઓની ટીમે કુવામાંથી સહી સલામત રીતે દીપડાનું રેસ્ક્યુ કરી બહાર કાઢી જંગલમાં છોડ્યો હતો.

# ધરમપુરની સ્વર્ગવાહીની નદીના પુલ ઉપર લારી ગલ્લાવાળાનો જમાવડો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર,તા.૦૮:** ધરમપુર શહેરના મુખ્ય વિસ્તાર ગણાતા સમડીચોક અને હાથીખાના વચ્ચેથી પસાર થતી સ્વર્ગવાહીની નદીના નવનિર્માણ પામેલ પુલ ઉપર લારી ગલ્લાવાળાઓએ નિયમને નેવે મૂકી બિન્દાસતપણે પોતાની લારી ગોઠવી પોતાનો વ્યવસાય કરી રહ્યા છે ધરમપુર શહેરના મધ્ય ભાગમાં આવેલ સ્વર્ગવાહીની નદીના પુલ ઉપરથી ૨૪ કલાક નાના મોટા વાહનો ધમધમતા હોય છે તેમ છતાં આ પુલ ઉપર અસંખ્ય લારીગલ્લા વાળાઓએ મન ફાવે ત્યાં જાહેર રસ્તાને અડી લારી ગોઠવી પોતાના વ્યવસાયમાં મશગુલ રહેતા હોય છે થોડા દિવસો અગાઉ સ્વર્ગ વાહીની નદીના પુલની દિવાલ ધસી જતા કેટલાક લારી-ગલાવાળા ઊંડે સુધી ગરકાવ થતા અદભુ બચાવ થવા પામ્યો હતો.



ઉપરોક્ત બનાવને આશરે બે મહિનાની આસપાસ થવા છતાં ફરી સ્વર્ગવાહીની નદીના પુલ ઉપર વેચાણદારો અસંખ્ય લારીઓ ગોઠવી વેચાણ કરી રહ્યા છે. આ બાબતે ધરમપુરનું પ્રશાસન લારી ગલ્લાવાળા સામે કાર્યવાહી કરવાને બદલે મૌની બાબાની ભૂમિકા ભજવતા અનેક સવાલો ઉઠવા પામ્યા છે. ધરમપુર શહેરના મધ્ય ભાગમાં આવેલ સ્વર્ગવાહીની નદીના પુલ ઉપર ગોઠવાયેલ લારી ગલ્લાઓને કારણે ટ્રાફિક સમયમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે.

ઉપરોક્ત બાબતે ધરમપુર મામલતદાર વિભાગ, પોલીસ તંત્ર, પાલિકા તંત્ર લારી ગલ્લાવાળાને જાહેર માર્ગથી દૂર હટાવશે કે પછી રહેમ કરશે તે જોવું રહ્યું.

# વિનય મંદિર દાંડી છાત્રાલયના બાળકોએ અનોખી રીતે ગણેશ ઉત્સવ ઉજવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી,તા.૦૮:** વિનય મંદિર દાંડીમાં છેલ્લા ૨૦ વર્ષથી કુમાર અને કન્યાઓ માટે છાત્રાલય ચાલે છે. ગણેશ ચતુર્થીના દિવસે આ છાત્રાલયના વિદ્યાર્થીઓએ અનોખો ગણેશ ઉત્સવ ઉજવ્યો હતો. ગણેશ ઉત્સવ બાળકો અને યુવાનોનો ઉત્સવ છે. આ ઉત્સવનો યુવાનો અને બાળકોમાં અનેરો ઉત્સાહ હોય છે પણ છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે અભ્યાસ મહત્વનો હોવાથી તેઓ પ્રત્યેક ઉત્સવ દરમિયાન ઘરે ન જઈ શકે. આથી વિનય મંદિર દાંડી હાઈસ્કૂલના આચાર્ય યોગેશ ગોરાનેના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ અનોખો ગણેશ ઉત્સવ ઉજવ્યો હતો.

આ દરમ્યાન છાત્રાલયના વિદ્યાર્થીઓએ કરેલા ગણેશ પૂજનમાં કંકુ, ચોખા કે અગરબત્તીના ઉપયોગ વગર બાળકોએ ગણપતિ વિષય ભજન, ગીત, વાર્તા, નિબંધ, આત્મકથા, કવિતા વગેરે લખ્યાં તો કેટલાક બાળકોએ ગણેશ ઉત્સવ નિમિત્તે વિભિન્ન પ્રકારના ચિત્રો બનાવ્યા હતા. આ ઉપરાંત કેટલાક બાળકોએ માટીના ગણપતિ પણ બનાવ્યા. એક જ સમયે ૧૦૦ થી વધારે બાળકોએ એક સાથે કરેલી આ રીતની અનોખી ગણપતિની પૂજા કરી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલી આ જુદી જુદી પ્રવૃત્તિઓનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું. આ અનોખા ગણેશ પૂજનને વિદ્યાર્થીઓ સાથે રહીને સફળ બનાવવા માટે છાત્રાલયના ગૃહપતિ અશ્વિનભાઈ પટેલ અને કિરણભાઈ ચૌધરી તથા ગૃહ માંતા ટીનાબેન પટેલે જરૂરી તમામ પ્રયત્નો કર્યા હતા. આ અનોખા ગણેશ પૂજનથી યુવાનોમાં રહેલી સુષુપ્ત શક્તિને જાગૃત કરવા બદલ શાળા સંચાલક મંડળે આચાર્ય અને સમગ્ર છાત્રાલય પરિવારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

# વાપી પંથકમાં ખરાબ રસ્તાઓ રીપેર કરવાની કામગીરી શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૦૮:** વાપી પંથકમાં ખરાબ થયેલા રસ્તાઓને કારણે વાહનચાલકોને પડતી મુશ્કેલીને ધ્યાને લઈ તેમજ હાલમાં ગણેશ ઉત્સવના તહેવારને ધ્યાને લઈ વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક યુદ્ધના ધોરણે રસ્તાઓ રિપેર કરવાની કામગીરી શરૂ કરાઇ છે.

વાપી નગરપાલિકા હદ વિસ્તાર તેમજ વાપી તાલુકાના ગામડાઓના ખરાબ થયેલા રસ્તાઓ ચોમાસા દરમિયાન ખૂબ જ ખરાબ થઈ જવા પામ્યા હતા અને રસ્તા ઉપર મોટા મોટા ખાડા પડી જવાને કારણે વાહન ચાલકોને પડતી મુશ્કેલીઓ તેમજ અકસ્માતની શક્યતાને લઈ સ્થાનિક લોકો તેમજ વાહન ચાલકો હેરાન પરેશાન થઈ ગયા હતા જેને ધ્યાને લઈ આ રસ્તાઓ રીપેર કરવા માટે રાજ્યના નાણાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રી તેમજ સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈને તેમજ માર્ગ અને મકાન વિભાગમાં રજૂઆત કરવામાં આવતા જ ગણેશ તહેવાર શરૂ થતા જ રસ્તાઓ રીપેર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે જેમાં આજે વાપીથી નામધા થઈ નેશનલ હાઈવે નંબર ૪૮ તેમજ દમણને જોડતા માર્ગ ઉપર કામગીરી શરૂ કરાય છે જેને લઇ આ માર્ગ ઉપરથી પસાર થતા વાહન ચાલકોને ભારે રાહત થશે તેમજ હાલમાં વાપી પંથકમાં સ્થાપિત ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કાર્ય પણ નામધા ખાતે વ્યવસ્થા કરવામાં આવી છે જ્યાં વિસર્જન કરવા જતા ભક્તોને પડતી મુશ્કેલીઓ પણ દૂર થશે.



વાપી નજીકના નામધા ચંડોર ગામે આવેલ શ્રી ભંડારી યુવક મંડળ દ્વારા સંચાલિત સાર્વજનિક ગણેશોત્સવ દરમિયાન આજે મંડળની મહિલાઓ દ્વારા શ્રીજીને ૫૬ ભોગનો થાળ અર્પણ કરવામાં આવ્યો હતો. અહીં છેલ્લા ૩૦ વર્ષથી ભંડારી યુવક મંડળના યુવાનો દ્વારા શ્રીજીની સ્થાપના કરવામાં આવે છે

# ગોડથલથી ખેરનો જથ્થો ભરેલ ટેમ્પો ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૦૮ :** ચીખલી વનવિભાગે ગોડથલ ગામેથી ગેરકાયદેસર રીતે ટેમ્પામાં ભરી લઈ જવા તો ખેરનો જથ્થો ઝડપી પાડી ટેમ્પો અને ખેરનો જથ્થો મળી કુલ રૂપિયા ચાર લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે જ્યારે ખેરનો જથ્થો ગોડથલ ગામના અર્જુન નિછા પટેલનો હોવાનું બહાર આવતા જેની પાસેથી રૂપિયા એક લાખ ડિપોઝિટ તરીકે વસૂલ કરવામાં આવ્યા છે.

# સોમનાથની કંપનીમાંથી ભંગાર ઉપાડવા અંગે હુમલો અને અપહરણ

## સોમનાથ ગ્રા.પં.ના મહિલા સભ્યના પતિ દ્વારા કામદારનું અપહરણ બાદ મારમારતા પોલીસ ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ,તા.૮:** સોમનાથ એક્સટેન્શનમાં કંપનીમાંથી કચરો ઉપાડવા બાબતે મારપીટ અને અપહરણનો ગુનો નોંધાયો છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ દમણના સોમનાથ એક્સટેન્શનમાં એસવીજી કંપનીમાંથી કચરો પેદા થાય છે. આ ભંગાર નથી પણ બિનજરૂરી કચરો છે જેને બીજી જગ્યાએ રાખવાનો હોય છે. આ કચરો એકત્ર કરવા માટે કંપની ચૂકવણી કરે છે. આ કંપનીમાંથી લક્ષ્મણ નામનો ટ્રેક્ટર ચાલક આવ્યો અને કચરો એકઠો કરવા લાગ્યો. તે જ સમયે સોમનાથ ગ્રામ પંચાયતના સદસ્યના પતિ ભાવેશ રમેશ પટેલ (આમરણ ફળિયા) ત્યાં આવીને તેમને કચરો ઉપાડતા અટકાવ્યા હતા. તે કંપનીમાં જમા થયેલો કચરો ખોદીને બહાર કાઢવા માંગતો હતો પરંતુ જૂનો કચરો અટકાવી દેવામાં આવ્યો હતો. બંને વચ્ચે વિવાદ વધી ગયો. ટ્રેક્ટર ચાલક લક્ષ્મણને કારમાં બેસાડી કંપનીની પાછળ લઈ ગયો હતો. જ્યાં તેની સાથે મારપીટ કરવામાં આવી હતી. કચીગામ પોલીસે એફઆઈઆર ૩૮/૨૪ નોંધી છે. ભાવેશ પટેલ અને અન્ય બે વ્યક્તિઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ કલમ ૧૧૫ (૨), ૧૨૭ (૨) ૧૪૦ (૩) ૩૨૪ (૩) ૩૫૧(૩)૩૫૨ ૩ (૫) લગાવીને કેસની તપાસ કરી રહી છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGE MY OLD NAME **JIGNABEN THAKARSHIBHAI BUHA /JIGNABENSHAH JAYESHKUMARBABUBHAI BORAD** AND I WILL BE KNOWN AS NEW NAME **JIGNASHAH JAYESHKUMAR BORAD** WHICH PLEASE NOTE SD-**JIGNASHAH JAYESHKUMAR BORAD**

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં**

રજી.૭૮-૨૦૨૪

**અરજદાર : બચુભાઈ હીરાભાઈ પટેલ**
**રહે.** સોનવાડા પટેલ ફળિયા તા.પારડી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી સોનવાડા**
**તા.પારડી જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે અરજદારશ્રી બચુભાઈ હીરાભાઈ પટેલ, રહે. સોનવાડા પટેલ ફળિયા તા.પારડી જી.વલસાડનાઓએ તેઓના પુત્રી મીનાબેન બચુભાઈ પટેલનું જન્મ તા.૧૧-૦૫-૧૯૭૮ના રોજ મોજે. સોનવાડા તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરત ચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ થી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૦૨/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/જન્મ-મરણ/રજી નં.૮૭-૨૦૨૪/૨૦૨૪
કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર
કચેરી, પારડી, તા.પારડી જી.વલસાડ

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
પારડી












દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Monday 09, September 2024

# દમણગંગા ટાઇમ્સ

BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050

## અતુલ હાઈવે પર ખરાબ રસ્તાને કારણે વધુ એક મહિલાનો ભોગ લેવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૮ :** પારડીથી એક્ટીવા મોપેડ લઈ વલસાડ જઈ રહેલા વલસાડના છીપવાડનું દંપતિ ચાલકને અતુલ હાઈવે પાવર હાઉસ પર ડમ્પર ચાલકે અડફેટમાં લેતા પત્નીનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે પતિનો ચમત્કારિક બચાવો થયો હતો. અકસ્માતની ઘટના બાદ ડમ્પર ચાલક ભાગી છૂટ્યો હતો. ઘટનાની જાણ થતા વલસાડ રૂરલ પોલીસ ટ્રાફિક પોલીસ ટીમ દોડી ગઈ હતી. ભાગી છૂટેલા એક જાગૃત નાગરિકે ડમ્પર ચાલકને ડુંગરી પાસેથી ડુંગરી પોલીસે ઝડપી પાડ્યો હતો.

વલસાડ શહેરના છીપવાડ શુભમ સોસાયટીમાં રહેતા મહિલા અનિતાબેન દેવેન્દ્રભાઈ ભંડારી અને પતિ દેવેન્દ્રભાઈ ભંડારી સાથે તેઓ પોતાની એક્ટિવા મોપેડ નં. જીજે ૧૫ એકે ૫૭૮૦ને લઈ આજરોજ બપોરે ૧૨:૩૦ કલાકે પારડીથી વલસાડ તરફ આવી રહ્યા હતાં. તે દરમિયાન અતુલ પાવર હાઉસ પાસે પૂરઝડપે આવી રહેલા ડમ્પર ચાલાકે પાછળથી એકટીવાને ટક્કર મારતા એકટીવા મોપેડ પર સવાર અનિતાબેન દેવેન્દ્ર ભંડારી હાઈવે રોડ ઉપર પટકાતા ડમ્પરનું ટાયર તેના માથા પરથી ફરી વળતા મહિલાનું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે મોપેટ ચાલક પતિ દેવેન્દ્રભાઈ ભંડારીનો ચમત્કારિક બચાવ થયો હતો. અકસ્માતની ઘટના બાદ અકસ્માત કરનાર ડમ્પર ચાલક પોતાનું ડમ્પર લઈ ભાગી છૂટ્યો હતો. અકસ્માતની ઘટનાની જાણ થતા તાત્કાલિક વલસાડ રૂરલ પોલીસ ટ્રાફિક પોલીસ દોડી ગઈ હતી અને એમ્બ્યુલન્સ બોલાવી મૃતદેહને વલસાડ સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવી હતી. મરણ જનાર વલસાડના છીપવાડ શુભમ સોસાયટીમાં રહેતા અનિતાબેન અને દેવેન્દ્રભાઈ ભંડારી હોવાનું જાણ થતાં સોસાયટીના રહીશો અને સ્થાનિક લોકો દોડી ગયા હતાં. અકસ્માત કરી ભાગી છુટેલા ડમ્પર ચાલાક અને એક જાગૃત નાગરિકે ગણતરીના કલાકોમાં ઝડપી પાડવામાં સફળતા મળી હતી. જોકે રસ્તા પરથી પસાર થતા વિમલભાઈ નામના રાહદારીએ અકસ્માત જોઈ ગભરાઈ ગયા અને તેમણે બગવાડા ટોલનાકા પર કામ કરતા તેના મિત્ર શૈલેષ પટેલને જાણ કરી હતી. શૈલેષ પટેલે જે અંગે પારડી પોલીસ મથકના પીઆઈ જી.આર. ગઢવીને જાણ કરતાં તેમણે તાત્કાલિક વલસાડ રૂરલ અને ડુંગરી પોલીસ મથકને જાણ કરતા ભાગી છુટેલા ડમ્પર ચાલકને ઝડપી પાડ્યો હતો. અકસ્માત સર્જી ભાગેલા ડમ્પરને શોધી ઝડપી પાડવામાં આવ્યું હતું. અકસ્માતની ઘટના અંગે વલસાડ રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## વાપીમાં સ્થાપિત દોઢ દિવસની શ્રીજીની પ્રતિમાનું વિસર્જન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૮ :** આજે વાપી પંથકમાં દોઢ દિવસની સ્થાપિત શ્રીજીની પ્રતિમાનું વાજતે ગાજતે અને ભારે હર્ષઉલ્લાસ સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ છેલ્લા કેટલાક દિવસોથી ગણેશ ઉત્સવની તૈયારીઓ શરૂ કરવામાં આવી હતી અને વિવિધ મંડળ તેમજ ભક્તો દ્વારા પોતાના ઘરે સ્થાપિત શ્રીજીની પ્રતિમાઓની ગઈકાલે સ્થાપના કર્યા બાદ આજે કેટલાક દોઢ દિવસના સ્થાપિત શ્રીજીની પ્રતિમાનું આજે વિસર્જન કરવામાં આવ્યું હતું જેમાં વાપી ટાઉન પંથકના અને અન્ય ગામડાઓમાં ભારે ધામધૂમ અને ડીજેના તાલે ગુલાલ ઉડાડી ગણપતિ બાપ્પા મોરિયાના નાદ સાથે ભક્તો ઝુમી ઉઠ્યા હતાં અને દમણગંગા નદીમાં શ્રીજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જ્યાં વહીવટી તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત તેમજ ફાયર બ્રિગેડની ટીમ સાથે લાઈટની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

## ખારેલથી દારૂ ભરેલ ટેમ્પા સાથે બે ઝડપાયા : એક વોન્ટેડ

**ગણદેવી, તા.૮ :** ગણદેવી પોલીસે પેટ્રોલીંગ દરમ્યાન હાઈવે નં.૪૮ ખારેલ ઓવરબ્રિજનાં દક્ષિણ છેડે મુંબઈથી સુરત જતા ટ્રેક ઉપર શનિવાર મળસ્કે ૩:૩૦ કલાકે બાતમી આધારે વોચ ગોઠવી હતી. દરમ્યાન બાતમીવાળો મહિન્દ્રા જીટો પલ્સ ટેમ્પો નં. જીજે ૨૧ વાય ૨૪૬૭ને રોકી તલાશી લીધી હતી. જે વેળા ટેમ્પોના બોનેટનાં ભાગે અને ચાલક કલીનર શીટ નીચે ચોરખાનામાંથી રૂા.૪૩,૨૦૦ની વિદેશી દારૂની નાની મોટી બોટલ નં.૨૮૮, ટેમ્પો રૂા.૨ લાખ, મોબાઈલ નં.૨ રૂા. ૬ હજાર મળી કુલ રૂા. ૨,૪૯,૨૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. ટેમ્પો ચાલક લાલુ ધુળા બારૈયા (૨૮) રહે. રવીપાર્ક નાના વરાછા, સુરત અને વિનુ આઠીયા નાયકા (૩૪) રહે.દીનદયાળ નગર કાપોદ્રા, મૂળ રહે. માણકાગામ, છોટાઉદેપુરની ધરપકડ કરી હતી. અને ખેપ ભરી આપનાર શુભમ રહે. સેલવાસને વોન્ટેડ જાહેર કર્યો હતો. ગણદેવી પીએસઆઇ ડીએમ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## વાપીમાં પર્યુષણ પર્વની પૂર્ણાહુતિ બાદ ભગવાનનો વરઘોડો નિકળ્યો

### તપસ્વીઓ ભવ્ય સામૈયામાં સજ્જ થઈ વરઘોડામાં જોડાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૮ :** પર્વાધિરાજ પર્યુષણ પર્વની ખૂબ જ ભાવપૂર્વક પૂર્ણાહુતિ થયા બાદ આજે વાપી શહેરના સંઘોમાં વિવિધ તપના તપસ્વીઓના પારણાના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. વાપી શહેરમાં પૂજય ગુરૂભગવંતોની નિશ્રામાં ભગવાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. પર્યુષણ મહાપર્વની પૂર્ણાહુતિ બાદ આજે વાપી શહેરના જૈન સંઘોમાં અઠ્ઠાઈ સહિતના વિવિધ તપની આરાધના કરનારા તપસ્વીઓના સામૂહિક પરણાનો કાર્યક્રમ યોજાયો હતો. વાપી શહેરમાં અઠ્ઠાઈ, નવ ઉપવાસ, સિધ્ધીતપ સહિત વિવિધ તપ આરાધના કરાઈ હતી. પૂ.ગુરૂભગવંતની નિશ્રામાં વાપીના જાહેર માર્ગો ઉપરથી સંગીતના સથવારે નીકળેલા ભગવાનના ભવ્ય વરઘોડામાં સેંકડો જૈનો જોડાયા હતાં. વાપીના મુખ્ય માર્ગ ઉપરથી નીકળેલા આ વરઘોડોમાં પર્વ દરમ્યાન વિવિધ તપની આરાધના કરનારા તપસ્વીઓ સુંદર સામૈયામાં સજ્જ થઈ જોડાયા હતાં. જયતિ શાસનમ્, તપસ્વી અમર રહો, અને ગુરુજી અમારો અંતરનાદના ગુંજનાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

## બીલીમોરામાં પર્યૂષણ બાદ શોભાયાત્રા નિકળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૮ :** બીલીમોરા શાંતિનાથ ભગવાન જૈન દેરાસરમાં આ વર્ષે પર્વાધિરાજ પર્યુષણ પર્વની સુંદર આરાધના યાદગાર બની છે. પ.પૂ.સાધ્વીજી મ.સા.ની નિશ્રામાં સકલ સંઘમાં અષ્ટાનિહકા વ્યાખ્યાન કલ્પસૂત્રનાં વ્યાખ્યાન, બારસાસુત્ર વાંચન મધુર શૈલીમાં આનંદોલ્લાસ પૂર્વકની સાથે સાથે નયનરમ્ય વિવિધ આંગી ભાવના, પ્રભાવના, ૮ ઉપવાસ, ૯ ઉપવાસ આદિ આરાધના દ્વારા સ્વામી વાત્સલ્ય રથયાત્રા દ્વારા સંઘમાં આનંદમંગલ પ્રવત્યો હતો. આ રથયાત્રામાં પ્રભુજીનો રથ શ્રી સંઘના યુવાનો દ્વારા ખેંચવામાં આવ્યો હતો. શહેરનાં રાજમાર્ગો ઉપર ભક્તિ સંગીતસભર શોભયાત્રાએ આકર્ષણ જમાવ્યું હતું.

## ડહેલીનાં એકતા નગરમાંથી પાણીના સેમ્પલો લીધા


### ડહેલી એકતા પાર્કનું ખાળ કૂવાનું જમીનમાં પચેલું પાણી પીવા મજબૂર બન્યા મુસ્કાન પાર્કના ફ્લેટ ધારકો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૦૮ :** ઉમરગામ તાલુકાના ડહેલી વિસ્તારમાં આવેલ એકતા નગરના મુસ્કાન પાર્ક સોસાયટીના ફ્લેટ ધારકો ખૂબ જ મુશ્કેલીમાં મુકાઈ જઈ, હાલે ચોમાસાની ઋતુમાં ખાળ કુવાનું દુર્ગંધ અને પ્રદૂષિતયુક્ત પાણી પીવા મજબૂર બન્યા હોવાની ઘટના સામે આવી છે. વર્ષો પહેલા નિર્માણ પામેલ એકતા નગરમાં મુસ્કાન પાર્ક બન્યા બાદ છેલ્લા ચાર-પાંચ વર્ષ પહેલા તે જ બિલ્ડીંગની બાજુમાં એકતા પાર્ક સોસાયટીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જે બાદ છેલ્લા બે વર્ષથી એકતા પાર્કના ખાળ કુવાનું પાણી ઉભરાતા તે પ્રદૂષિત અને દુર્ગંધિત યુક્ત પાણી જાહેર માર્ગ ઉપર ફેલાઈ જવા પામ્યું હતું. આવતા-જતા લોકોને અને ત્યાંના સ્થાનિકોને ઉપરોક્ત ઘટનાને લઈ વારંવાર હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જેની ફરિયાદ ડહેલી ગ્રામ પંચાયત સહિત સંબંધિત અધિકારીઓને લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. જેને લઈ સમસ્યાનું નિરાકરણ કરવા અર્થે એકતા પાર્ક સોસાયટીના જમીન વિસ્તારમાં જ એક મોટો ખાડો ખોદી એ તમામે તમામ ઉભરાયેલું ખાળ કુવાનું પાણી એ ખાડામાં નાંખવામાં આવતું હતું. જેથી આજુબાજુમાં એકતા પાર્ક સોસાયટીની જમીનમાં જ ત્રણેક જેટલા બોરિંગો ખોદી લગાવવામાં આવ્યા હતાં. જેને લઈ હાલે આ વર્ષના વર્ષાઋતુ દરમિયાન ખાળ કુવા મિશ્રણવાળુ પાણી ખાડામાંથી પાણી ઉભરાઈ તે બોરિંગોમાં જવા પામ્યું હતું. જેથી એકતા નગરના મુસ્કાન પાર્ક સોસાયટીના બોરિંગોને અસર પહોંચતા પાણી દુર્ગંધ અને પ્રદૂષિત યુક્ત બનતા ફ્લેટ ધારકો ખૂબ મુશ્કેલીમાં મુકાય પામ્યા છે. શુદ્ધ પાણી પીવા માટે વલખા મારી રહ્યા છે. ત્યારે વપરાશ માટે આ જ પાણીનો ઉપયોગ કરવાથી ચામડીના રોગો સહિત અન્ય રોગોનો ભોગ બનવાની ભીતી સેવાઈ રહી છે. સાથે મોટો રોગચાળો આ વિસ્તારમાં ફાટી નીકળે એવી દહેશત ઉભી થઈ છે. વરસાદની ઋતુ શરૂ થાય એ પહેલા ફ્લેટ ધારકોએ એકતા પાર્ક સોસાયટીના સંચાલક વિપુલ મંગેને મૌખિક જાણકારી આપી ઉપરોક્ત ખાડાને ખાળ કુવો બનાવી પરિવર્તિત કરે એવી માંગ કરવામાં આવી હતી. છેલ્લા બે મહિનાથી સંચાલક વિપુલ મંગેના સંપર્કમાં સતત રહી ઉપરોક્ત ઉદ્ભવેલી પરિસ્થિતિમાંથી છુટકારો અપાવવા વિનંતી કરવામાં આવી હતી. તેમ છતાં પણ એકતા પાર્કના સંચાલકે આંખ આડા કાન કરતાં મુસ્કાન પાર્ક સોસાયટીના ફ્લેટ ધારકો હાલે દુર્ગંધ અને પ્રદૂષિત યુક્ત પાણી પીવા મજબૂર બનતા સંબંધિત આરોગ્ય વિભાગના અધિકારીઓને જાણ કરતા તેઓએ તાત્કાલિક શુક્રવારના રોજ અધિકારીઓની ટીમ ઘટના સ્થળે પહોંચી બોરિંગના પાણીના સેમ્પલો લીધા હતાં.

## સેલવાસ શહેરી વિસ્તારમાં સાંજે ટ્રાફિક સમસ્યા વધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ,તા.૦૮ :** સેલવાસના શહેરી વિસ્તારમાં સાંજના સમયે ટ્રાફિક સમસ્યા વધી ગઈ છે. સેલવાસ શહેરની ફરતેથી પાસ થતા રિંગ રોડ ખરાબ થતા વાહન ચાલકો સેલવાસ શહેરના મુખ્ય માર્ગનો ઉપયોગ કરી રહ્યા છે. વધુમાં સાંજના સમયે વિવિધ કંપનીઓના કામદારોને લેવા મુકવા આવતી બસોની સંખ્યા પણ ખૂબ જ વધુ છે. જે સેલવાસના શહેરી વિસ્તાર જેવા કે આમલી ફુવારા, કિલવણી નાકા વિસ્તરમાંથી પસાર થાય છે જેના કારણે સાંજના સમયે ટ્રાફિકની સમસ્યા વધી જતી હોય છે. વધુમાં હાલ રિંગ રોડના રસ્તા પણ ખખડધજ થઈ જતા ભારે વાહનો પણ સેલવાસ શહેરમાંથી પસાર થઈ રહ્યા છે. જેથી ટ્રાફિક વધુ વકરી રહ્યો છે. રિંગ રોડ પરથી ભારે વાહનોનું સીધા સેલવાસ શહેરમાં પ્રવેશ માટેનું એક કારણ દિશા સૂચક નિર્દેશનોનો અભાવ પણ હોવાનું બહાર આવી રહ્યું છે. જેના કારણે રિંગ રોડનો ઉપયોગ કરવાના બદલે ભારે વાહનો સીધા સેલવાસ શહેરમાં પ્રવેશ કરી લે છે.

વધુમાં સેલવાસ શહેરના મુખ્ય માર્ગ ઉપર ભારે વાહનો આડેધડ પાર્ક કરાઈ રહ્યા છે જે પણ ટ્રાફિક માટે સમસ્યા ઉભી કરે છે.

આ મામલામાં દાનહ આરટીઓ અને દાનહ ટ્રાફિક વિભાગ દ્વારા ધ્યાન આપવા જેવું છે. સેલવાસ શહેરમાં ભારે વાહનોની પ્રવેશબંધી કરવી અથવા તો ટ્રાફિકના કલાકોમાં ભારે વાહનોની પ્રવેશબંધી કરવી જરૂરી બની છે. દાનહ આરટીઓ અને ટ્રાફિક વિભાગ દ્વારા ભારે કંપનીઓની બસો, ભારે વાહન જેવા કે ટ્રક વગેરેના શહેરમાં પ્રવેશ માટેના નિયમ બનાવી એનું પાલન કરવામાં આવે એ જરૂરી બન્યું છે, નહીં તો આવનારા સમયમાં સેલવાસ શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધુ વકરે એની સંભાવના છે.

## સુબિરના બુરથડી ચેકડેમ પરથી તળાયેલા આધેડનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૦૮ :** ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાના શિંગાણા જામન્યામાળ ગામનાં રહીશ અવસ્યાભાઈ શુકર્યાભાઈ પવાર (ઉ.વ.૫૬) જેઓ આજરોજ બુરથડી ગામનાં ચેકડેમને ઓળગવા જતા તેનો ચેકડેમ પરથી પગ લપસી જતા નીચે પડી પાણીનાં પ્રવાહમાં તણાઈ ગયા હતાં. જેની જાણ સુબિર તાલુકા વિકાસ અધિકારી એમ.બી. હાથીવાલા સહીત પોલીસની ટીમને થતા ઘટના સ્થળે દોડી ગયા હતાં અને વહીવટી તંત્રની ટીમ તથા ગ્રામજનો દ્વારા તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ત્યારે મોડી સાંજે તણાઈ ગયેલ આધેડની લાશ મળી આવી હતી. હાલમાં આ મોતને લઈને સુબીર પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.તેમજ લાશને પીએમ માટે નજીકના દવાખાને મોકલી આપવામાં આવેલ છે.

## ખાનવેલ રૂદાનામાં માર્ગ પરથી દારૂ ભરેલ ટેમ્પો ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૦૮ :** દાનહ એક્સાઈઝ વિભાગે ગેરકાયદેસર દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ૭ સપ્ટેમ્બર સાંજે ૦૫:૩૦ વાગ્યે અક્સાઈઝ અધિકારીને ગુપ્ત માહિતી મળી હતી કે ખાનવેલથી ગેરકાયદેસર દારૂ મહારાષ્ટ્ર લઈ જવામાં આવી રહ્યો છે. અક્સાઈઝ વિભાગની ટીમ તરત જ ખાનવેલ જવા રવાના થઈ હતી અને ખાનવેલ રૂદાના રોડ પર એક મહિન્દ્રા પીક અપ એમએચ ૦૫ બીએચ ૫૯૬૭ને રોકીને તપાસ કરતા શાકભાજીની કેરેટની આડમાં દારૂ મળી આવ્યો હતો. આ તપાસમાં અક્સાઈઝ વિભાગે કુલ ૪૪૬૪ દારૂની બોટલો કબજે કરી છે. જેની કુલ કિંમત ૩,૮૦,૬૪૦ જેટલી થવા જઈ હતી. આ ક્રમમાં અક્સાઈઝ વિભાગે દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ એક્સાઈઝ એક્ટ ૧૯૬૪ અને ફીના નિયમો ૨૦૨૦ હેઠળ કેસ નોંધાવ્યો છે અને આગળની કાર્યવાહી ચાલી રહી છે. નોંધપાત્ર રીતે છેલ્લા ૪૫ દિવસમાં દાનહ આબકારી વિભાગે ૮ કેસની અંદર કુલ ૧૨,૧૯૮ બોટલ કબજે કરી છે, જેની કુલ કિંમત ૧૭,૧૧,૮૭૬ થવા જઈ રહી છે.

## લાયન્સ ક્લબ ઓફ વાપી ઉદ્યોગ નગરનો ૫૦મો સ્થાપના દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૮ :** લાયન્સ ક્લબ ઓફ વાપી ઉદ્યોગ નગરની સ્થાપના વર્ષ ૧૯૭૪ના રોજ થઈ હતી. ૫૦ વર્ષ પૂર્ણ થયા એટલે કે સુવર્ણ જયંતિ ચાલે છે. સૌ લાયન્સ સભ્યો માટે આનંદ અને ગૌરવની વાત છે. પ્રમુખ પ્રવિણાબેન શાહે જણાવ્યું કે, સ્થાપના થઈ તે દિવસથી લઈને આજ સુધી સેવાના અદભુત કાર્યો અવિરતપણે ચાલી રહ્યા છે. લાયન્સ ઉપાસના સ્કૂલ, લાયન્સ બ્લડ બેન્ક, લાયન્સ આઈ હોસ્પિટલ, કોમ્યુનિટી હોલ જેવા માતબર કાયમી પ્રોજેક્ટનું સફળ સંચાલન લાયન્સ ક્લબ ઓફ વાપી ઉદ્યોગ નગર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા થઈ રહ્યું છે.

ચાર્ટર સભ્યો પ્રવીણભાઈ પારેખ અને ભક્તિભાઈ શાહનું સન્માન કરવામાં આવ્યું. ક્લબના સ્થાપના દિન નિમિત્તે તેમના હાથે કેક કાપી કરવામાં આવી. ત્યારબાદ દેશના સર્વોત્તમ કેળવણીકાર ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિનની યાદમાં શિક્ષક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય તેમજ પાંચ શિક્ષકોનું વિશિષ્ટ સન્માન ક્લબ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાના આચાર્ય હરિકેશ શર્મા, ૯૦ જેટલા શિક્ષકો, તમામ સ્ટાફનું સન્માન લા. ડો. અજયભાઈ આચાર્ય અને તેમના પરિજનો દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત ક્લબના તમામ સભ્યોએ પણ સન્માન કરવામા સાથ આપ્યો હતો. જીઆઈડીસી ગુજરાતી પ્રાથમિક શાળાના નિવૃત્ત શિક્ષક જંખનાબેન જાનીનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મધુર મેલડી ગીતો, નયનરમ્ય ઘુમર ડાન્સ, શિક્ષકો અને પ્રાઈમરી ક્લાસના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર પ્રસ્તુતિએ સૌના મન મોહી લીધા હતાં. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને તેમજ શિક્ષકોને મોમેન્ટોથી નવાજવામાં આવ્યા હતાં. ક્લબના સભ્યો, શિક્ષકો, સ્ટાફ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્નેહલબેન કામલે અને નીરેન પટેલે કર્યું.

### નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા

## વાપી પંથકમાં સ્થાપિત શ્રીજીના દર્શન અને આરતી ઉતારાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૮ :** વાપી વિસ્તારનાં વિવિધ ગણપતિ મંડળ દ્વારા સ્થાપિત શ્રીજીની આજે ગુજરાત સરકારનાં કેબીનેટ મંત્રી અને સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈ દ્વારા ગણપતિ બાપ્પાના દર્શન કરી આરતી ઉતારી હતી અને વાપી પંથકના ગણપતિ મહોત્સવનું આયોજન કરનાર મંડળ અને સમિતિના સભ્યો સાથે મુલાકાત કરી શુભેચ્છા પાઠવી જેમાં વાપીના ભડકમોરા ખાતે આવેલ શીવસેના કાર્યાલયની શ્રીજીની સ્થાપના મંડપ, ચલાના શિવાલીક હાઈટસ, વાપી ચલા કચીગામ રોડ ઉપર આવેલ ડો. બી.ડી. પટેલ, દર્પણભાઈ દેસાઈ, મેહુલભાઈ પટેલના નિવાસસ્થાને ગણેશજીના દર્શન કરી અને પરિવારજનો સાથે પણ મુલાકાત કરી હતી. આ પ્રસંગે વાપી શહેર ભાજપ સંગઠનના અને વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી નગરપાલિકાના સભ્યો અને સરદાર ભિલાડવાલા બેંકના ડિરેક્ટર મિતેશભાઈ દેસાઈ અને હેમંતભાઈ પટેલ અને અન્ય અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**